

اَلْمِصْبَاحُ


لِبَرَكَاتِ الْأَدْعِيَّةِ الْمُفِيْدَة

بإجازة

سيدنا و مولانا طيب ضياء الدين صاحب ط ع ش

١٤٢٥ھ

فقط جماعة علوية نا مؤمنين واسطے مخصوص



મર્હુમ અલ્હાજ રજબઅલી શરફઅલી ચશ્માવાલાની
રહના સવાબ વાસ્તે.

જન્નતનશીન તારીખ : ૧ રમઝાન હી.સ. ૧૪૦૦


હજાણી આતેકાબેન અલ્હાજ રજબઅલી ચશ્માવાલા
તરફથી હદીયો.

દાઅવતે હાદીય્યાહના કુતુબખાનામાં મૌજુદ અને મેહકુમ દુઆતે અમજદીન (ક.અ.) ના ખત મુબારક

بسم الله الرحمن الرحيم

હુજુરેઆલી સૈયદના વ મૌલાના તૈયબ ઝીયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.)

૨૬ માં દાઇ
સૈયદના દાઉદજી બુરહાનુદ્દીન
બીન અજબશાહ (ક.રૂ.)
ના શાગીર્દ
(૯૭૫-૯૯૯ હી.)






૨૭ માં દાઇ
સૈયદના દાઉદજી બુરહાનુદ્દીન
બીન કુતુબશાહ (ક.રૂ.)
ના શાગીર્દ
(૯૯૯-૧૦૨૧ હી.)

૨૯ માં દાઇ

સૈયદના અલી શમ્સુદ્દીન

બીન ઇબ્રાહીમ (ક.૩.) ના શાગીર્દ

(૧૦૩૦-૧૦૪૬ હી.)




૩૧ માં દાઇ

સૈયદના હસન બદરૂદ્દીન

બીન વલી (ક.૩.)

(૧૦૪૭-૧૦૯૦ હી.)




૩૨ માં દાઇ

સૈયદના જીવાભાઇ ઝીયાઉદ્દીન

બીન નુહજી (ક.૩.)

(૧૦૯૦-૧૧૩૦ હી.)




૩૩ માં દાઇ


સૈયદના હેબતુલ્લાહ મોઅય્યદુદ્દીન

બીન સૈયદના ઝીયાઉદ્દીન (ક.૩.)

(૧૧૩૦-૧૧૫૧ હી.)



૩૪ માં દાઇ
સૈયદના જલાલ શેહાબુદ્દીન
બીન નુહજી (ક.૩.)
(૧૧૫૧-૧૧૫૮ હી.)




૩૫ માં દાઇ
સૈયદના નુરભાઇ નુરૂદ્દીન
બીન શેખઅલી (ક.૩.)
(૧૧૫૮-૧૧૭૮ હી.)




૩૬ માં દાઇ
સૈયદના શમ્સુદ્દીન હમીદુદ્દીન
બીન સૈયદના હેબતુલ્લાહ (ક.૩.)
(૧૧૭૮-૧૧૮૯ હી.)



ભાઇસાહેબ નજમુદ્દીન
બીન સૈયદના હેબતુલ્લાહ (૨.અ.)




૩૭ માં દાઇ
સૈયદના શેખઅલી શમ્સુદ્દીન
બીન સૈયદના શમ્સુદ્દીન (ક.૩.)
(૧૧૮૯-૧૨૪૮ હી.)




૩૮ માં દાઇ
સૈયદના શમ્સુદ્દીન હમીદુદ્દીન
બીન સૈયદના શેખઅલી (ક.૩.)
(૧૨૪૮-૧૨૫૨ હી.)




૩૯ માં દાઇ
સૈયદના નજમુદ્દીન મુફીદુદ્દીન
બીન સૈયદના શેખઅલી (ક.૩.)
(૧૨૫૨-૧૨૮૨ હી.)




૪૦ માં દાઇ
સૈયદના અમીરૂદ્દીન અમીનુદ્દીન
બીન સૈયદના નજમુદ્દીન (ક.૩.)
(૧૨૮૨-૧૨૯૬ હી.)




૪૧ માં દાઇ
સૈયદના ફખરૂદ્દીન જીવાભાઇ
બીન સૈયદના અમીરૂદ્દીન (ક.રૂ.)
(૧૨૯૬-૧૩૪૭ હી.)




૪૨ માં દાઇ
સૈયદના બદરૂદ્દીન ફીદાઅલી બીન સૈયદના ફખરૂદ્દીન (ક.રૂ.)
(૧૩૪૭-૧૩૭૭ હી.)




૪૩ માં દાઇ
સૈયદના નુરૂદ્દીન યુસુફ
બીન સૈયદના બદરૂદ્દીન (ક.રૂ.)
(૧૩૭૭-૧૩૯૪ હી.)







મુકાસરૂદ્દાઅવત
ભાઇસાહેબ નઝરઅલી
બીન સૈયદના બદરૂદ્દીન (ર.અ.)

માઝુનુદ્દાઅવત સૈયદી હાતીમ ઝકીયુદ્દીન સાહબ (દા.ઝી.)



રાસુલહુદુદ ભાઇસાહેબ મોહંમદ નુરૂદ્દીન (ઝા.ઇ.)





અલ-મિસ્બાહ

મુકદ્દમા

અલ્લાહતઆલાનું હમારે પર બે-ઇન્તેહા એહસાન છે અને હમેં તેના તહે-દીલથી મશકૂર છે કે તેએ હમને ઇલ્મ અને હીકમતની નેઅમત એહલે બૈત (અ.સ.) ના ઝરીએ બખ્શી છે અને આ નેઅમતના સબબ હમે એવા પાકો-સાફ મઝહબના તાબેઇન થયા છે જે મઝહબ નજાત અને જન્નત તરફ જાવાનો અફઝલતરીન રસ્તો છે. કુરઆને કરીમ આ નેઅમતે ઉઝમાનો સરચશ્મો છે જે કુરઆનના કરીન અને નાતીક એહલે બૈત (અ.સ.) છે. એહલે બૈત (અ.સ.) અને કુરઆન આ બેવે એહલે ઇમાન વાસ્તે અઝીમ દૌલત છે, અને આ દૌલત રૂહાની છે જેનો ફૈઝ કયામતના દિન આશકાર થાશે.

કુરઆને કરીમ અલ્લાહતઆલાના કલામે પાક છે અને બીજી ઝબાનમાં એક અફઝલ દુઆ છે. આ દુઆના અસરાર અને ભેદને એહલે બૈત (અ.સ.) એ તફસીરો તાવીલના સાંચામાં ઢાલીને અઇમ્મતે તાહેરીન (અ.સ.) ના ઝરીએ હમારે તક પહોંચાવેલા છે. દુઆ મુમીનનું હથીયાર છે અને ઇબાદતનો એક હીસ્સો છે. હમેં હરરોઝ જે જે દુઆઓ પઢીએ છીએ પછી તે પાકી અને તહારતની હોય યા નમાઝની તસ્બીહ હોય યા નમાઝ બાદ પઢાતી દુઆ હોય યા બીજા ફાઝીલ અય્યામની દુઆ હોય, હમારા અઇમ્મતે તાહેરીન (અ.સ.)એ એ મુજબ તરતીબ આપી છે કે જેથી તેમાં કુરઆને કરીમની આયતો અને તેના અલ્ફાઝ શામીલ છે. જો કોઇ મુમીન આ દુઆઓ પઢી લે તો તે બીજા કલામનો મોહતાજ નથી થાતો સબબ કે તૌબા, મગફેરત, જન્નત તલબી, જહન્નમથી આઝાદી, હસનત, સવાબ, નેક આઅમાલ, આખેરત, કબર, વગેરાના મફહુમ તેમાં શામીલ છે.

હમણા તક દાઅવતે હાદીય્યાહના "મરકઝે તરબીય્યતે મુમેનીન" ના ઝેરે એહતેમામ મદ્રસાના બચ્ચાઓ અને આમ મુમેનીન વાસ્તે અરબી યા ગુજરાતી ઝબાનમાં વુઝુ, પાકી, નમાઝ, દુઆઓ, વગેરા ઘણા સહીફા અને હફતીઓ શાએ થઇ ચૂકી છે. હુઝુરેઆલી (ત.ઉ.શ.) નું ફરમાન થયું કે મુમેનીનના ઇલ્મી અને દીની ફૈઝ વાસ્તે એવી કીતાબ તરતીબ અપાય જેથી દુઆનો પઢનાર તેની માઅના અને મફહુમને સમઝી શકે અને વધારે યકીન અને જઝબાથી એ દુઆને પોતાની ઝબાનથી અદા કરી શકે. સાહબે દાઅવતના આ ફરમાન અને દીલી ઉમ્મીદની તાઅમીલ કરવામાં આવી અને એક એવી બેમીસાલ કીતાબની તરતીબ અને તશકીલ આપવામાં આવી જે આગલી તમામ નશરીય્યાત અને પબ્લીકેશનનો નીચોર અને અરક છે. ચંદ ખુસુસીય્યતના સબબ આ કીતાબનો મકામ બીજી દાઅવતની શાએશુદા કીતાબો કરતા અફઝલ અને મુમતાઝ છે. આ ખાસીય્યતનો મુખ્તસર ખાકો નીચે મુજબ છે :

૧) દાઅવતે હાદીચ્યાહના કુતુબખાનામાં મોજુદ દુઆતે અમજદીનના ખત્ત મુબારક.
૨) બેતુલ ખલા, વુઝુ, તહારત અને નમાઝની તમામ દુઆઓની અરબી ઝબાનમાં કીતાબત, ગુજરાતીમાં રૂપાંતર અને લેસાનુદ્દાઅવતમાં તેનો તરજુમો.
૩) તમામ નમાઝની તરતીબ અને ફોટોગ્રાફ સાથે મરદ-બેરોની નમાઝના અરકાન.
૪) ફજર, ઝોહર-અસર અને મગરીબ-ઇશાઇલ આખેરતની નમાઝની મુખ્તલીફ દુઆઓની તરતીબ.
૫) કબીસાની સમઝ અને ૧૪૦૧ થી ૧૫૦૦ હી. તક કબીસાની ગીન્તી.
૬) કયા-કયા અમલથી નમાઝ તૂટે છે યા તેમાં ખલલ પડે છે તેનું બયાન.
૭) પાંચે નમાઝના વકતોનું તફસીલથી બયાન અને તેનો ગ્રાફીકલ ખાકો.
૮) મુસાફીરની નમાઝનું બયાન. કોણ મેહરમદાર અને કોણ નહી તેની નકશા સાથે સમઝ.
૯) ગ્રહણના પૂરા સાલ પર કઇ તરહ તઅસ્સૂરાત થાય છે તેનું બયાન.

મુમેનીન આ મુફીદ કીતાબથી પૂરેપૂરો ફાયદો હાસીલ કરે, દુઆઓના માઅના અને મફ્હુમને દીલમાં ઉતારે અને જે વકત નમાઝ યા દુઆને પઢે તો દીલી જઝબાત અને વલવલા સાથે તેના અલફાઝને અદા કરે અને અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતની બારગાહમાં તઝરોં અને ખુશુઅના ઝેવરથી ઝીનતદાર થઇને તેને પેશ કરે. આ કીતાબ જમાઅતના તમામ તબકાના મુમેનીન વાસ્તે હોય, મુમેનીન પર વાજીબ છે કે આ કીતાબનો ગૌર કરીને મુતાલેઓ કરે, હર વકત પઢા કરે અને બની શકે તો નમાઝના મસલ્લામાં આ કીતાબને મેહફુઝ રાખે અને દુઆઓની બરકાતથી ફૈઝયાબ થાય.

બયાનો તેમજ દુઆઓના લેસાનુદ્દાઅવતના તરજુમાને ગુજરાતી ઝબાનમાં લખવામાં આવો છે જેથી લેસાનુદ્દાઅવત ન જાણનાર મુમેનીન-મુમેનાત આ કીતાબનો આસાનીથી મુતાલેઓ કરી શકે. મગર મુમેનીન પર વાજીબ છે કે જે દાઅવતના એ તાબેઇન અને માનનારા છે તેની ઝબાન પહેલા ખુદ શીખે અને બીજાને શીખાવે.

અલ્લાહતઆલા હમને હમારા રૂહાની વાલીદની હીદાયત-શફકત-મોહબ્બતના લાકીમત ગોહરથી માલામાલ કરે અને આપ મૌલાનો ઝીલ્લે ઝલીલ હમ હક્કના મુમેનીન પર કાઇમ-દાઇમ રાખે. આમીન.

અહકરૂલ એબાદ,
મમ્લૂકે સૈયદનલ મીન્આમ (ત.ઉ.શ.)
રાસુલહુદુદ ભાઇસાહેબ મોહંમદ નુરૂદ્દીન

૧૨મઝાન, ૧૪૨૫
૧૪, ઓકટોબર, ૨૦૦૪.

ફેહરીસ્ત

સી.નં.	મઝમૂન	પેજ નં.
૧	બાર મહીનાઓની તરતીબ	૧
૨	હરરોઝ પઢવાના અલ્લાહતઆલાના ઇસ્મેઆઅઝમ	૫
૩	પાકી ની ઝીક્ર	૬
૪	બેતુલ ખલા (સંડાસ) ની બાર અદબોનું બયાન	૯
૫	તહારતની ઝીક્ર	૧૨
૬	પાક અને નાપાક પાણીની ઝીક્ર	૧૩
૭	દાતન કરવાની ઝીક્ર	૧૪
૮	ઓખ્ખાઇ અને ખતાનતનું બયાન	૧૫
૯	વુઝુ નું બયાન	૧૭
૧૦	ફરઝ અને સુન્નતના ગુસ્લોની ઝીક્ર	૨૪
૧૧	મરદ અને બેરોના ગુસ્લોનું બયાન	૨૬
૧૨	બદન અને કપડાંની પાકીનું બયાન	૨૯
૧૩	મસ્જીદની ફઝીલતનું બયાન	૩૦
૧૪	મસ્જીદની અદબોનું બયાન	૩૧
૧૫	નમાઝના અરકાન અને તરતીબ	૩૩
૧૬	નમાઝના વકતોનું બયાન	૪૨
૧૭	નમાઝ તૂટવાનું અને તેમાં ખલલનું બયાન	૪૬
૧૮	નમાઝની નીય્યત અને દુઆઓ	૪૭
૧૯	ઝોહર અને અસરની નમાઝનું બયાન	૬૧
૨૦	મગરીબ અને ઇશાઇલ આખેરતની નમાઝનું બયાન	૬૫
૨૧	ફજરની નમાઝનું બયાન	૬૬
૨૨	જુમ્આના દિનની મખ્સૂસ દુઆઓ અને તસ્બીહુલ આઅઝમની નમાઝ	૮૬
૨૩	મુસાફીરની નમાઝનું બયાન	૧૦૨
૨૪	કબીસાનું બયાન	૧૦૬
૨૫	ગ્રહણના તઅસ્સૂરાતનું બયાન	૧૦૮
૨૬	સુન્નતે નિકાહ - આદાબે ઝેફાફ	૧૦૯
૨૭	ઇદ્દતની ઝીક્ર	૧૧૫

બાર મહિનાઓની તરબીહ

(૧) મોહર્રમુલ હરામ

إِنَّمَا أَشْكُوْا بَثِّيْ وَحُزْنِيْ إِلَى اللّٰهِ وَأَعْلَمُ
مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ

ઇન્નમા અશ્કુ બસ્સી વ હુઝની ઇલલ્લાહ વ આઅલમો મીનલ્લાહે માલા તાઅલમુન

હું મારી પરેશાની અને દુ:ખની શિકાયત અલ્લાહથી જ કરૂં છું અને અલ્લાહ તરફથી જે કઇ જાણુ છું તે તમે જાણતા નથી.

(૨) સફરૂલ મુઝફ્ફર

رَبَّنَا ظَلَمْنَا أَنْفُسَنَا وَإِنْ لَّمْ تَغْفِرْ
لَنَا وَتَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخَاسِرِيْنَ

રબ્બના ઝલમના અનફોસના વ ઇનલમ તગફીરલના વ તરહમના લ નકુનન્ના મીનલ ખાસેરીન.

અય હમારા પરવરદીગાર હમેં હમારા પોતાના ઉપર ઝુલ્મ કર્યા છે. અને જો તું હમને મઆફ નહિ કરે અને હમારા ઉપર દયા નહિ કરે, તો ઝરૂર હમેં હાની ભોગવનારાઓ માંથી થઇ જઇશું.

(૩) રબીઉલ અવ્વલ

رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ إِذْ هَدَيْتَنَا
وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً إِنَّكَ
أَنْتَ الْوَهَّابُ

રબ્બના લાતોઝીગ કુલુબના બાઅદા ઇઝ હદૈતના વ હબલના મીલ લદુન્કા રહમતન ઇન્નકા અન્તલ વહ્હાબ.

અય હમારા પરવરદીગાર હમને સીધા રસ્તે ચલાવ્યા પછી હમારા દિલોને ખોટા રસ્તે ચલાવીશ નહિ, અને તારી પાસેથી હમને રહમ બખ્શજે, સબબ કે તું જ આપનારો છે.

(૪) રબીઉલ આખીર

فَسَيَكْفِيكَهُمُ اللّٰهُ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ

ફસયકફી કહોમુલ્લાહો વ હોવસ સમીઉલ અલીમ.

પછી ખુદા તમને હર કામમાં કીફાયત કરી આપશે અને તેજ ખુદા સાંભલનાર અને જાણનાર છે.

(૫) જુમાદીલ અવ્વલ

فَاسْتَغْفَرَ رَبَّهُ وَخَرَّ رَاكِعًا وَّأَنَابَ ۩

ફસતગફરા રબ્બહુ વ ખરરા રાકેઅવ વ અનાબ.

તેને પોતાના પરવરદીગારની મઆફી માંગી અને તે સજદામાં પડી જઇને (અલ્લાહની તરફ) કરગરવા લાગો.

(૬) જુમાદીલ આખીર

نَجِّنِي هٰذَا مِنْ عَمَلِ الشَّيْطَانِ

નજ્જેની હાઝા મિન અમલીશ શૈતાન.

અય પરવરદીગાર મને શૈતાનના અમલથી નજાત આપ.

(૭) રજબુલ અસબ

أَسْتَغْفِرُ اللّٰهَ ذَا الْجَلَالِ وَالْإِكْرَامِ
مِنْ جَمِيعِ الذُّنُوبِ وَالْآثَامِ

અસ્તગફેરૂલ્લાહ ઝલ જલાલે વલ ઇકરામ મિન જમીઇઝ ઝુનુબે વલ આસામ.

હું જલાલવાલા અને માનવાલા ખુદા પાસે તમામ ગુનાહો અને ખતાઓથી મગફેરત માંગુ છું.

(૮) શાબાનુલ કરીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ وَسَلَّمْتَ عَلٰى
اِبْرَاهِيْمَ وَعَلٰى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ

حَمِيْدٌ مَّجِيْدٌ ۩

અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહમ્મદીન વ અલા આલે મોહમ્મદીન કમા સલ્લેતા વ સલ્લમતા અલા ઇબાહીમા વ અલા આલે ઇબાહીમા ઇન્નકા હમીદુમ મજીદ.

અય પરવરદીગાર સલવાતો સલામ બોલજો તમે મોહમ્મદ (સ.અ.વ.વ.) અને આપની આલ ઉપર, જેમ તમે ઇબ્રાહીમ અને તેની ઔલાદ ઉપર સલવાત બોલી છે. બેશક તમે જ વખાણ અને બુઝુરગીવાલા છો.

(૯) રમઝાનુલ મોઅઝ્ઝમ

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ اَسْتَغْفِرُ اللّٰهَ اَللّٰهُمَّ
اِنِّيْ اَسْئَلُكَ الْجَنَّةَ وَاَعُوْذُ بِكَ
مِنَ النَّارِ

લા ઇલાહા ઇલ્લલ્લાહ અસ્તગફેરૂલ્લાહ અલ્લાહુમ્મા ઇન્ની અસઅલોકલ જન્નતા વ અઉઝો બેકા મીનન્નાર.

અલ્લાહ સિવાય બીજું કોઇ ઇબાદતને લાયક નથી, હું અલ્લાહ પાસે જ મગફેરત માંગું છું. અય પરવરદીગાર હું તારી પાસે જન્નતનો સવાલ કરૂં છું અને જહન્નમથી તારી પનાહ માંગુ છું.

(૧૦) શબ્બાલુલ મુકર્રમ

لَآ اِلٰهَ اِلَّا اَنْتَ سُبْحٰنَكَ اِنِّيْ كُنْتُ
مِنَ الظّٰلِمِيْنَ ۩

લા ઇલાહા ઇલ્લા અન્તા સુબ્હાનકા ઇન્ની કુન્તો મીનઝ ઝાલેમીન.

(અય અલ્લાહ) તારા સિવાય કોઇ ખુદા નથી. તું પાક છે. હું ઝુલ્મ કરનારાઓ માંથી હતો.

(૧૧) ઝીલકાદલ હરામ

اِنَّ اللّٰهَ اصْطَفٰى لَكُمُ الدِّيْنَ فَلَا
تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ ۩

ઇન્નલ્લાહસ્તફા લકુમુદ્દીના ફલા તમુતુન્ના ઇલ્લા વ અન્તુમ મુસ્લેમુન.
અલ્લાહે બેશક તમારા વાસ્તે આ (ઇસ્લામ) દીન ને ખાલીસ કીધું છે જેથી તમે મુસલમાન થયા સિવાય હરગીઝ વફાત નહી થાવ.

(૧૨) ઝીલહજ્જીલ હરામ

إِنْ تُعَذِّبْهُمْ فَإِنَّهُمْ عِبَادُكَ وَإِنْ
تَغْفِرْ لَهُمْ فَإِنَّكَ أَنْتَ
الْعَزِيزُ الْحَكِيمُ

ઇન તોઅઝ્ઝીબહુમ ફઇન્નહુમ ઇબાદોકા વ ઇન નગફીરલહુમ ઇન્નકા અન્તલ અઝીઝુલ હકીમ.

(અય અલ્લાહ) જો તુ તેમને અઝાબ આપે તો બેશક તેઓ તારા બંદા છે. અને જો તું તેમને મઆફ કરી દે તો બેશક તુ ઇઝ્ઝતવાલો હિકમતવાલો છે.

હર રોઝ પઢવાના અલ્લાહતઆલાના ઈસ્મે આઅઝમ

૧) રવિવાર :

يَافَتَّاحُ "યા ફત્તાહો"

આ બાબરકત નામ ૪૮૯ વાર પઢવાથી અલ્લાહતઆલા હર કામમાં ફતેહયાબી આપે છે.

૨) સોમવાર :

يَالَطِيْفُ "યા લતીફો"

આ બાબરકત નામ ૧૨૯ વાર પઢવાથી અલ્લાહતઆલા માલ અને દોલત નસીબ કરે છે.

૩) મંગલવાર :

يَاقَابِضُ "યા કાબેઝો"

આ બાબરકત નામ ૧૦૦૩ વાર પઢવાથી અલ્લાહતઆલા દીલી મુરાદને પૂરી કરે છે.

૪) બુધવાર :

يَامُتَعَالُ "યા મોતઆલો"

આ બાબરકત નામ ૫૪૧ વાર પઢવાથી અલ્લાહતઆલા દીન-દુનિયાની ઇઝ્ઝત આપે છે.

૫) જુમેરાત :

يَارَزَّاقُ "યા રઝ્ઝાકો"

આ બાબરકત નામ ૩૦૮ વાર પઢવાથી અલ્લાહતઆલા રીઝકે હલાલ નસીબ કરે છે.

૬) જુમ્આ :

يَانُوْرُ "યા નૂરો"

આ બાબરકત નામ ૨૫૬ વાર પઢવાથી અલ્લાહતઆલા ઇઝ્ઝત અને મરતબો બખ્શે છે.

૭) શનિવાર :

يَاغَنِيُّ "યા ગનીય્યો"

આ બાબરકત નામ ૧૦૬૦ વાર પઢવાથી અલ્લાહતઆલા દોલતમંદ કરે છે.

પાકી ની ઝીક

ખુદાતઆલા ફરમાવે છે કે

اِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّابِيْنَ وَيُحِبُّ الْمُتَطَهِّرِيْنَ.

ઇન્નલ્લાહા યોહીબ્બુત તોવાબીના વ યોહીબ્બુલ મોતતાહ્હેરીન.

"ખુદાતઆલા મોહબ્બત કરે છે તોબા કરનારને અને પાક થાનાર ને"

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ۝

વમા ખલકતુલ જીન્ના વલ ઇન્સા ઇલ્લા લેયઅબોદુન.

"મેં જીન અને ઇન્સાનોને મારી ઇબાદત કરવા વાસ્તે પૈદા કીધા છે."

હવે ઇબાદત એ કે ખુદાતઆલા તરફથી ખુદાના અવલેયા જે હુકમ લાવા છે તેને કબુલ કરીને તે મુજબ અમલ કરે અને તે સઘલા અવલેયાની તાઅત કરવી અને ઝુકવું અને નમવું, આ મીસલ નો અમલ કરવું ઇબાદત છે. ઇબાદત માં પહેલે ઇન્સાન ઉપર વાજીબ અને ફરઝ છે કે પોતાને પૈદા કરનાર ખુદાતઆલાની બંદગી કરે અને તે એને ઓલખતો ન હોય કે એ કોણ છે અને કેવો છે તો કોણી બંદગી કરે, તે વાસ્તે પેહલે ખુદાતઆલાની માઅરેફત કરવું વાજીબ થયું. હવે એ ખુદાની માઅરેફત વાસ્તે ખુદાની તરફથી ખુદાના અવલેયા આવા છે. અને આપણા અને ખુદાના દરમ્યાન એ સઘલા વસીલા છે. આ અવલેયાને તાબેઅ થાય અને તે સઘલા થી ખુદાની માઅરેફત હાસીલ કરે તો બરાબર માઅરેફત હાસીલ થાય. તે વાસ્તે ખુદાતઆલાની માઅરેફત સાથે ખુદાતઆલાના અવલેયાની માઅરેફત અને તાઅત પણ વાજીબ અને ફરઝ થઇ તે વાસ્તે અમીરૂલમુઅમેનીન અલી (અ.સ.) ને કોઇ સવાલ કરનારે સવાલ કીધો કે કોણ શું કામ કરે કે તે કામ કરવાથી મુમીન, મુમીન કહેવાય? આપે ફરમાયું કે જે શખ્સને ખુદાતઆલા પોતાની ઝાતની માઅરેફત અને ખુદાતઆલાના નબીની માઅરેફત અને એ શખ્સના વકતના ઇમામ યા દાઇની માઅરેફત કરવાની તોફીક અતા કરે અને તે શખ્સ એ સઘલા વાસ્તે તાઅતનો ઇકરાર કરે અને જે હુકમ થાય એને કબુલ કરે અને એ મીસલ અમલ કરે અને જે ચીઝ થી રૂકવાનો હુકમ થાય તો રૂકી જાય તો તે શખ્સ મુમીન કહેવાય. તે વાસ્તે ઇમાનનો કલામ એ છે કે ખુદાતઆલાનો ઇકરાર કરે કે ખુદા એક છે એના વાસ્તે કોઇ મીસલ (સરખામણી) કે કોઇ દોસ્ત નથી અને મોહંમદ (સ.અ.વ.વ.)

ખુદાતઆલાના બંદા અને હકના રસુલ છે, અને નબી (સ.અ.વ.વ.) એ ખુદાતઆલાના હુકમ થી જેને વસી કાઇમ કીધા તે વસીનો ઇકરાર કરે, તે બાદ વસીની પાક નસલમાંથી જે ઇમામો થયા, તેઓ નો ઇકરાર કરે તા કે પોતાના ઝમાનના ઇમામ નો ઇકરાર કરે અને એને ઓલખે અને એ ઇમામના હુકમ ને કબુલ કરે, જે મુજબ હુકમ કરે તે મુજબ અમલ કરે, જન્નત અને જહન્નમ નો ઇકરાર કરે, અમલનો સવાબ અને અઝાબ આખેરતમાં છે તે માને, કબ્ર માંસી ઉઠવું હક છે, આઅમાલ નો હીસાબ કીતાબ થાશે, અને સઘલા અંબીયા, અવસીયા, ઇમામો અને દોઆતોનો ઇકરાર કરે, રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) જે શરીઅત લાવા એનો ઇકરાર કરે, અને એ મુજબ અમલ કરે એમાં કસુર કરે નહી એ ઇમાન છે અને તે ઇબાદતમાં પહેલું છે. હવે ઇમાનની મીસલમાં બીજી કોઇ ચીઝ અફઝલ નથી સબબ કે રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાયું છે કે,

لِكُلِّ شَيْءٍ وَجْهٌ وَوَجْهُ دِيْنِكُمُ الصَّلٰوةُ

લેકુલ્લે શૈઇન વજહુન વ વજહો દીનેકુમુસ સલાત.

"હર એક ચીઝ વાસ્તે મુંહ છે તેજ મીસલ તમારા દીનનું મુંહ નમાઝ છે."

જે શખ્સ નમાઝ ને એના વકતોમાં બરાબર અદા કરે તો જ એ મુમીન કહેવાય. જે લોગો નમાઝ ના હુકમને ગીનતા નથી તે લોગો વાસ્તે કલામુલ્લાહ માં આવું છે કે

فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ.

ફયેલુલ્લીલ મોસલ્લીનલ્લઝીના હુમ અન સલાતેહીમ સાહુન

"જે લોગો નમાઝના હુકમને ભૂલી જાય છે તે સઘલા વાસ્તે હલાકી (બરબાટી) છે."

તેજ વાસ્તે રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવતા કે જે શખ્સ નમાઝ ને બરાબર અદા કરશે તો શયતાન એના થી ઘણો ખોફમાં રહેશે એના ઉપર શયતાનનો હુકમ ચાલશે નહીં. જે નમાઝને વકતોમાં બરાબર અદા નહીં કરે તે વકત શયતાન તેને ગુનાહના કામોમાં દાખીલ કરી દેશે. કયામતના દિન ખુદાતઆલા બંદાના અમલ ને જોશે તો પહેલાં નમાઝ નું દફતર જોશે. જો એ બરાબર હશે તો બાકીના અમલો જોવાશે. મૌલાના જાઅફરૂસ્સાદીક (અ.સ.) ફરમાવતા કે

لَاحَظَّ فِي الْاِسْلَامِ لِمَنْ تَرَكَ الصَّلٰوةَ

લાહઝઝા ફીલ ઇસ્લામે લેમન તરકસ સલાત.

"જે શખ્સ નમાઝ ને મુકશે તેના વાસ્તે ઇસ્લામમાં કોઇ નસીબો રહેશે નહી."
અમીરૂલ મુમેનીન (અ.સ.) એ ફરમાયું છે કે,

اَلصَّلٰوةُ عَمُوْدُ الدِّيْنِ وَقِوَامُ الْاِسْلَامِ

અસ્સલાતો ઉમુદુદ્દીન વ કેવામુલ ઇસ્લામ.

"હર ચીઝના વાસ્તે અસલ અને પાયો હોય છે તે જ મુજબ તમારા દીનનો પાયો અને ઇસ્લામ ની મઝબુતી નમાઝ છે."

તે વાસ્તે જે શખ્સ નમાઝ મુકે તો એ મુમીન કહેવાય નહી એના દીનની ઇમારત બગેર પાયાની રહે. તે વાસ્તે ખુદા અને ખુદાના અવલેયાની માઅરેફત પછી નમાઝ ને બરાબર કોઇ અફઝલ ઇબાદત નથી. નમાઝનું મુકવું ઘણો મોટો ગુનાહ છે. એક રોઝ મોલાના મોહંમદુલ બાકીર (અ.સ.) ના નઝદીક એક અસ્હાબે કોઇ મુમીનની ઝીક કીધી કે એ શખ્સ હરામ ચીઝો પસંદ કરે છે, શરીઅતના હુકમોને બરાબર અદા કરતા નથી, ફરીઝાની નમાઝોને પણ પઢતા નથી. આપ આ કલામ સુનીને ચોંકી ગયા અને ફરમાવ્યું કે, નઅઉઝોબીલ્લાહ, ફરીઝાની નમાઝ ને તર્ક કરવું ખુદાતઆલાના નઝદીક ઘણો મોટો ગુનાહ છે. ખુદાતઆલા કુરઆન શરીફમાં ફરમાવે છે કે,

فَخَلَفَ مِنْ بَعْدِهِمْ خَلْفٌ
اَضَاعُوا الصَّلٰوةَ وَاتَّبَعُوا الشَّهَوَاتِ فَسَوْفَ يَلْقَوْنَ غَيًّا

ફખલફા મીન બાઅદેહીમ ખલ્કુન
અઝાઉસ સલાત વત્તબઉશ શેહવાત ફસૌફા ખલકોના ગય્યા.

"સઘલા મુમેનીન ના પછી એના ફરઝંદોએ નમાઝને મુકી દીધી અને શેહવતના કામોને તાબેઅ થયા, એ સઘલા નઝદીકમાં ગુમરાહીમાં પડશે."

તે વાસ્તે જે લોગો નમાઝને મુકશે તે ગુમરાહ થાશે. જે શખ્સ કે નમાઝ નો ઇરાદો કરે તો પહેલાં પાક થાય

لَا صَلٰوةَ اِلَّا بِطَهُوْرٍ

લા સલાત ઇલ્લા બેતહુર. "પાકી બગેર નમાઝ કબુલ થાય નહી."

પાક થાવાને વાસ્તે અગર પાણી ન મીલે તો પાક માંટીથી તયમ્મુમ કરે તે સબબ થી પહેલે ફરઝ અને સુન્નતના ગુસ્લોની ઝીક કરીએ છીએ.

બૈતુલ ખલા (સંડાસ) ની બાર અદબ નું બયાન

હઝરત રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) યે મોલાના અલી (અ.સ.) ને ફરમાવ્યું કે બૈતુલ ખલાની બાર અદબ છે. જે શખ્સે આ બાર અદબ ને ન ઓલખી તો તે શખ્સે મને અને તમને ન ઓલખા અને ઇમાન ની હકીકતને અને અલ્લાહની ઇબાદતના ફરાઇઝને પૂરા ન કીધા.

અદબ પહેલી - બૈતુલ ખલામાં ખાલી (ઉઘાડા) પગે ન જાય. જુતા યા ચાખડી પહેરી ને જાય.

અદબ બીજી - બૈતુલ ખલામાં જતાં ડાબો પગ આગલ કરે અને આ દુઆ પઢે,

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الرِّجْسِ النَّجِسِ الْخَبِيْثِ الْمُخْبِثِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

અઉઝો બિલ્લાહે મીનર્રિજસિન નજસિલ ખબીસિલ મુખબેસે મિનશશયતાનિર્રજીમ.

હું અલ્લાહતઆલાની ઝાતે પાકની પનાહ ચાહું છું, નાપાક, બદઝાત, નજસ, અલ્લાહની રેહમતથી દૂર કીધેલા શયતાન મરદૂદથી.

અદબ તીજી - બૈતુલ ખલામાં ખુલ્લા માથે ન જાય. ખુલ્લું માથું રાખવું શયતાન નું કામ છે. ટોપી પહેરીને જાય.

અદબ ચોથી - બૈતુલ ખલામાં કીબ્લા સામે બેસે નહીં.

અદબ પાંચમી - કીબ્લાને પીઠ દઇને બેસે નહીં.

અદબ છઠ્ઠી - હાજત કરવા બેસે તે વકત ડાબા પગ ઉપર વજન (બોજ) રાખે અને આ દુઆ પઢે,

اَللّٰهُمَّ كَمَا اَطْعَمْتَنِيْهِ فِيْ عَافِيَةٍ فَاَخْرِجْهُ مِنِّيْ بِعَافِيَةٍ

અલ્લાહુમ્મા કમા અતઅમતનીહે ફી આફેયતિન ફ અખરિજહો મિન્ની બે આફેયતીન.

અય અલ્લાહતઆલા, જે તંદુરસ્તી અને બેહતરી સાથે તુંએ મને જમાડો તે જ આફીયત અને સેહલાય સાથે તે જમણનો કચરો (નજાસત) મારા જીસ્મમાંથી બહાર કાઢજે.

અને નજાસત પર નઝર પડે તે વકત આ દુઆ પઢે

اَللّٰهُمَّ ارْزُقْنِيْ الْحَلَالَ وَجَنِّبْنِيْ الْحَرَامَ ط

અલ્લાહુમ્મર ઝુકનિયલ હલાલા વ જન્નિબનીયલ હરામ.

અય અલ્લાહતઆલા, તું મને હલાલ રીઝ્ક ઇનાયત કર અને હરામનું જમવાથી દૂર રાખ.

અદબ સાતમી - હાજીત કરતી વકત બોલે નહીં.

અદબ આઠમી - હાજીત કરવામાં દેર લગાવે નહીં અને હાજીતથી ફારીગ થઇને આ દુઆ પઢે,

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ اَمَاطَ عَنِّيْ الْاَذٰى وَهَنَّانِيْ طَعَامِيْ وَشَرَابِيْ .

અલ્હમ્દો લિલ્લાહીલ લઝી અમાતા અન્નીયલ અઝા વ હન્નાની તઆમી વ શરાબી.

તમામ તારીફ અલ્લાહતઆલા વાસ્તે છે જેણે મને ખાવા-પીવાની બીમારીઓથી દૂર રાખો અને મારા ખાવા-પીવાને આસાન અને ખુશગવાર બનાવો.

અદબ નવમી - હાજીત વાસ્તે જો પાણી ન મીલે, તો કપડા યા ઇંટથી ઇસ્તીન્જાની જગા સાફ કરે. કપડા યા ઇંટનો જે ટુકડો નજાસત સાફ કરવા વાસ્તે લીધો હોય તે બીજી વખત ન લે. નજાસત સાફ કરવા વાસ્તે હાડકા, છાણા, કોલસા કે લાકડાનો ઇસ્તેમાલ કરે નહિ.

અદબ દસમી - ઇસ્તીન્જાની જગા સાફ કરવા વાસ્તે એક યા ત્રણ યા પાંચ મરતબા અલગ-અલગ કપડા/ઇંટના ટુકડા લે.

અદબ અગીયારમી - ગાયત પર પેશાબ ન કરે અને પેશાબ અને સંડાસના મકાનને ડાબા હાથ થી સાફ કરે. (ઇસ્તીન્જા કરે.)

અદબ બારમી - બૈતુલ ખલા (સંડાસ) થી બાહર નીકલતાં જમણો પગ આગલ કરે અને આ દુઆ પઢે

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ عَافَانِيْ فِيْ جَسَدِيْ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِيْ

اَمَاطَ عَنِّيَ الْاَذٰى وَهَنَّانِيْ طَعَامِيْ وَشَرَابِيْ .

અલ્હમ્દો લિલ્લાહીલ લઝી આફાની ફી જસદી વલ હમ્દો લિલ્લાહીલ લઝી અમાતા અન્નીયલ અઝા વ હન્નાની તઆમી વ શરાબી.

તમામ તારીફ અલ્લાહતઆલા વાસ્તે છે જેણે મારા જીસ્મને સેહત (તંદુરસ્તી) બખ્શી અને મારી જીસ્માની તકલીફ દૂર કીધી અને મારા જમણને પાક અને ફાયદામંદ બનાવું.

નોટ :- હાજીત થી ફારીગ થયા પછી બૈતુલખલાને બરાબર સાફ કરે. (પાણી વધારે નાંખીને સાફ કરે.)

તસ્બીહે કીફાયત

આ તસ્બીહ પઢવાથી અલ્લાહતઆલા હર કામમાં કીફાયત કરે છે અને કામયાબી અતા કરે છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَكَفٰى بِاللّٰهِ وَلِيًّا ○ وَكَفٰى بِاللّٰهِ نَصِيْرًا ○

وَكَفٰى بِاللّٰهِ حَسِيْبًا ○ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ○

وَكَفٰى بِرَبِّكَ هَادِيًا وَّنَصِيْرًا ○ وَكَفٰى

بِرَبِّكَ بِذُنُوْبِ عِبَادِهٖ خَبِيْرًا بَصِيْرًا ○

وَكَفَى اللّٰهُ الْمُؤْمِنِيْنَ الْقِتَالَ ؕ

وَكَانَ اللّٰهُ قَوِيًّا عَزِيْزًا ○

"વકફા બીલ્લાહે વલીય્યા ★ વકફા બીલ્લાહે નસીરા ★ વકફા બીલ્લાહે હસીબા ★ વકફા બીલ્લાહે વકીલા ★ વકફા બે રબ્બેકા હાદેયવ વ નસીરા ★ વકફા બેરબ્બેકા બેઝોનુબે એબાદેહી ખબીરમ બસીરા ★ વકફલ્લાહુલ મુમેનીનલ કેતાલ વકાનલ્લાહો કવીય્યન અઝીઝા ★"

માઅના : અને અલ્લાહ કાફી મુહાફીઝ છે, અને અલ્લાહ કાફી મદદગાર છે, અને અલ્લાહ કાફી હીસાબ લેનાર છે, અને અલ્લાહ કાફી હીમાયત કરનાર છે, અને તમારો પરવરદીગાર કાફી હીદાયત દેનાર અને મદદ કરનાર છે, અને તમારો પરવરદીગાર તેના બંદાઓના ગુનાહોથી કાફી ખબરદાર છે તે પર નઝર કરનાર છે, અને અલ્લાહે મુમેનીનને જંગ કરવાથી કીફાયત કરી આપું અને અલ્લાહ કુવ્વતવાલો છે ઇઝ્ઝતવાલો છે. ❋

તહારત ની ઝીક

જે શખ્સ કે તે નમાઝ નો ઇરાદો કરે તો પહેલાં વુઝુ કરે. વુઝુ બગૈર નમાઝ દુરસ્ત ન થાય, જહાં તક કે હદસ ન કરે એક વુઝુ થી પાંચે વક્ત ની નમાઝ પઢવું જાઇઝ છે. પેશાબ અને સંડાસના રસ્તાથી કોઇ પણ ચીઝ નીકલે તો વુઝુ તુટી જાય છે. બે રસ્તા બયાન કીધા તે સીવાય બીજી કોઇ પણ ચીઝ નીકલે પીપ, ખૂન યા ઉલ્ટીની મીસલ તો એને ધોઇને સાફ કરે, એમાં વુઝુ તુટતી નથી. મરદ બૈરોને હાથ લગાવે યા કે ઔરત પર નઝર પડી જાય તો તેમાં પણ વુઝુ તુટતી નથી. અગર કોઇ જમણ જમો યાકે પાણી પીધું યા કે સુકી યા લીલી નજાસત ને હાથ લાગી ગયો તો વુઝુ વાજીબ નથી પણ એમાં ચોખ્ખાઇ રાખે. જે મકાનમાં નજાસત લાગી હોય તો ધોઇને સાફ કરે. નાખૂન કતરે યા બાલ મુંડાવે યાકે કોઇ મુસ્લીમ યા ગૈર મુસ્લીમ ની ગીબત કીધી હોય એમાં પણ વુઝુ તુટતી નથી. કોઇ શખ્સે વુઝુ કીધી અને તે પછી હદસ થવાનો શક પૈદા થાય તો જહાં તક હદસ નું યકીન થાય નહી વહાં તક એને વુઝુ કરવાની ઝરુરત નથી, તેમજ અગર હદસ નું યકીન હોય અને વુઝુનો શક હોય તો વુઝુ કરવી વાજીબ છે શક ઉપર અમલ કરવું જાઇઝ નથી. ઉંઘ ગાલીબ થાય કે જેમાં સુઇ જનાર બેખબર થઇ જાય તેથી વુઝુ તુટી જાય છે. વુઝુ નું કરવું ઘણું ફઝીલતનું કામ છે. હઝરત રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હદીસ શરીફમાં ફરમાયું છે કે,

اَلْوُضُوْءُ شَطْرُ الْاِيْمَانِ

અલવુઝુઓ શતરૂલ ઇમાન. "વુઝુનું કરવું ઇમાનનું અર્ધું છે."
ઇમાન યાની નમાઝનું પઢવું છે. અગર કોઇ શખ્સ ને પેશાબ અને સંડાસ ની હાજત પૈદા થાય તે વક્ત અલ્લાહના વલીના ફરમાનેઆલી મુતાબીક દસ જગા પર નજાસત ન કરે.

(૧) કીબ્લા સામે ન કરે.
(૨) કીબ્લા ને પીઠ દઇને ન કરે.
(૩) ઉભા ઉભા ન કરે કે જે થી બદન યા કપડા પર છાંટા ઉડે.
(૪) થમા હુવા પાક પાણીમાં ન કરે.
(૫) ફલદાર ઝાડના નીચે ન કરે.
(૬) રસ્તામાં ન કરે.
(૭) ઘરના આંગણામાં ન કરે.
(૮) ઉંચા મકાનથી ન કરે કે જેથી બીજા પર છાંટા ઉડે.
(૯) કબ્રસ્તાનમાં ન કરે.
(૧૦) કુવા-વાવરીમા યા નહેર-નદી-તલાવમાં ન કરે.

પાક અને નાપાક પાણીની ઝીક

જે પાણી કે તે વહેતું હોય, યા કે તે પાણી નો કોઇ ઝરીઓ હોય જેમ કે નદી યા કુવ્વો યા નહેર યા વરસાદ યા દરીયો આ બધુ પાણી પાક છે, જહાં તક તે પાણી નજાસત યા રંગ યા બદબુ યા ઝાએકાથી બદલાય ન જાય. દરીયાનું પાણી ખારૂં છે પણ કુદરતી હોવાના સબબ પાક છે. શરીઅતના અહકામ મુતાબીક પાક પાણીની શરતો આ મુજબ છે : જે હોઝ યા જગા બે હાથ ઉડું, બે હાથ પહોલું અને બે હાથ લંબુ હોય તે મીકદારનું પાણી હદનું પાણી કહેવાય, જેથી વુઝુ અને ગુસ્લ થઇ શકે. આ મુજબ યા આનાથી ઝ્યાદા માપની ટાંકી મકાનમાં હોય તો તે પાણી પણ પાક કહેવાય. આના કરતાં કમ હોય તો તે પાણી હદનું કહેવાય નહી. અગર આ પાણીમાં કોઇ પણ તરહની ઝર્રા બરાબર નજાસત પડી જાય યા રંગ યા મઝા યા બુ બદલાઇ જાય તો તે પાણી થી વુઝુ કરવું જાઇઝ નથી. ખુનવાલું કોઇ પણ જાનવર પાણીમાં પડીને મરી જાય તો તેનું પીવું અને વુઝુ કરવું જાઇઝ ન થાય. જે પાણી પીવાય નહીં, પણ પાક થવાય તે દરીયાનું પાણી છે. જે પાણી પીવાય અને પાક પણ થવાય તે વરસાદનું પાણી છે. જે પાણી પીવાય, વપરાય પણ એનાથી પાક થવાય નહીં તે ગુલાબ યા કેવડાનું ખુશ્બુવાલું પાણી છે. દુધમાં યા શહદમાં મીલાવેલું પાણી યા જે પાણીનો મઝા બદલાઇ જાય તો ઇસ્તેમાલ થાય પણ પાક થવાય નહીં. એ પાણી કે જેનો રંગ મઝા યા બુ બદલાય પણ પાક થવાય તે જવનું પાણી છે. એવું પાણી કે જેમાં ઝાડના પત્તાથી રંગ બદલાય ગયો હોય યા કે ઘણી મુદ્દત રહ્યું હોય, અને ખરાબ ન થયું હોય, એમાં નજાસત ન પડી હોય તો તે પાણી થી પાક થવાય છે.

દાતન કરવાની ઝીક

હદીસે શરીફમાં રસુલુલ્લાહ (સ.અ.વ.ય.) એ ફરમાયું છે કે

اَلسِّوَاكُ شَطْرُ الْوُضُوْءِ

અસ્સેવાકો શતરૂલ વુઝુ. "દાતન કરવું અર્ધી વુઝુ છે."

દાતન મુંહ ને પાક કરવાનો અને રબ્બુલ ઇઝ્ઝતને ખુશ કરવાનો એક બહેતર તરીકો છે. મુંહ કુરઆન મજીદ પઢવાનો રસ્તો હોવાના સબબ દાતનનું કરવું હર એક એહલે ઇસ્લામ પર લાઝીમ છે. દાતન કરવાથી મુંહની બીમારીઓ દુર થાય છે. દાતન હંમેશા જમણી બાજુ અને ડાબી બાજુ કરે, ઉપરથી નીચે યા નીચે થી ઉપર ન કરે. અગર દાતન નો ઇમકાન ન હોય તો અંગુઠો અને તોબા આંગલીથી દાંતને સાફ કરે. જે શખ્સ કે દાતન ન કરે તે શખ્સથી ફરીશ્તાઓ દુર રહે છે. દાતન રેહાન, દાડમ અને મેંહદીની લાકડીથી ન કરે આ લાકડીના ઇસ્તેમાલ કરવાથી જુઝામની (નખ ખરવાની) બીમારી પૈદા થાય છે. હર એક શખ્સ જુમ્આના દીન હાથ પગના નાખુન કતરશે તો હાથની બીમારી ખુદાતઆલા દુર કરશે. નખને વધારવા તે શયતાન નું કામ છે. બગલ અને પૈશાબની જગહ ના બાલ ચાલીસ અય્યામથી ઝીયાદા રાખવું મના છે. આ રાખવાથી શયતાનને બેહકાવ્વાનો મૌકો મીલશે. ખુદાતઆલા પાક અને સાફ રહેનાર થી ખુશ થાય છે.

ચોખ્ખાઈ અને ખતાનત નું બયાન

જે શખ્સ ને પરવરદીગાર દીકરો યા દીકરી નસીબ કરે તો તે શખ્સ પર વાજીબ છે કે એની ખતાનત જલ્દી કરાવે. ઝ્યાદા ઉમર તક પહોંચાડે નહીં. સબબ કે ખતાનત ના હુકમમાં તાખીર કરવાથી તે બચ્ચું જે વકત ઝમીન પર પૈશાબ કરશે, તે વકત તે ઝમીન પરવરદીગાર ની તરફ શીકાયત કરશે. અગર ઉમર રસીદા શખ્સ ઇસ્લામ લાવે તો તે જ વકત ખતાનત કરવી લાઝીમ છે. ઇસ્લામ માં બગૈર ખતાનત થી રહે નહીં. અગર દીકરી હોય તો સાત વરસની થાય તે વકત ખતાનતની ચામડીને થોડી કાપી નાંખે. મગર ઝરાસી રહેવા દે જેથી દીકરી એના શૌહર નઝદીક મેહબુબા રહેશે. તે બાદ ઇન્સાન પોતાના બદનમાં ચોખ્ખાઇ રાખે. મુઁછના બાલ લંબા ન રાખે. મુઁછના બે છેડાના બાલ રાખવા થી ચેહરા પર નૂર આવે છે. નાકના બાલને સાફ કરી નાંખે. દાઢી ના બાલને કતરાવે, મુંડાવે તેમ તોડે નહીં. હંમેશા દાઢીમાં કંગી કરે અને સાફ રાખે, અગર દાઢીને કંગી નહીં કરે તો કયામતના દિન ગરમ ખીલાથી ખુદા સાફ કરશે. અગર સફેદ બાલ આવે તો એને રહેવા દે, તોડે નહીં. સફેદ બાલનું આવ્વું પણ ખુદા તઆલાનું નુર છે એને ખીઝાબ કરે નહીં, રંગ લગાવે નહીં, ગરદનના બાલને મુંડાવી નાંખે. નાખુનને જુમઆના દિન કતરે એમાં ઘણો સવાબ છે. યહુદી-નસ્રાની નખને લંબા કરે છે તે મુજબ લંબાવે નહીં, જે શખ્સ જુમઆના દિન નાખુન કતરશે તો ખુદા એના આંગલાઓની બીમારીને દુર કરશે. બગલના બાલને મુંડાવી નાંખે, એ બાલ રાખવાથી બદબુ પૈદા થાય છે. ઔરત પરના બાલને પણ મુંડાવી નાંખે. જે શખ્સ ઔરતના બાલને ચાલીસ દિન રાખશે તો વહાં શયતાન પોતાની બેસવાની જગા કરશે અને બેહકાવશે.

રસુલુલ્લાહ (સ.અ.વ.ય.) ફરમાવતા કે તીન અમલ બંદાના નૂરને બુઝાવી નાંખે છે. પહેલું એ કે કોઇ શખ્સ પોતાના બાવાજીના મોહીબ હોય, એનાથી મોહબ્બત મુકી દે, અને અદાવત રાખે. તેથી નેક ખસલત મુમીન પર વાજીબ છે કે પોતાના બાવાજીના મોહબ્બત વાલાને સાથે મોહબ્બત રાખે. બીજું એ કે લોગોના મકાનમાં ઝાંકે અને ગૈર બૈરો તરફ નઝર કરે તેથી બીજાના ઘરને નઝદીકથી ગુઝરે યા ગૈરમેહરમ બૈરો હોય તો પોતાની નિગાહ નીચી રાખે. ત્રીજુ એ કે જો અલ્લાહતઆલા એ એના સફેદ બાલ કીધા હોય એને ખીઝાબ કરે તેથી સફેદ બાલને રંગ ન લગાવે, અગર જેહાદની લડાઇનો મૌકો આવે તો દુશ્મનથી મેહફુઝ રેહવા ખીઝાબ કરે.

રસુલુલ્લાહ (સ.અ.વ.સ.) થી મનકુલ છે કે તમારા બચ્ચાંઓના એહાં હાથોને ધોઈ નાંખો સબબ કે શયતાન તેને સુંઘશે. આપે એ પણ ફરમાયું કે જે શખ્સ જમવા પહેલાં અને જમવા પછી હાથ ધોવાની આદત રાખશે તેને અલ્લાહતઆલા એશોઆરામની અને સેહતમંદ ઝીંદગી અતા કરશે. અમીરૂલ મુઅમીનીન (અ.સ.) થી મનકુલ છે કે આપે ફરમાયું છે કે જમવા પછી આગલા અને અંદરના દાંતોને ખેલાલ કરવું (સાફ કરવું) મુમીનની રીઝક ની કુશાદગી નો સબબ છે. રસુલુલ્લાહ (સ.અ.વ.સ.) એ નાખુન અને આંગલા ના દરમ્યાન ની જગામાં ખેલાલ કરવાનું ફરમાન કીધું છે જેથી નાખુન ના અંદરનો મેલ અને ચીકાશ નીકલી જાય.

તસબીહે બરકત

રોઝીમાં બરકત વાસ્તે હર રોઝ ફજરમાં નમાઝ બાદ ૧૦૦ વાર પઢે.

يَا اَللّٰهُ يَا فَتَّاحُ يَا قَادِرُ يَا رَازِقُ
يَا غَنِيُّ يَا عَزِيْزُ يَا اَللّٰهُ

યા અલ્લાહો, યા ફત્તાહો, યા કાદેરો, યા રાઝેકો, યા ગનીય્યો, યા અઝીઝો, યા અલ્લાહો.

વુઝુ નું બયાન

જે શખ્સ વુઝુનો ઇરાદો કરે તો વુઝુમાં ફરઝ કેટલા અને સુન્નત કેટલા છે તે બરાબર યાદ રાખે.

વુઝુમાં ફરઝ સાત છે :

(૧) પાક પાણી.
(૨) નીય્યત નું કરવું.
(૩) મુંહ નું ધોવું.
(૪) બે હાથનું ધોવું.
(૫) માથા ઉપર મસાહ કરવી.
(૬) બે પગની મસહ કરવી.
(૭) વુઝુની તરતીબ, યાની પેહલે મુઁહ પછી જ બે હાથ પછી જ માંથુ પછી જ કાન, વગેરા.

સુન્નત બાર છે :

(૧) વુઝુ પહેલાં ઇસ્તીન્જા નું કરવું.
(૨) બે હાથોને વુઝુના પાણીના વાસણમાં દાખીલ કરતા પહેલાં ધોવું.
(૩) વુઝુ કરવા બેસે તે વકત બીસ્મીલ્લાહ નું પઢવું.
(૪) મુંહમાં કુલ્લી નું કરવું.
(૫) નાકમાં પાણીનું નાંખવું.
(૬) હાથમાં અંગુઠી હોય તેને ફીરાવ્વું જેથી એના નીચે પાણી પહુંચે.
(૭) દાઢીમાં આંગલા નાંખી ને પાણીને ચામડી તક પહોંચાવવું.
(૮) મુંહ ધોતી વકત બેવે આંખોમાં પાણી છીરકવું.
(૯) તે પછી જમણો હાથ ધોવું પછી ડાબો હાથ ધોવું. ડાબા હાથને જમણા હાથ પર મુકદદમ કરે નહીં.
(૧૦) બે કાનની મસાહ કરવી.
(૧૧) મુંહ અને હાથને એક વકત ધોવું બીજી યા તીજી વકત ધોવું અફઝલ છે.
(૧૨) કુલ્લી કરે તે વકત દાતનનું કરવું સુન્નત છે.

જે શખ્સ વુઝુનો ઇરાદો કરે તો પહેલા ઇસ્તીન્જા કરે ડાબા હાથથી ઇસ્તીન્જા કરતાં આ દુઆ પઢે.

اَللّٰهُمَّ حَصِّنْ فَرْجِيْ عَنْ مَّعَاصِيْكَ حَتّٰى لَا اَعْصِيْكَ اَللّٰهُمَّ اسْتُرْ عَوْرَتِيْ وَاغْفِرْ لِيْ.

અલ્લાહુમ્મા હસ્સિન ફરજી અમ્માસીકા હત્તા લા આસીકા અલ્લાહુમ્મસ્તુર અવરતી વગફીર ઝલ્લતી.

અય અલ્લાહતઆલા, તું મારા જીસ્મના છુપા ભાગને (ઔરતને) તારી નાફરમાની કરવાથી (ગુનાહ કરવાથી) બચાવજે, જેથી હું તારી નાફરમાની કરૂ જ નહિ. અય મારા અલ્લાહ, તું મારી ઔરતને છુપાવ (પરદો કર) અને મારી ભૂલોને માફ કર.

તે પછી ડાબા હાથને પાક કરે અને આ દુઆ પઢે

اَشْهَدُ اَنْ لَّآ اِلٰـهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ وَاَشْهَدُ اَنَّ عَلِيًّا وَصِيُّهٗ وَوَلِيُّهٗ.

અશહદો અન લા ઇલાહા ઇલ્લલ્લાહો, વહદહુ લાશરીકા લહુ વ અશહદો અન્ના મોહમ્મદન અબદોહુ વ રસુલોહુ.

હું શાહેદી આપું છું કે, નથી કોઇ ઇલાહ મગર અલ્લાહતઆલા છે, તે એક જ છે, તેના કોઇ ભાગીદાર નથી. હું શાહેદી આપું છું કે, મોહંમદ (સ.અ.વ.વ.) તેના બંદા છે અને તેના રસૂલ છે.

અને બેવે હાથને પાક કરતાં આ દુઆ પઢે

بِسْمِ اللّٰهِ وَبِاللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَالْاَسْمَآءُ الْحُسْنٰى كُلُّهَا لِلّٰهِ وَعَلٰى طَاعَةِ اللّٰهِ وَعَلٰى مِلَّةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ اَشْهَدُ اَنْ لَّآ اِلٰـهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ وَاَشْهَدُ اَنَّ عَلِيًّا وَصِيُّهٗ وَوَلِيُّهٗ.

(૧) બીસ્મીલ્લાહે વ બિલ્લાહે વલહમ્દો લિલ્લાહે વલ અસ્મા ઉલ હુસના કુલ્લોહા લિલ્લાહે (૨) વ અલા તાઅતિલ્લાહે વઅલા મિલ્લતે રસુલિલ્લાહે સલ્લલલાહો અલયહે વ આલેહી (૩) વ અશહદો અલ્લા ઇલાહા ઇલ્લલ્લાહો વહદહુ લા શરીકા લહુ વ અશહદો અન્ના મોહંમદન અબદોહુ વ રસૂલોહુ વ અશહદો અન્ના મૌલાના અલીય્યવ વસીયોહુ વ વલીય્યોહુ.

(૧) હું અલ્લાહતઆલાના બાબરકત નામથી શરૂ કરું છું. તમામ હમ્દો સના અલ્લાહ વાસ્તે છે. તમામ બેહતરીન અને ખુબસૂરત નામો (ઇસ્મે આઝમ) અલ્લાહ વાસ્તે

જ છે. (૨) હું શરૂ કરું છું અલ્લાહની તાઅતથી અને મોહંમદ (સ.અ.વ.વ.) ની આલે અત્હરની તાઅતથી. સલવાત પઢજો, અલ્લાહતઆલા રસૂલુલ્લાહ પર અને આપની આલે પાક પર. (૩) હું શાહેદી આપું છું કે, નથી કોઇ રબ મગર અલ્લાહ છે, તે એક જ છે, તેનો કોઇ શરીક નથી. અને હું શાહેદી આપું છું કે મોહંમદ (સ.અ.વ.વ.) તેના બંદા છે અને તેના રસૂલ છે. અને હું શાહેદી આપું છું કે હમારા મૌલા અલી (અ.સ.) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વસી છે અને તેના વઝીર છે.

હવે જે નમાઝનો વકત હોય તે નમાઝની નીય્યત કરે અગર કોઇ ફરઝનો ગુસ્લ વાજીબ થાતો હોય તો તે ગુસ્લનું નામ પણ આ નીય્યતમાં શામીલ કરી લે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ اَللّٰهُمَّ اِنِّيْ نَوَيْتُ هٰذَا طَهُوْرِيْ لِصَلٰوةِ الظُّهْرِ وَالْعَصْرِ يَاكَ لِصَلٰوةِ الْمَغْرِبِ وَالْعِشَآءِ الْاٰخِرَةِ يَاكَ لِصَلٰوةِ السُّنَّةِ وَالْفَجْرِ وَلِكُلِّ صَلٰوةٍ اُصَلِّيْهَا

અલ્લાહુમ્મા ઇન્ની નવયતો હાઝા તહુરી લે સલાતિઝ ઝોહરે વલ અસરે / સલાતિસ સુન્નતે વલ ફજરે / સલાતિલ મગરીબે વલ ઇશાઇલ આખેરતે / સલાતિલ જનાઝતે / સલાતિત તહજ્જુદે વલે કુલ્લે સલાતીન ઉસલ્લીહા.

અય અલ્લાહતઆલા, હું નિય્યત કરું છું કે આ મારી વુઝુ (પાકી) ઝોહર અને અસર / મગરીબ અને ઇશાઇલ આખેરત / ફજર /જનાઝા /તહજ્જુદ વગેરા ની નમાઝ વાસ્તે છે અને આ સિવાય બીજી જે નમાઝો હું પઢું તેના વાસ્તે પણ છે.

વુઝુ કરનાર પાણીના વાસણને જમણા હાથથી ઉંચકે અને ડાબા હાથ પર પાણી નાંખે અગર હાથમાં બદબુ આવતી હોય તો સાબુથી યા માંટીથી ઘસી ને સાફ કરે. અગર ઘરમાં ટાંકી હોય અને પાણી નલમાં યા બેઝીનમાં આવતું હોય તો તેમાંથી જારી થતું પાણી વુઝુમાં ઇસ્તેમાલ કરે. તે પછી જમણા હાથથી પાણી લઇને કુલ્લી કરે અને તે દરમ્યાન દાતન પણ કરી લે. અગર દાતન કરવું મુનાસીબ ન થાય તો અંગુઠો અને તૌબા ની આંગલી થી દાંત ને સાફ કરે. ત્રણ વકત કુલ્લી કરતાં આ દુઆ પઢ

اَللّٰهُمَّ اسْقِنِيْ مِنْ كَاْسِ مُحَمَّدٍ نَّبِيِّكَ.

અલ્લાહુમ્મસ્કેની મિન કાઅસે મોહંમદીન નબીયેકા.

અય અલ્લાહતઆલા, તારા નબીએ કરીમ મોહંમદ (સ.અ.વ.સ.) ની પાક કદેહ (પ્યાલા) માંથી (કયામતના દીન) મને પીણું પીવડાવજે.

તે પછી ત્રણ વાર હાથના ખોબલામાંથી પાણીને નાકથી સુંઘે, જેથી પાણી નાકના ઉપરના હિસ્સા તક પહોંચે અને આ દુઆ પઢે

وَشَمِّمْنِيْ رَائِحَةَ جَنَّتِكَ فِيْ جَنَّتِكَ.

વશમ્મીમની રાએહતા જન્નતેકા ફી જન્નતેક.

અને મને તારી જન્નતની ખુશ્બુ તારી જન્નતમાં સુંઘાડજે.

તે પછી ત્રણ વાર મુંહ ધોઇ, પેશાની થી દાઢીના નીચલા હિસ્સા તક અને ગાલના બેવે પાંસા પર કાનના છેડા સુધી અને આંખમાં પાણી છીરકીને તર કરે. અગર દાઢી હોય તો તેમાં આંગલા નાંખે જેથી સગલી જગા પાણી પહોંચે. મુંહ ધોતા આ દુઆ પઢે

اَللّٰهُمَّ بَيِّضْ وَجْهِيْ بِنُوْرِ مَعْرِفَتِكَ يَوْمَ تُبَيِّضُ وُجُوْهَ الْمُؤْمِنِيْنَ وَتَسْوَدُّ وُجُوْهَ الْمُشْرِكِيْنَ وَنَوِّرْهُ بِنُوْرِ الْاِيْمَانِ.

અલ્લાહુમ્મા બય્યીઝ વજહી બે નુરે મઅરેફતેકા યવમા તોબય્યેઝો વોજુહલ મુઅમેનીના વ તોસવ્વેદો વોજુહલ મુશરેકીના વ નવ્વીરહો બે નુરીલ ઇમાન.

અય અલ્લાહતઆલા, જે દિન (મેહશરના દિન) તું મુમેનીનના ચેહરા નૂરાનીદાર કરીશ અને મુશરેકીન ના ચેહરા કાલા કરીશ તે દિન તું મારા ચેહરાને તારી માઅરેફત અને ઇમાનના નુરથી રોશન કરજે.

તે બાદ બેવે હાથોને ત્રણ-ત્રણ વાર કોનીથી આંગલા ના છેડા તક ધોય અગર હાથમાં વીંટી કે બંગડી હોય તો તેને પણ ફીરાવીને પાણી પહોંચાવે.

જમણો હાથ ધોતાં પઢે

اَللّٰهُمَّ اٰتِنِيْ كِتَابِيْ بِيَمِيْنِيْ وَلَا تُؤْتِنِيْ بِيَسَارِيْ

અલ્લાહુમ્મા આતેની કેતાબી બેયમીની વલા તુઅતેહી બેયસારી.

અય અલ્લાહતઆલા, મારી કિતાબ (મારા આઅમાલ ની ફેહરીસ્ત યા તેનું દફતર) મારા જમણા હાથમાં આપજે અને તેને મારા ડાબા હાથમાં ન આપજે.

ડાબો હાથ ધોતાં પઢે

اَللّٰهُمَّ لَا تُؤْتِنِيْ كِتَابِيْ بِشِمَالِيْ وَلَا مِنْ وَرَاءِ ظَهْرِيْ

અલ્લાહુમ્મા લા તુતેની કેતાબી બેશીમાલી વલા મીંવ વરાએ ઝહરી.

અય અલ્લાહતઆલા, મારા આઅમાલ ની કિતાબ મારા ડાબા હાથમાં ન આપજે તેમજ મારી પીઠ પાછલથી ન આપજે. (આઅમાલને રદ ન કરીશ.)

તે પછી માથાની મસાહ એક વાર કરે, માથાના વચમાંથી બેવે આંગલીઓને મીલાવીને આગલની તરફ પેશાની પર બાલ ઉગવાની જગા તક અને પછી પાછલની તરફ બોચીના હિસ્સા તક આંગલાને લઇ જાય અને પઢે

اَللّٰهُمَّ غَشِّنِيْ بِرَحْمَتِكَ مِنْ رَحْمَتِكَ

અલ્લાહુમ્મા ગશ્શેની બેરહમતેકા મીર રહમતેક.

અય અલ્લાહતઆલા, તારી રેહમતોના સાયાથી મને ઢાંકી દેજે.

કાનની મસાહ એક વાર કરે જમણા હાથની નાની આંગલી થી કાનના બેવે પાંસા પર અને અંદર તક પાણી પહોંચાવે અને પઢે

وَاَسْمِعْنِيْ مُنَادِيَ جَنَّتِكَ فِيْ جَنَّتِكَ

વ અસમેઅની મુનાદીયા જન્નતેકા ફી જન્નતેક.

અને મને તારી જન્નતના મુનાદીની આવાઝ તારી જન્નતમાં સંભલાવજે.

ગરદનની મસાહ એકવાર અને બેવે હથેલીને પાણીથી તર કરીને ગરદનના પાછલા હિસ્સાથી આગલ તક લાવે અને પઢે

اَللّٰهُمَّ اَعْتِقْ رَقَبَتِيْ مِنَ النَّارِ وَاحْفَظْنِيْ مِنَ السَّلَاسِلِ وَالْاَغْلَالِ يَا عَزِيْزُ يَا جَبَّارُ

અલ્લાહુમ્મા આઅતીક રકબતી મીનન્નારે વહફિઝની મિનસ્સલાસેલે વલ અગલાલે યા અઝીઝો યા જબ્બારો.

અય અલ્લાહતઆલા, કયામતના દિન તું મારી ગરદનને જહન્નમની આગથી આઝાદ કરજે. અને એય અઝીઝ, અય જબ્બાર મને બેડીઓ અને સાંકલોથી મેહફુઝ રાખજે.

તે પછી જમણા પગ પર બેવે હાથથી પગના આંગલાના છેડા થી કે બેવે ઘુંટી તક એકવાર મસાહ કરતાં પઢે

اَللّٰهُمَّ ثَبِّتْ قَدَمَيَّ عَلٰى صِرَاطِكَ الْمُسْتَقِيْمِ

અલ્લાહુમ્મા સબ્બીત કદમય્યા અલા સેરાતેકલ મુસ્તકીમ.

ડાબા પગના એકવાર મસાહ કરતાં પઢે

يَوْمَ تُثَبِّتُ اَقْدَامَ الْمُؤْمِنِيْنَ وَتُزِلُّ اَقْدَامَ اَعْدَائِكَ الْمُجْرِمِيْنَ

યવમા તુસબ્બેતો અકદામલ મુઅમેનીના વ તોઝીલ્લો અકદામા આઅદાએકલ મુજરેમીન.

અય અલ્લાહતઆલા, જે દિન તું મુઅમેનીનના પગોને તારા સીધા રસ્તા પર સાબીત અને મઝબુત કરીશ અને તું તારા ગુનાહ કરનાર દુશ્મનોના પગોને તારા સાચા રસ્તાથી ભટકાવી દઇશ, તે દિન મારા બંને પગો તારા સીધા અને સાચા રસ્તા પર મઝબુત રાખજે.

મસાહ કીધા પછી બેવે પગોને ધોવું અફઝલ છે. આ તમામ આઅઝા પર એક વાર મસાહ કરવાથી બરાબર ન થાય તો ત્રણ વાર મસાહ કરે. વુઝુથી ફારીગ થયા પછી આ દુઆ પઢે

سُبْحَانَكَ اَللّٰهُمَّ وَبِحَمْدِكَ لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ اَسْتَغْفِرُكَ وَاَتُوْبُ اِلَيْكَ اَللّٰهُمَّ اجْعَلْنِيْ مِنَ التَّوَّابِيْنَ وَاجْعَلْنِيْ مِنَ الْمُتَطَهِّرِيْنَ وَاغْفِرْ لِيْ وَارْحَمْنِيْ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ اَللّٰهُمَّ كَمَا طَهَّرْتَنِيْ بِالْمَآءِ فَطَهِّرْنِيْ مِنَ الذُّنُوْبِ

(૧) સુબ્હાનકા અલ્લાહુમ્મા વબે હમદેકા લા ઇલાહા ઇલ્લા અન્તા અસ્તગફેરોકા યા રબ્બે વ અતુબો ઇલયકા (૨) અલ્લાહુમ્મજઅલની મીનત્તવ્વાબીના વજઅલની મીનલ મોતતાહેરીના વગફીરલી વરહમની યા અરહમરહિમીન (૩) અલ્લાહુમ્મા કમા તહરતની બિલ માએ ફતહહીરની મિનઝ ઝુનુબ.

(૧) અય અલ્લાહતઆલા, તુ તમામ ચીઝથી આઝાદ અને બલંદ છે. અને હું તારા હમ્દ સાથે કહું છું કે તારા સિવાય બીજો કોઇ રબ નથી. અય મારા પાલનહાર, હું તારે નઝદીક મારા ગુનાહોની માફી માંગું છું અને હું તૌબા કરું છું. (૨) અય અલ્લાહતઆલા મને તૌબા કરનારાઓમાં તેમજ પાક થાનારાઓમાં શામિલ કર અને તું મને માફ કર અને અય રહેમ કરનારાઓમાં તમામથી વધારે રહેમ કરનાર, તું મારા પર રહેમ કર. (૩) અય અલ્લાહતઆલા, જે મુજબ તુએ મને પાણીથી પાક કીધો તે મુજબ ગુનાહોથી પાકીઝા કરજે.

અગર વુઝુ કરવાની તરતીબમાં ફેરબદલ થઇ હોય યાની ડાબા હાથને જમણા હાથ કરતાં પહેલાં ધોયો હોય તો પાછી વુઝુ કરે અને પહેલાં જમણો હાથ ધોય પછી ડાબો હાથ ધોય એજ મીસલ બીજા આઅઝામાં અમલ કરે. અગર વુઝુ દરમ્યાન કોઇ ખાસ કામ વાસ્તે વુઝુ મુકવી પડે તો મુકે. અગર આઅઝા ભીગા હોય તો જહાં થી વુઝુ મુકી હોય વહાં થી વુઝુ તમામ કરે. અગર આઅઝા સુકાઇ ગયા હોય તો શુરુથી વુઝુ કરે. જાણીને વુઝુ હરગીઝ કત્અ ન કરે. જે શખ્સનો હાથ યા પગ યા બીજા આઅઝા કપાઇ ગયા હોય તો જેટલો આઅઝા ધોવાની અને મસાહ ની હદનું બાકી હોય એટલાને ધોય યા મસાહ કરે. જે બીમાર ના હાથ યા પગ ઉપર પટો યા પ્લાસ્ટર બાંધેલ હોય અને તેનું ખોલવું નુકસાન ન કરતું હોય તો ખોલીને ધોય યા મસાહ કરે. અગર નુકસાન કરતું હોય તો ન ખોલે, તેના ઉપર થી હાથને પાણીના સાથે ફીરાવી લે. મોઝા પર પગની મસાહ કરવું દુરસ્ત નથી. મોઝા ઉપર મસાહ કીધી હોય તો વુઝુ ફરીથી કરે.

સુન્નતને મુકે નહીં. સુન્નતના ગુસ્લોમાં જુમોઆ ના દીન ગુસ્લ કરે, ઇદુલ ફીત્ર અને ઇદુઝ્ઝોહા માં ઇદની નમાઝ પહેલાં ગુસ્લ કરે, હજ કે ઉમરાહનો એહરામ બાંધે તે પહેલાં ગુસ્લ કરે, અરફા અને ગદીરે ખુમના દીન ગુસ્લ કરે, મદીનએ મુનવ્વરા-મક્કએ મોઅઝ્ઝમા અને બયતુલ્લાહ માં દાખલ થાતા પહેલાં ગુસ્લ કરે, મૈયતને નવરાવનાર ગુસ્લ કરે, રજબની પહેલી અને સત્તાવીસમી રાતે - શાબાન ની પંદરમી રાતે - શેહરૂલ્લાહની તીન રાતો સત્તરમી - ઓગણીસમી - અકવીસમી અને તેવીસમી લયલતુલ કદર ની રાતે ગુસ્લ કરે.

તરબીહે ઈરતેગાસા

આ તરબીહ કરવાથી તમામ સગીરા ગુનાહોનો કફ્ફારો અને ખાતેમો થાય છે. મુમીનનું દફતરે આઅમાલ બદ અમલની નાપાકીથી તૈયબો તાહેર થાય છે અને સઘલી હાજતો પૂરી થાય છે. હરરોઝ ૧૦૦ વાર પઢે.

يَاغِيَاثَ الْمُسْتَغِيْثِيْنَ اَغِثْنِىْ وَيَاخَيْرَ
النَّاصِرِيْنَ اُنْصُرْنِىْ يَامَالِكَ يَوْمِ الدِّيْنِ
يَااِلٰهَ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَصَلَّى اللّٰهُ
عَلٰى خَيْرِ خَلْقِهٖ مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّاهِرِيْنَ.

"યા ગેયાસલ મુસ્તગીસીના અગીસ્ની, વ યા ખૈરન્નાસેરીન ઉન્સૂરની, યા માલેકા યૌમીદ દીન, યા ઇલાહલ અવ્વલીના વલ આખેરીન વ સલ્લલ્લાહો અલા ખૈરે ખલ્કેહી મોહંમદીવ વઆલેહીત્તાહેરીન."

માઅના : અય મદદ તલબ કરનારાઓના મદદ કરનાર, મારી મદદ કરો, અને અય બેહતરીન યારી દેનાર, મને યારી આપો, અય કયામતના દિનના માલીક, અય આગલા લોકો અને આવનારા લોકોના ખુદા, સલવાત પઢજો અલ્લાહતઆલા મોહંમદ (સ.અ.વ.વ.) પર અને આપની આલે પાક પર જે તેની ખલ્કતના ખૈર અને અફઝલ છે.

ફરઝ અને સુન્નતના ગુસ્લોની ઝીક

ફરઝ ના ગુસ્લો સાત છે. ખુદાતઆલા ફરમાવે છે કે,

اِنَّمَا الْمُشْرِكُوْنَ نَجَسٌ.

ઇન્નમલ મુશરેકુના નજસુન. "મુશરીકો નાપાક છે",

(૧) તે વાસ્તે મુશરીક જે વકત ઇસ્લામ લાવે તે જ વકત ગુસ્લ કરે.

(૨) કોઇ શખ્સ ને સપનામાં કોઇ ચીઝ નઝર આવે અને મની નીકલી આવે અને હુશયાર થાય, તે વકત મની નો અસર નઝર આવે તો ગુસ્લ કરવું વાજીબ છે. આ ગુસ્લ એહતેલામ નો કહેવાય છે અને અગર કોઇ તરહનો અસર માલૂમ પડે નહીં અને ફકત શક આવે તો એના ઉપર ગુસ્લ વાજીબ નથી.

(૩) જનાબતના ગુસ્લની બે કીસ્મ છે. એક બેરો સાથે મુજામેઅત (હમબીસ્તરી) કરવાથી અને બીજો બેરો ને ઔરત સિવાય મીલવાથી. મરદ બેરોના સાથ ઔરતમાં નહી અને બીજી જગાહ પર મીલે અને મની નીકલી આવે તો ગુસ્લ વાજીબ થાય. અગર મની ન નીકલે તો ગુસ્લની ઝરૂરત નથી. અગર ઔરતમાં મીલે જેમાં મરદની ઔરતનું માથું બેરોની ઔરતમાં ગાઇબ થાય અને બેવે ખતાનત મીલી જાય તો બેવે ઉપર ગુસ્લ કરવું વાજીબ છે ચાહે મની નીકલે યા ન નીકલે.

(૪) હૈઝનું ખુન આવતું બંધ થાય કે તે જ વકત બેરો ગુસ્લ કરે, બેરોને હૈઝનું ખુન આવવાની ઇઝા કમ-અઝ-કમ ત્રણ દિવસ અને ઝ્યાદાથી ઝ્યાદા દસ દિવસની હોય છે.

(૫) સુવાવડ નું ખુન બેરોને આવતું બંધ થાય કે તેજ વકત ગુસ્લ કરે આ ખુન બેરોને ઝ્યાદાથી ઝ્યાદા ચાલીસ દિવસ તક આવતું હોય છે.

(૬) મૈયતને દફન કરતા પહેલા ગુસ્લ દેવું વાજીબ છે.

(૭) કોઇ શખ્સ બેહોશ યા મજનુન (પાગલ) થયો હોય અને એને કંઇ ખબર ન પડી હોય તો જે વકત હુશયાર થાય તે વકત ગુસ્લ કરે. યા કોઇ શખ્સનું પુરૂં બદન કોઇ સબબથી નાપાક થયું હોય તો પાક થવાનો ગુસ્લ કરે. આ સાત ગુસલો વાજીબ અને ફરઝ છે, અને કેટલા ગુસ્લો રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નત છે, વાજીબ નથી. મુમીનને લાઝીમ છે કે

મરદ અને બૈરો ના ગુસ્લોનું બયાન

અગર કોઇ શખ્સ પર ગુસલ વાજીબ હોય તો પહેલાં ઇસ્તીન્જા કરે, જેથી મની બાકી હોય તો નીકલી જાય. અગર ઇસ્તીન્જા ન કરે અને ગુસલ ની નીય્યત પઢા પછી મની નીકલે તો ફરીથી ગુસલ ઉતારવો પડે, ઔરતની જગહને બરાબર સાફ કરે અને તે બાદ વુઝુ કરે, પછી જે ગુસલ વાજીબ હોય તેની નીય્યત લે.

اَللّٰهُمَّ اِنِّیْ اَغْتَسِلُ لِلْجَنَابَةِ بِاَکِ لِلْاِحْتِلَامِ فَرْضٌ عَلَیَّ
بِسْمِ اللّٰهِ اَللّٰهُ اَکْبَرُ۔

અલ્લાહુમ્મા ઇન્ની અગતસેલો લીલ જનાબતે/લીલ એહતેલામે
ફરઝુન અલય્યા બીસ્મીલ્લાહે અલ્લાહો અકબર.

"અય અલ્લાહતઆલા, હું જનાબત યા એહતેલામનો ગુસ્લ કરૂં છું, જે મારા ઉપર ફરઝ છે. અલ્લાહના નામથી શરૂ કરૂં છું, અલ્લાહ મોટો છે."

તે પછી પોતાના બદન ઉપર પાણી નાંખે અને ચોતરફ બેવે હાથોને ફીરાવે જેથી બદન નો કોઇ પણ આઝા કોરો ન રહે અગર બૈરો પર ગુસલ વાજીબ થાય તો આ મુજબ નીય્યત લે

اَللّٰهُمَّ اِنِّیْ اَغْتَسِلُ لِلْحَیْضِ بِاَکِ لِلنِّفَاسَةِ فَرْضٌ عَلَیَّ
بِسْمِ اللّٰهِ اَللّٰهُ اَکْبَرُ۔

અલ્લાહુમ્મા ઇન્ની અગતસેલો લીલ હૈઝે/લીલ નફાસતે
ફરઝુન અલય્યા બીસ્મીલ્લાહે અલ્લાહો અકબર.

"અય અલ્લાહતઆલા, હું હૈઝ યા નફાસતનો ગુસ્લ કરૂં છું, જે મારા ઉપર ફરઝ છે. અલ્લાહના નામથી શરૂ કરૂં છું, અલ્લાહ મોટો છે."

પહેલે બૈરો પોતાના માથાની વીણને ખોલી નાંખે, હાથમાં ચુડી યા અંગુઠી હોય તેને ફીરાવે જેથી એના નીચે પાણી પહુંચે. છાતીના નીચે અને ડુંટીમાં આંગલી નાંખે યા કોઇ જગા પર સલ પડી ગયા હોય તો એના નીચે પાણી પહોંચાવે કોઇ જગા બાકી રાખે નહીં.

હૈઝનું ખુન જાડું, બદબુવાલું અને ગરમ હોય છે અગર આ મીસલનું ખુન ન

હોય તો તે ઇસ્તહાઝાનું ખુન કહેવાય. હૈઝ અને નફાસત વાલા બૈરો થી કરીબ થાવું હરામ છે. અગર એમાં નુત્ફો રહી જાય તો યકીનથી સમઝે કે ફરઝન્દ આલે મોહંમદ (સ.અ.વ.વ.) નો દુશ્મન થાશે. સબબ કે રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હદીસે શરીફમાં ફરમાયું છે કે,

يَا عَلِيُّ لَا يُبْغِضُكَ مِنَ الرِّجَالِ اِلَّا مَنْ هُوَ لِغَيْرِ
رُشْدَةٍ اَوْ مَنْ حَمَلَتْ بِهٖ اُمُّهٗ لِغَيْرِ طُهْرٍ۔

યા અલી, લાયુબગેઝન્નકા મીનર રેજાલે ઇલ્લા મન હોવા લેગૈરે રુશદતીન
ઔ મન હમલત બેહી ઉમ્મોહુ લેગૈરે તાહેરીન.

"અય અલી, લોગોમાંથી તે જ શખ્સના દીલમાં તમારા વાસ્તે અદાવત અને દુશ્મની હશે, જેને અલ્લાહે હિદાયત નહીં આપી હોય યા જેનો હમલ તેની માઁ ના પેટમાં નાપાકીની હાલતમાં રહ્યો હશે."

હૈઝ નો ફરઝન્દ જુઝામ ની બીમારીવાલો થાશે. તે વાસ્તે આ મોટો ગુનાહ છે. અગર હૈઝના હાલમાં મરદ અને બૈરો એક બીસ્તર પર આરામ કરે અને ઔરતના સીવાય બીજી જગા પર મીલે યા હાથ લગાવે એમાં કંઇ હરજ નથી.

હૈઝ, નેફાસ અને જનાબતવાલા બૈરો કુરઆન શરીફને હાથમાં લે નહીં તેમ પઢે પણ નહીં. મસ્જીદમાં ન જાય. રોઝા રાખે નહીં. નમાઝ પઢે નહીં. જે બૈરો પર જનાબતનો ગુસ્લ વાજીબ થયો હોય અને તરત હૈઝ આવે, તો જે વકત પાક થાય તે વકત જનાબત અને હૈઝનો એક જ ગુસ્લ બોલે. હૈઝનું ખુન બંદ થાય તો તે જ વકત પાક થાય દેર લગાવે નહીં. અગર તાખીર કરશે અને એમાં જે નમાઝ ફૌત થાશે તો એને વાલવી પડશે. બૈરોના હૈઝના અય્યામ કમમાં કમ તીન અને ઝયાદાથી ઝયાદા દસ હોય છે. અગર દસ દિન પછી ખુન નઝર આવે તો ઇસ્તેહાઝાનું ખુન કહેવાય. તે બૈરો મરદ વાસ્તે હલાલ છે. રોઝા કરવું અને નમાઝ પઢવું જાઇઝ છે. હર એક નમાઝના વકત તે બૈરો ગુસ્લ કરીને નમાઝ પઢશે તો ખુદાતઆલા એ બીમારીને દુર કરશે. જે બૈરોના ફરઝના રોઝા ગયેલા હોય તો તે બીજા મહીનામાં ગયેલા રોઝાની તારીખની નીય્યત લઇને વાલે. અગર રમઝાનની તેરમી નું રોઝું ગયું હોય અને બીજા મહીનામાં રોઝુ વાલવું હોય તો તેરમી તારીખના રોઝાની નીય્યત લે. **જહાં તક ફરઝના ફૌત થયેલા રોઝા વાલવામાં ન આવે વહાં તક બીજા**

નાફેલતના રોઝા રાખે નહીં. પહેલે ફરઝના રોઝા વાલે અને તે ઝીલહજ મહીનાના પહેલા દસકામાં વાલે [illegible]. બાલીગ મરદને ખ્વાબમાં મની નીકલે યા બેરોને ખ્વાબમાં પેશાબના રસ્તેથી પાણી નમૂદાર થાય તો એ એહતેલામ કહેવાય છે. આ ગુસ્લ ફરઝનો છે. તે જ વકત ગુસ્લ કરે અને પાક થાય.

તસ્બીહે નાદે અલી (અ.સ.)

હર આફત, બલા અને મુસીબતમાં આ તસ્બીહને પઢે અને અમીરૂલ મુમેનીન હઝરત અલી (અ.સ.) ના વસીલાથી અલ્લાહતઆલાથી મદદ અને યારી તલબ કરે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَادِ عَلِيًّا مَظْهَرَ الْعَجَائِبِ

تَجِدْهُ عَوْنًا لَكَ فِي النَّوَائِبِ

كُلُّ هَمٍّ وَّغَمٍّ سَيَنْجَلِيْ

بِعَظَمَتِكَ يَا اَللّٰهُ وَبِنُبُوَّتِكَ

يَا مُحَمَّدُ وَبِوَلَايَتِكَ

يَا عَلِيُّ يَا عَلِيُّ اَدْرِكْنِيْ

"નાદે અલીય્યન મઝહરલ અજાઇબે, તજીદહો ઔનલ લકા ફીન નવાઇબ, કુલ્લા હમ્મીન વ ગમ્મીન સયન્જલી બેઅઝમતેકા યા અલ્લાહ, વબે નોબુવ્વતેકા યા મોહંમદ વબે વલાયતેકા યા અલી, યા અલી અદરીકની."

માઅના : નિદા કર તું મૌલા અલી (અ.સ.) ને કે જે અજીબો ગરીબ ચીઝોના ઝાહીર કરનાર છે. તું મૌલા અલી (અ.સ.) ને તારે વાસ્તે મદદગાર પાઇશ હર ઉલ્ઝનોમાં, હર હમ-ગમ માં. તો અય અલ્લાહતઆલા તમારી અઝમતના સબબ, અય મોહંમદ રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) તમારી નુબુવ્વતથી અને અય મૌલા અલી (અ.સ.) તમારી જ વલાયતથી, મને મારા મૌલા હર મુસીબતથી બચાવી લેશે, અય મૌલા અલી, અય મૌલા અલી મને પરામી લો.

બદન અને કપડાંની પાકી નું બયાન

પેશાબ-સંડાસ, મની-મઝીનું પાણી, ખુન-પીપ-દારૂ યા તે મીસલ ની ચીઝો નાપાક છે. એમાં થી કોઇ પણ ચીઝ બદન કે કપડાંને લાગે તો એને ધોઇ નાંખે અને સાફ કરીને પાક પાણીથી નમાઝી કરે. જે શખ્સના બદનમાં દાણા યા ગુંમડા યા ઝખમ હોય અને તેમાંથી ખુન યા પીપ વેહતું હોય અને વહેવું બંદ ન થાતું હોય તો તે શખ્સ પોતાના કપડાંને ધોઇને નમાઝના વકત પહેરે. અગર નમાઝ પઢતાં કોઇ ચીઝ નીકલે તો એમાં કોઇ નુકસાન નથી. મગર જેટલું સાફ રહી શકાય તેટલું રહે

وَاللّٰهُ اَعْذَرُ لِعَبْدِهٖ اِذَا ابْتَلَاهُ.

વલ્લાહો આઝરો લેઅબદેહી એઝબ્તલાહો.

યાની "ખુદા પોતાના બંદા ના ઉઝર (તકલીફ) ને કબુલ કરનાર છે જે વકત તે બંદાને બીમારી આપે છે." એ જ મીસલ જે શખ્સને પેશાબ ટપકવાની બીમારી હોય તો તે શખ્સ એક થેલી લઇને એના ઉપર પાણી છીરકીને પોતાની ઔરત પર બાંધે અને નમાઝ પઢે. અગર નમાઝમાં કોઇ ચીઝ નીકલે તો ઇમ યકીન કરે કે આ પાણી તે જ ભીગાશ છે. જે શખ્સ કે નમાઝ પઢે અને એના કપડાંમાં નાપાકી હોય અને તે શખ્સ ને ખબર ન હોય અને નમાઝ પઢા પછી માલુમ પડે, તો તે શખ્સની નમાઝ જાઇઝ છે. અગર તે શખ્સ ને ખબર હોય કે કપડાં નાપાક છે, અને નમાઝના વકત ભૂલી જાય અને નમાઝ પઢા પછી યાદ આવે, તો તે શખ્સને નમાઝ વાલવી પડે. જે શખ્સ નાપાક ઝમીન પર થી ગુઝરે અને એના પગોમાં કોઇ નાપાકી લાગે તે બાદ પાક ઝમીન પર થી ગુઝરે અને તે પાક ઝમીન પર ગુઝરવાથી પગોમાં લાગેલી નાપાકી સાફ થાય તો પગો પાક કહેવાય. સબબ કે ઝમીન નો એક હિસ્સો (પાક) ઝમીનના બીજા હિસ્સા (નાપાક) ને પાક કરે છે.

મસ્જીદની ફઝીલત નું બયાન

બયતુલ્લાહ ના હરમમાં (મક્કએ મોઅઝ્ઝમા) માં નમાઝ પઢનારને એક લાખ (૧,૦૦,૦૦૦) નમાઝનો સવાબ છે. મસ્જીદે નબવી (મદીનએ મુનવ્વરા) માં દસ હઝાર (૧૦,૦૦૦) નમાઝનો સવાબ છે. મસ્જીદે અકસા (બયતુલમુકદ્દસ) માં નમાઝ પઢવાનો એક હઝાર (૧૦૦૦) નમાઝનો સવાબ છે. જામેઅ મસ્જીદમાં ઇમામતની નમાઝનો એક સો (૧૦૦) ઘણો સવાબ છે અને કબીલા ની મસ્જીદમાં (જે જગા પર મુમેનીનની આબાદી કમ હોય) ૨૫ નમાઝનો સવાબ છે. મસ્જીદુસ્સુક યાની બાઝારની મસ્જીદમાં ૧૨ નમાઝનો અને જે શખ્સ ઘરમાં એકલો નમાઝ પઢે તો એક નમાઝનો સવાબ છે.

મસ્જીદમાં અઝાન કહેવાય અને તે આવાઝ જે મકાન તક પહોંચે તે સઘલા મસ્જીદના પડોશી કહેવાય. રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસ શરીફમાં આવું છે કે "મોઅઝ્ઝીન ની આવાઝ દરીયાની મછલી સાંભલે છે એ મુવાફીક સઘલા મસ્જીદના પડોશી કહેવાય છે." મસ્જીદમાં નમાઝનો પઢનાર, કુરઆનનો પઢનાર, દુઆનો કરનાર, વાઅઝ અને હીદાયતનો કરનાર, દીનના ઇલ્મનો શીખાવનાર બેસે, એના સીવાય બીજા લોગો બેસે નહીં. મસ્જીદમાં યહુદી, નસ્રાની, મજુસી, મુશ્રીક અને જે બચ્ચાંઓ નમાઝ પઢતાં ન હોય અને ફકત નમાઝમાં ખલલ કરતા હોય તે સઘલાને મસ્જીદમાં દાખલ કરે નહીં. અગર દાખલ કરશે તો કયામતના દીન અલ્લાહતઆલા તે મસ્જીદના લોગોને ખનાઝીર (ભૂંડ) અને વાંદરાઓની સુરતમાં ઉઠાવશે. અગર મસ્જીદમાં તાઅમીરની ઝરૂરત પડે અને કોઇ મુસ્લીમ તાઅમીરનો કરનાર ન મીલે તો યહુદી, નસ્રાની અને મજુસીને લાવે. મસ્જીદને સાફ રાખે. બુખુર અને ખુશ્બુ મુકે. કુરઆન શરીફમાં ખુદાતઆલાએ ફરમાયું છે કે મસ્જીદને ઝીનત બખશવી નમાઝ પઢવાની મીસીલ છે. મસ્જીદમાં હથીયાર લગાવે નહી અગર દુશ્મનનો યા જાનનો ખૌફ હોય તો હરકત નથી. મસ્જીદમાં સાપ યા વીંછુ નઝર આવે તો મારવું જાઇઝ છે. મસ્જીદમાં એહતેલામ યા જનાબતવાલો શખ્સ અને હાઇઝ (હૈઝદાર) અને સુવાવડવાલા બેરો બેસે નહીં.

મસ્જીદની અદબો નું બયાન

પહેલી અદબ - મસ્જીદમાં દાખલ થતાં જમણો પગ આગલ કરે અને આ દુઆ પઢે

بِسْمِ اللّٰهِ وَبِاللّٰهِ اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصّٰلِحِيْنَ.

બિસમિલ્લાહે વ બિલ્લાહે અસ્સલામો અલયકા અય્યોહન નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહુ અસ્સલામો અલયના વ અલા એબાદીલ્લાહિસ સાલેહીન.

અગર એકથી ઝ્યાદા મુમીન હોય તો આ પઢે

اَلسَّلَامُ عَلَيْكُمْ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ

અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહુ.

શરૂ કરું છું અલ્લાહના બાબરકત અને મુબારક નામથી. અય નબી (સ.અ.વ.વ.), આપ પર અલ્લાહતઆલાના સલામ, રેહમત અને બરકત છે અને હમારે પર અને ખુદાના નેક બંદાઓ પર સલામ છે- તમારા પર અલ્લાહતઆલાના સલામ, રેહમત અને બરકત છે.

બીજી અદબ - મસ્જીદમાં દાખલ થયા પછી તહીય્યતુલ મસ્જીદની બે રકાઅત નમાઝ પઢે.

પહેલી રકાતમાં - સુરતુલ ફાતેહા અને સુરતુલ ફલક.

બીજી રકાતમાં - સુરતુલ ફાતેહા અને સુરતુન નાસ.

اُصَلِّيْ صَلٰوةَ تَحِيَّةِ الْمَسْجِدِ رَكْعَتَيْنِ لِلّٰهِ عَزَّوَجَلَّ اَدَآءً مُسْتَقْبِلَ الْكَعْبَةِ الْحَرَامِ اَللّٰهُ اَكْبَرُ.

ઉસલ્લી સલાતા તહિય્યતિલ મસ્જીદે રકઅતયને લિલ્લાહે અઝ્ઝા વ જલ્લા અદાઅન મુસ્તકબેલલ કઅબતિલ હરામે અલ્લાહો અકબર.

હું મસ્જીદની તહિય્યતની બે રકાતની નમાઝ અલ્લાહતઆલા વાસ્તે કાઅબતુલ્લાહને મુકાબીલ ઉભા રહીને અદા કરું છું.

તીજી અદબ - નમાઝ વાસ્તે મસલ્લો સાફ અને સફેદ હોવો જોઇએ. તેમાં તસ્બીહ, રૂમાલ અને દુઆની હફતી હોવી ઝરૂરી છે.

મસલ્લો બીછાવતા આ દુઆ પઢે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ. وَقُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِي الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِيٌّ مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا.

વ કોલિલ હમ્દો લિલ્લાહિલ્લઝી લમ યત્તખિઝ વલદંવ વલમ યકુલ લહુ શરીકુન ફીલ મુલ્કે વલમ યકુલ લહુ વલીય્યુમ મિનઝ ઝુલ્લે વ કબ્બિરહો તકબીરા.

અય રસુલુલ્લાહ (સ.અ.વ.વ.), તમે કહો કે તમામ તારીફ અલ્લાહતઆલા વાસ્તે છે જેણે કોઇને પોતાનો દીકરો બનાવો નથી અને તેની ઇલાહી હુકુમત અને મુલ્કમાં કોઇ શરીક નથી અને ન તો કમઝોરીના સબબ તેને કોઇ મદદગારની ઝરૂરત છે. અય રસુલેખુદા (સ.અ.વ.વ.) તમે હંમેશા અલ્લાહતઆલાની તકબીર કરા કરો.

ચોથી અદબ - મસ્જીદમાં કીબ્લા સામે બેસે. કીબ્લાને પીઠ દઈને તેમજ પલાઠી મારીને બેસે નહીં. નમાઝ ના વક્ત ને વાર હોય તો કુરઆને કરીમ પઢે યા હફ્તી માંથી દુઆ પઢે યા જે મહિનો હોય તેની તસ્બીહ કરે.

પાંચમી અદબ - મસ્જીદમાં દુનીયાની વાતો અને કોઇની ગીબત કરે નહીં. તેમજ પુકારીને ઝોરથી બોલે નહીં. ખોવાઇ ગયેલી ચીઝને ઢુંઢે નહીં.

છઠ્ઠી અદબ - મસ્જીદમાં થુંકે નહીં અગર ઝરુરત પડે તો રૂમાલમાં લઇ લે. ઝોરથી છીંકે નહી અને નમાઝ ના હાલમાં દાઢીના બાલ તોડવું અને બાલ સાથે રમત કરવી મના છે.

સાતમી અદબ - ફરઝની નમાઝમાં ઇમામ સાથે કીરાઅત પઢે નહીં અને રૂકુઅ યા સજદામાં ઇમામથી આગલ જાઇ નહીં.

આઠમી અદબ - મસ્જીદમાં હથીયાર લગાવે નહીં.

નવમી અદબ - મસ્જીદમાં નંગો થાય નહીં તેમજ પોતાની ઔરતને ખુલ્લી કરે નહીં.

દસમી અદબ - મસ્જીદમાં કોઇ ચીઝ વેચે યા ખરીદે નહીં.

અગીયારમી અદબ - મસ્જીદથી બહાર નીકલતાં ડાબો પગ આગળ કરે.




બારમી અદબ - મસ્જીદમાં જાનવરની તસ્વીર યા જે ચીઝ નમાઝમાં ખલલ કરતી હોય તે મુકે નહીં. મસ્જીદમાં સઝા આપે નહીં. મગર તેહઝીબ અને અદબ વાસ્તે આપવામાં આવે તો હરજ નથી.

નમાઝના અરકાન અને તરતીબ

નમાઝ પઢનારને વાજીબ છે કે નમાઝના ફરઝોને બરાબર અદા કરે તો જ તે નમાઝી કહેવાય. નમાઝમાં સાત ફરઝો છે.

૧. નીય્યતનું બાંધવું.
૨. નીય્યત બાદ તકબીરતુલ એહરામનું બોલવું.
૩. નમાઝમાં મસલ્લાના કીબ્લાની તરફ નિગાહ રાખવી.
૪. હર રકાતમાં અલહમ્દો (સુરતુલ ફાતેહા) નું પઢવું.
૫. રૂકુઅ દેવું
૬. સજદાનું કરવું.
૭. તશહહુદ અને સલામ વાસ્તે બેસવું.

મરદ અને બૈરો નમાઝમાં ઔરતને ઝાહીર કરે નહીં. અગર ઔરત ઝાહીર થઇ જાય તો તરત જ જલ્દીથી ઢાંકે એમા સુસ્તી કરે નહીં. મરદની ઔરતની હદ ઢુંટીથી કે ગુંઠણ તક છે. અને બૈરોનું તમામ બદન ઔરત છે. તે વાસ્તે બૈરો નમાઝમાં બારીક કપડાં પહેરે નહીં સબબ કે અગર એમાંથી બદન નઝર આવે તો નમાઝ જાઇઝ નથી. બૈરો માથાના બાલ યા બદનની કોઇ ચીઝ ઝાહીર થાવા દે નહીં. તેમજ નમાઝમાં બૈરો ગરદન ખાલી રાખે નહી. સોનું યા ચાંદી જે ભીલે તે પેહરે, અગર કોઇ ચીઝ ન હોય તો ફક્ત દોરો પણ ગલામાં બાંધે. હાથમાં મેંહદી લગાવે, નકશી પાડે નહી. મરદના આંગલાના મુજબ આંગલા કોરા રાખે નહીં. નમાઝી પાક કપડાં પહેરીને મસ્જીદમાં આવે અને મસલ્લો બીછાવે.



હવે જે શખ્સ નમાઝ પઢવા ઉભો થાય તો બેવે પગના પંજાને જોડીને રાખે. અગર આ મુજબ ઉભું ન રહેવાય તો બેવે એડીને જોડેલી રાખે અને પંજાના ઉપરના હિસ્સાને થોડા છુટા રાખે. મગર બેવે પંજા દરમ્યાન જગા રાખી છુટા ન રાખે.


તે બાદ જે નમાઝનો વક્ત હોય તેની દીલમાં નીય્યત કરે. નીય્યત લે તે વક્ત બેવે હથેલીને છાતીને નઝદીક જોડીને રાખે જેથી પોતાની નઝર મસલ્લાના સજદાગાહ પર રહે.







નીય્યત પઢા બાદ બેવે હાથને ફેલાવીને કાનના મુકાબીલ હાથના આંગલાઓના છેડાઓ લઇ જાય અને તકબીરતુલ એહરામ "અલ્લાહો અકબર" બોલીને બેવે હાથને બે બાજુ ઢીલા છોડી દે.








બેરો તકબીરતુલ એહરામ "અલ્લાહો અકબર" બોલીને બેવે હાથને સીના ઉપર મુકીને છાતી ઢાંકી દે.






પોતાની નઝર સજદાના મકાનમાં રાખે. નમાઝમાં આંખ બંદ કરે નહી યા આમ તેમ જોઇ નહીં. ફરઝની નમાઝ હોય તો પહેલી બે રકાતમાં "અલ્હમ્દો" સાથે બીજી ઉતરતી સુરત પઢે. મીસાલ : અગર પહેલી રકાતમાં "અલ્હમ્દો" સાથે "ઇઝાજાઅ નસ્રુલ્લાહે" પઢી હોય તો બીજી રકાતમાં "અલ્હમ્દો" સાથે "તબ્બતયદા" યા "કુલ હોવલ્લાહો અહદ" યા "કુલ અઉઝો બેરબ્બીલ ફલક" યા "કુલ અઉઝો બેરબ્બીન નાસ" પઢી શકાય છે. સુન્નત અને નાફેલતની નમાઝ હોય તો હર રકાતમાં "અલ્હમ્દો" સાથે ચઢતી સુરત પઢે. મીસાલ : પહેલી રકાતમાં "અલ્હમ્દો" સાથે "સુરતુન નાસ" પઢી હોય, તો બીજી રકાતમાં "અલ્હમ્દો" સાથે "સુરતુલ ફલક", તે મુજબ જો ૬ રકાત હોય તો "સુરતુલ કાફેરૂન" તક સુરતો પઢે. ઝોહર અને અસરનું ફરઝ હોય તો પહેલી બે રકાતમાં કીરાત મખ્ફી પઢે, મગર મગરીબ-ઇશાઇલ આખેરત, અને ફજરના ફરઝમાં કીરાત ઝોરથી પઢે. આ સિવાય ફરઝની બાકીની રકાતમાં "અલ્હમ્દો" મખ્ફી પઢે. સુરતુલ ફાતેહા તમામ થાય તો "આમીન" કહે નહીં. "વલઝઝાલ્લીન" ના સાથે બીજી સુરતની "બીસ્મીલ્લાહ" ને મીલાવી દે. અગર "અલહમ્દો" પછી બીજી સુરતો પઢવાની હોય તો પઢે, નહીં તો રૂકુઅમાં જાય. કીરાતથી ફારીગ થાય તે વકત બેવે હાથને "તકબીરતુલ એહરામ" ને મુજબ કાનના મુકાબીલ લઇ જાય અને "અલ્લાહો અકબર" કહીને રૂકુઅમાં જાય. રૂકુઅમાં મરદો બેવે હાથથી ગુંઠણને લુકમાની મુજબ પકડે અને બેવે કોનીને ઝરા બાહર નીકાલે. અને માથા સાથે પીઠ બરાબર સીધી રાખે.





બેરો પોતાના માથાને પીઠથી થોડું ઉંચું રાખે, વધારે ઝુકે નહીં. મરદો મુજબ કોનીને વધારે બાહર નીકાલે નહીં અને ગુંઠણ હાથથી જકડે નહીં મગર હથેલીને તેના પર આંગલા સીધા રાખીને મૂકે.





અને આ મીસલ દુઆ ત્રણ વાર પઢે.

سُبْحَانَ رَبِّيَ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

સુબ્હાના રબ્બેયલ અઝીમ વ બે હમ્દેહી.

મારા અઝમતવાલા પાલનહાર વાસ્તે તસ્બીહો તકબીર છે અને તેની હમ્દોસના છે.

તે પછી રૂકુઅથી માથું ઉંચું કરીને ઉભો થાય અને બેવે હાથ પાછા કાનના મુકાબીલ કરે અને

سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ

સમેઅલ્લાહો લેમનહમેદહ.

"અલ્લાહતઆલા તે મુમીનની દુઆ સાંભલે છે જે તેનો હમ્દ કરે છે"

કહે અગર ઈમામના સાથે નમાઝ પઢતો હોય તો ફકત

رَبَّنَا لَكَ الْحَمْدُ

રબ્બના લકલહમ્દ.

"અય હમારા રબ તારે વાસ્તે હમ્દોસના છે."


કહે અને સજદામાં "અલ્લાહો અકબર" કહીને જાય. સજદામાં જાય તે પહેલા મરદ પોતાની હથેલીઓ ને મસલ્લા પર ટેકે તે બાદ બેવે ગુંઠણને નમાવે.





મગર બેરો પહેલે ગુંઠણ ટેકે તે બાદ બેવે હથેલીઓને સજદા વાસ્તે મૂકે.



સજદામાં પેશાની અને નાક બરાબર ઝમીનને લગાવે અને બેવે હાથને કાનના નઝદીક ઝમીન ઉપર પાથરીને મુકે અને કોનીને થોડી ઊંચી રાખે અને પગના પંજાને ઝમીન પર અડકીને રાખે.








બેરો પોતાની ઓઢણીના છેડા ઉપર સજદો દે નહીં. તેમજ મકનો બાંધતી વક્ત ઓઢણીથી કે બાલથી પેશાની ને ઢાંકે નહીં અને જહાં સજદો કરવાની જગા હોય એને બરાબર પેશાની અને નાક લગાવે.



મરદ પોતાની પાઘડી, ટોપો યા ટોપી ઉપર કે જુબ્બા યા પહેરણની આસ્તીન ઉપર સજદો દે નહીં. ટોપી પહેરતી વક્ત ટોપીના છેડાને કે પેશાનીના બાલને પેશાની પર ન રાખે, તેને ખુલ્લી રાખે જેથી સજદો બરાબર અદા થાય.



આ મીસલ દુઆ ત્રણ વાર પઢે,

سُبْحَانَ رَبِّيَ الْأَعْلَىٰ وَتَعَالَىٰ

સુબ્હાના રબ્બેયલ આઅલા વ તઆલા.


"મારા સૌથી આઅલા અને બલંદતર પાલનહાર વાસ્તે તસ્બીહો તકબીર છે."

તે પછી સજદાથી માથું ઉચકે તે વક્ત હાથ ઉચા કરે નહી ફકત "અલ્લાહો અકબર" કહીને ડાબા પગને સુલાવી દે અને એના ઉપર જમણા પગને અંગુઠા ઉપર રાખે મગર બેરો જમણા પગને અંગુઠા પર રાખે નહી, તેને સુલાવી દે.





અને હાથને ગુંઠણના નઝદીક જાંઘ ઉપર પાથરીને મૂકે ધ્યાન રાખે કે બેવે પગના તલીયા પર ન બેસે.



અને આ મીસલ એકવાર પઢે,

اَللّٰهُمَّ اغْفِرْلِيْ وَارْحَمْنِيْ وَاجْبُرْنِيْ وَارْفَعْنِيْ

અલ્લાહુમ્મગ ફીરલી વરહમની વજબુરની વરફઅની.

"અય અલ્લાહતઆલા, મારી ખતાઓને માફ કર, મારા પર રહેમ કર, મારી હાલતને સુધાર અને બેહતર બનાવ અને મને ઇલ્મો અમલમાં ઊંચો કર."


તે પછી "અલ્લાહો અકબર" બોલીને પહેલા સજદાની મીસલ બીજો સજદો દે અને ત્રણ વાર પહેલા સજદા મુજબ તસ્બીહ પઢે. તે બાદ બીજી રકાત પઢવા વાસ્તે "અલ્લાહો અકબર" કહીને ઊભા થાય અને એક વાર પઢે,

اَللّٰهُمَّ اِنِّيْ بِحَوْلِكَ وَقُوَّتِكَ اَقُوْمُ وَاَقْعُدُ.

અલ્લાહુમ્મા ઇન્ની બે હવલેકા વ કુવ્વતેકા અકુમો વ અકઓદો.

"અય અલ્લાહતઆલા, ફક્ત તારી જ તાકત અને કુવ્વતથી હું ઊભો થાઉં છું અને બેસું છું."

બીજી રકાત પઢવા ઊભા થાય તો મરદ પહેલા ગુંઠણને મસલ્લા પરથી ઉંચકે પછી હાથને ઉંચકે અને બેરો પહેલા હાથ ઉંચકે પછી ગુંઠણના બલ પર ઉભા થાય. આ મુજબ જેટલી રકાતની નીય્યત લીધી હોય તેટલી રકાત તમામ કરે.



તસ્બીહે રીઝક

આ દુઆ રોઝી અને રીઝક હાસીલ કરવા વાસ્તે હર રોઝ કોઇ પણ વકત પર પઢે.

وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا ۝ وَّ
يَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ ؕ وَمَنْ
يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ ؕ اِنَّ اللّٰهَ
بَالِغُ اَمْرِهٖ ؕ قَدْ جَعَلَ اللّٰهُ لِكُلِّ شَيْءٍ
قَدْرًا ۝

"વમંય યત્તકીલ્લાહા યજઅલ્લહુ મખ્રેજા. વ યરઝોકોહુ મીન હયસો લા યાહતસીબ. વમંય યતવક્કલ અલલ્લાહ ફહોવા હસ્બોહુ. ઇન્નલ્લાહા બાલેગો અમરેહી કદ જઅલલ્લાહો લેકુલ્લે શયઇન કદરા."

માઅના : અને જે શખ્સ અલ્લાહતઆલાથી ડરશે તો તેને વાસ્તે અલ્લાહ રોઝીના રસ્તાને હમવાર કરશે અને તેને એવી જગાથી રીઝક આપશે કે તેને ગુમાન પણ નહીં હોય. અને જે શખ્સ અલ્લાહતઆલા પર ભરોસો કરશે તો તે અલ્લાહ કાફી છે, અલ્લાહ તેના કામને પૂરૂં કરશે, હર ચીઝ વાસ્તે અલ્લાહે એક મીકદાર મુકર્રર કીધી છે.

નમાઝના વકતોનું બયાન

ઇમામ જાઅફરૂસ્સાદીક (અ.સ.) થી રીવાયત છે કે આપે ફરમાયું કે, "હર નમાઝના બે વકત છે - અવ્વલ (પહેલો) અને આખીર (છેલ્લો), પણ અવ્વલ વકત અફઝલ છે. કોઇને એ ઇખ્તેયાર નથી કે આ બે વકતોમાંથી આખીર વકતને જ પોતાની નમાઝ પઢવાનો વકત બનાવી લે, સબબ કે આખીર વકત તો બીમાર, અલીલ (તકલીફવાલા) અને માઅઝુર (રૂકાવટવાલા) શખ્સ વાસ્તે છે. પહેલો વકત અલ્લાહની ખુશીનો છે અને આખીર વકત અલ્લાહની મોઆફીનો છે અને મોઆફી (અફવ) તો ભૂલ અને તકસીર થાય તે બાદ જ મંગાય છે. કેટલી શરમની વાત છે કે કોઇ શખ્સ ગૈર વકતમાં નમાઝ પઢે એના બાવજુદ કે તેને ખબર હોય કે નમાઝનો અવ્વલ વકત તો તેના અહલ અને માલ કરતા પણ અફઝલ છે."

-: ઝોહરની નમાઝનો વકત :-

ઇમામ જાઅફરૂસ્સાદીક (અ.સ.) એ ફરમાયું કે, "જે વકત સૂરજ ઝવાલ થાય છે તો બેવે નમાઝ ઝોહર અને અસરનો વકત થઇ જાય છે, અને ઝોહરની નમાઝ બાદ અસરની નમાઝ પઢવામાં કોઇ હરજ નથી." ઝોહરની નમાઝનો પહેલો વકત સૂરજનું ઝવાલ થાવું છે યાની આસ્માનના દરમ્યાનથી સૂરજનું મગરીબ તરફ ઢલવું છે યા કોઇ પણ ચીઝના સાયાનું મશરીક તરફ દેખાવવું છે. ઝવાલ થયા બાદ બે કલાક ગુઝરે તે ઝોહરનો આખીર વકત છે, તે બાદ ઝોહરની નમાઝ કઝા થઇ જાય છે.

-: અસરની નમાઝનો વકત :-

અસરનો અવ્વલ વકત ઝવાલથી જ શરૂ થાય છે યા ઝોહરની નમાઝ પઢા બાદ તરતજ છે હોય તેથી અપને સૂરજ ઝવાલ થયા પછી અડધો કલાક બાદ ઝોહર વાસ્તે અઝાન કહીએ છીએ અને તે બાદ તરત જ અસરની નમાઝ અદા કરીએ છીએ. આ વકતમાં બેવે નમાઝનો અવ્વલ વકત શામીલ છે. ઝવાલ થયા બાદ ચાર કલાક પૂરા થાય તે અસરની નમાઝનો આખીર વકત છે અને તે બાદ અસર કઝા થઇ જાય છે. અસરના આખરી વકતની નિશાની એ પણ છે કે જે વકત સૂરજ પીલો પડતો જાય અને તેની રોશની ઘટતી જાય.

-: મગરીબની નમાઝનો વકત :-

મગરીબની નમાઝ વાસ્તે એક જ વકત છે - તેનો અવ્વલ કે આખીર વકત નથી. તેથી આ નમાઝમાં પહેલા ફરઝ છે, પછી સુન્નત છે. આ નમાઝ વકતની પાબંદી

સાથે અદા કરવી જોઇએ. જો અગર ગફલત થઇ જાય તો નમાઝ કઝા થઇ શકે છે. મગરીબનો વકત સૂરજનું ગુરૂબ થાવું છે. ઝમીનની સતેહથી સૂરજ પૂરેપૂરો ગાઇબ અને ગુરૂબ થઇ જાય તે મગરીબનો વકત છે. મગરીબનો વકત તલવારની ધાર મુજબ એક જ છે. આ નમાઝના વકતની બીજી નિશાની મશરીકમાં આછી કાલેકીનું ઝાહીર થાવું છે.

-: ઇશાઇલ આખેરતની નમાઝનો વકત :-

ઇશાઇલ આખેરતનો વકત મગરીબની નમાઝ બાદ તરત જ ઇબ્તેદા થઇ જાય છે. આ તેનો અવ્વલ વકત છે. આ નમાઝના વકતની બીજી નિશાની મશરીકમાં પૂરા તૌર પર કાલેકીનું છવાઇ જાવું છે અને આ નમાઝનો આખીર વકત અડધી રાત (નિસ્ફીલ્લૈલ) તક છે.

-: નિસ્ફીલ્લૈલ અને બીજી નાફેલતની નમાઝનો વકત :-

➔ નિસ્ફીલ્લૈલ અને ઇસ્તીફતાહની બે-બે રકાતની નમાઝનો વકત અડધી રાતે થાય છે. યા મગરીબની નમાઝના વકત પછી ૬ કલાક ગુઝરા બાદ થાય છે.

➔ અગર કોઇ શખ્સ અડધી રાત યાઅની રાતે ૧૨:૦૦ વાગા પહેલા નાફેલતની નમાઝો પઢવાનો ઇરાદો રાખે, તો તેને પહેલા ઇશાઇલ આખેરતની નમાઝ પઢેલી હોવી જોઇએ. ફરઝની નમાઝ પૂરી કીધા પછી જ નાફેલતની નમાઝ પઢવું જાઇઝ છે.

➔ જો આ નમાઝ અદા કીધી હોય તો તે શખ્સ નાફેલત વાસ્તે નિસ્ફીલ્લૈલ અને ઇસ્તીફતાહની નમાઝ સીવાય તમામ બીજી બે-બે રકાતની નમાઝ પઢી શકે છે જેમાં લૈલતુલ કદરની બે-બે રકાતની નમાઝો પણ શામીલ છે.


➔ જે શખ્સ અડધી રાત ગુઝરી જાવા પછી ઉઠે અને નમાઝનો ઇરાદો કરે તો તે નિસ્ફીલ્લૈલ અને ઇસ્તીફતાહની નમાઝો છોડીને તહઝ્જુદની ૧૨ રકાતની નમાઝ શફાની નમાઝના વકત તક પઢી શકે છે.

➔ રાતના ૧૨:૦૦ વાગી ચૂકા હોય અને તે બાદ થોડો જ વકત ગુઝરો હોય તો તહઝ્જુદની નમાઝ સાથે બીજી નાફેલતની બે-બે રકાતની નમાઝો પઢી શકાય છે.

-: શફા અને ફજરની નમાઝનો વકત :-

રાતની નાફેલતની નમાઝના આખીરમાં યા નિસ્ફલ્લૈલની નમાઝ બાદ યા રાતના છેલ્લા હિસ્સામાં યાની ફજરના દોઢ કલાક પહેલા શફાની નમાઝ પઢે. શફાની નમાઝ સાથે વિતર અને જુલુસની નમાઝ પઢે. આ નમાઝ પછી ફજરનું સુન્નત અને ફરઝ પઢે. તે દરમ્યાન બીજી કોઇ નમાઝ ન પઢે. શફાનો આખરી વકત સૂરજના

તુલુઅ થાવાની જગા પર ચીરાગની રોશની મુજબ બારીક રોશનીનું ઝાહીર થાવું છે. તે બાદ શફા કઝા થઇ જાય છે. આ રોશની આહીસ્તા-આહીસ્તા મશરીકની ડાબી અને જમણી બાજુ ફેલાય છે. આ વકત ફજરનો અવ્વલ વકત છે, જે સૂરજના તુલુઅને અંદાઝન પોણો કલાક પહેલા થાય છે. અગર ફજરની અઝાન થાય અને શફાની નમાઝ ન પઢી હોય તો પેહલે તેને કઝા પઢે તે પછી ફજરનું સુન્નત અદા પઢે. ફજરની નમાઝનો આખીર વકત મગરીબમાં સુરખી (લાલી) નું ઝાહીર થાવું છે અને મશરીકથી તમામ જગે રોશનીનું ફેલાવ્વું છે. ફજરની નમાઝ પઢવામાં કોઇ ઉઝુર યા તકલીફ સિવાય તાખીર ન કરે. નમાઝને અવ્વલ વકતમાં જ અદા કરે. ફજરની નમાઝ કઝા થઇ હોય તો સુરજ તુલુઅ થયા બાદ યા કે નાફેલતની નમાઝનાં વકતમાં "અઝ્ઝ વ જલ્લ કઝાઅન" કહીને પઢી શકાય છે.



ઉપર આપેલો ખાકો (ગ્રાફીક) નમાઝના ઔકાતનો છે જેનું બયાન ઉપર થઇ ચુકું છે.

→ ફજરના સુન્નત અને ફરઝ દરમ્યાન કોઇ નમાઝ નથી, મગર કોઇ મસ્જીદમાં આવે અને "તહીય્યતુલ મસ્જીદ" ની નમાઝ પઢે તો જાઇઝ છે.

→ ફજરનું ફરઝ પઢા પછી સૂરજના ઉગવા તક કોઇ નમાઝ નથી. અગર ફજરનું ફરઝ અદા કીધું હોય અને તેનું સુન્નત ન પઢું હોય તો ફરઝ બાદ અઝાન કલ્હા બગેર સુન્નત કઝા પઢે.

→ ઇશાઇલ આખેરતની નમાઝ બાદ ફોત થયેલી નમાઝ વાલે. નિય્યતમાં "અદાઅન" ના લફ્ઝને બદલે "કઝાઅન" બોલે.

→ અસરની નમાઝ બાદથી સૂરજના ગુરૂબ તક ફરઝની ફોત થયેલી નમાઝ વાલવાનો અમલ નથી. જનાઝા અને ગ્રહણની નમાઝ પઢવામાં રૂખસત આવી છે.

→ નમાઝના વકત પહેલા નમાઝ ન પઢે. આ તરહની નમાઝ પઢવું બેકાર છે અને તેને તેના વકતમાં પાછી વાલે.

→ રોઝા વાસ્તે સેહરીનો આખીર વકત તુલુઉશ-શમ્સ યાની સુરજ ઉગવાને દોઢ કલાક પહેલાનો છે યા ફજરના સુન્નતની અઝાનને ૧૫ મીનીટ પહેલાનો છે. આ વકત થયા બાદ કોઇ ચીઝ ખાય કે પીએ નહી અને ફજરનું ફરઝ પઢા બાદ રોઝાની નીય્યત લે.

મોહીબ્બે એહલે બૈતે રસૂલ (સ.અ.વ.વ.) વાસ્તે ઝીકે-ઇલાહી તેની આખેરતની બકા અને ખુશહાલી વાસ્તે એક કીરદારે અઝીમ અદા કરે છે. અલ્લાહતઆલાનો કરમ છે કે તેએ હમને આ સીફતના મુમેનીન બનાવેલા છે અને હમારા દીલો ઝમીરમાં એહલે બૈત (અ.સ.) ની ઉલફત અને વલાયત ઝીંદા રાખી છે અને હમારી દુનિયા-આખેરતને આ હકીકી અને બાતેની ઇબાદતથી કામયાબ બનાવેલી છે. પાઁચ વકતની નમાઝ એ હમારે વાસ્તે ઝાહેરી ઇબાદત છે અને એહલે બૈત (અ.સ.) ની હક્કાનીય્યતની મારેફત રાખવી એ હમારે વાસ્તે બાતેની ઇબાદત છે. જે શખ્સનું બાતીન સહીહ-સાલીમ હશે, તો બેશક તેનું ઝાહીર બરાબર જ હોવાનું. લેહાઝા હમારા દીલમાં એહલે બૈત (અ.સ.) અને આપની નસ્લે અતહરની મોહબ્બત અને ઇતાઅત હોવી, હમારી તમામ ઝાહેરી ઇબાદતને અલ્લાહતઆલાની નઝરમાં મુકમ્મલ અને માઅરૂફ બનાવે છે.

જે અમલ કરવાથી નમાઝ તૂટી જાય છે તેનું બયાન

૧) નમાઝની દુઆઓ સિવાય બીજી કોઇ ચીઝ બોલવાથી.
૨) હસવાથી.
૩) કીબ્લાથી મૂઁહને ફીરાવ્વાથી.
૪) ખાવાની ચીઝ મૂઁહમાં રાખવાથી.
૫) કીતાબ યા સહીફામાં નઝર કરવાથી.
૬) જવાહેરાત પર નઝર કરવાથી.

જે અમલ કરવું નમાઝમાં નાદૂરૂસ્ત છે અને જેથી નમાઝમાં ખલલ પૈદા થાય છે તેનું બયાન

૧) કુંક મારવાથી.
૨) મોટા આવાઝથી બગાસો ખાવાથી. (બગાસો ખાતી વકત યા છીંકતી વકત મૂઁહ પર હાથ યા રૂમાલ મૂકી દે.)
૩) આંગલાઓના કાચકા ફોડવાથી.
૪) આઁખ બંધ કરવાથી.
૫) મૂઁહમાંથી કોઇ પણ તરહનો આવાઝ નીકાલવાથી.
૬) દાઢીથી યા તસ્બીહથી રમત કરવાથી.
૭) આલસ ખાવાથી.

નમાઝમાં મુસ્કુરાવ્વાથી પરહેઝ કરે. નમાઝ દૌરાન કોઇ એવી બાબત દરપેશ થાય જેનો જવાબ દેવું લાઝીમ બને તો ફકત "સુબ્હાનલ્લાહ" કહી તે બાબતને ટાલે.

નમાઝની નીય્યત અને દુઆઓ

ઉસલ્લી .....(કઇ નમાઝ અને કેટલી રકાત)..... લિલ્લાહે અઝ્ઝા વ જલ્લા અદાઅન મુસ્તકબેલલ કઅબતિલ હરામે અલ્લાહો અકબર.

أُصَلِّيْ سُنَّةَ صَلٰوةِ الظُّهْرِ سِتَّ رَكَعَاتٍ لِلّٰهِ عَزَّوَجَلَّ اَدَاءً مُسْتَقْبِلَ الْكَعْبَةِ الْحَرَامِ اَللّٰهُ اَكْبَرُ -

મીસાલ :- ઝોહરના સુન્નતની ૬ રકાતની નિય્યત : ઉસલ્લી સુન્નતા સલાતિઝ ઝોહરે સિત્તા રકઆતિન લિલ્લાહે અઝ્ઝા વ જલ્લા અદાઅન મુસ્તકબેલલ કઅબતિલ હરામે અલ્લાહો અકબર.

હું ઝોહરના સુન્નતની ૬ રકાતની નમાઝ અલ્લાહતઆલા વાસ્તે કાઅબતુલ્લાહને મુકાબીલ ઊભો રહીને અદા કરું છું.

➜ કઇ નમાઝના ફરઝ, સુન્નત અને નાફેલતની કેટલી રકાત છે તેની ફેહરીસ્ત :-

નમાઝ	ફરઝ	સુન્નત	નાફેલત
ફજર	૨	૨	-
ઝોહર	૪	૬	૪
અસર	૪	૪	-
મગરીબ	૩	૬	-
ઈશાઈલ આખેરત	૪	૪	૪
શફાની ૨ રકાત, વિતરની ૧, જુલુસની ૨ અને તતવ્વાની ૪ રકાતની નીય્યત લે.			

નમાઝ એક રકાતની હોય તો નીય્યતમાં "રકઅતન" કહે, બે રકાત હોય તો "રકઅતૈને" કહે, ત્રણ રકાત હોય તો "સલાસા રકાતીન" કહે, ચાર રકાત હોય તો "અરબઆ રકાતીન" કહે અને છો રકાત હોય તો "સિત્તા રકાતીન" કહે. ઈમામ સાથે ફરઝની નમાઝ અદા કરતા હોય તો નીય્યતમાં "મોઅતમ્મન" બોલવું લાઝીમ છે.

મીસાલ : ઝોહરના ફરઝની ચાર રકાત ઈમામ સાથે પઢતા હોય તો આ મુજબ નીય્યત લે,

"ઉસલ્લી ફરઝા સલાતિઝ ઝોહરે અરબઆ રકાતીન લિલ્લાહે અઝ્ઝા વ જલ્લા અદાઅન મુસ્તકબેલલ કઅબતિલ હરામે મોઅતમ્મન અલ્લાહો અકબર."

સુન્નત અને નાફેલતની નમાઝમાં યા ફરઝની નમાઝ એકલા પઢતા હોય તો નીય્યતમાં

"મોઅતમ્મન" બોલવાની ઝરૂરત નથી. બેરો ઉપરની નમાઝની નીય્યત આ મુજબ લે. "ઉસલ્લી ફરઝા સલાતિઝ ઝોહરે અરબઆ રકાતીન લિલ્લાહે અઝ્ઝા વ જલ્લા અદાઅન મુસ્તકબેલતિલ કઅબતિલ હરામે મોઅતમ્મતન અલ્લાહો અકબર."

➜ હર સુન્નત પઢતાં પહેલા અને મગરીબની નમાઝ પહેલા અઝાન કહે. અઝાન કહેવામાં સવાબ અને ફઝલ ઘણો છે. રસુલે કરીમ (સ.અ.વ.વ.) ફરમાવતા કે ત્રણ ચીઝોની ફઝીલત બેશુમાર છે.

(૧) અઝાન દેવું
(૨) જુમ્આની નમાઝ વાસ્તે જલ્દી જાવું અને
(૩) પહેલી સફમાં નમાઝ વાસ્તે ચઢવું.

જે લોકો અઝાન દેનાર છે તેની ગરદનો કયામતના દિન સવાબ લેવા વાસ્તે ખુદાતઆલાની તરફ ઉચી હશે. અઝાન તરન્નુમ સાથે અને બલંદ આવાઝથી કહે,

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ اَشْهَدُ اَنْ لَّآ اِلٰـهَ اِلَّا اللّٰهُ اَشْهَدُ اَنْ لَّآ اِلٰـهَ اِلَّا اللّٰهُ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ اَشْهَدُ اَنَّ مَوْلَانَا عَلِيًّا وَّلِيُّ اللّٰهِ اَشْهَدُ اَنَّ مَوْلَانَا عَلِيًّا وَّلِيُّ اللّٰهِ حَيَّ عَلَى الصَّلٰوةِ حَيَّ عَلَى الصَّلٰوةِ حَيَّ عَلَى الْفَلَاحِ حَيَّ عَلَى الْفَلَاحِ حَيَّ عَلٰى خَيْرِ الْعَمَلِ حَيَّ عَلٰى خَيْرِ الْعَمَلِ مُحَمَّدٌ وَّعَلِيٌّ خَيْرُ الْبَشَرِ وَعِتْرَتُهُمَا خَيْرُ الْعِتْرِ مُحَمَّدٌ وَّعَلِيٌّ خَيْرُ الْبَشَرِ وَعِتْرَتُهُمَا خَيْرُ الْعِتْرِ اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ

(૧) અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, (૨) અશહદો અન લા ઇલાહા ઇલ્લલ્લાહ, અશહદો અન લા ઇલાહા ઇલ્લલ્લાહ, (૩) અશહદો અન્ના મોહંમદર રસુલુલ્લાહ, અશહદો અન્ના મોહંમદર રસુલુલ્લાહ, (૪) અશહદો અન્ના મૌલાના અલીય્યંવ વલીયુલ્લાહ, અશહદો અન્ના મૌલાના અલીય્યંવ વલીયુલ્લાહ, (૫) હય્યા અલસ્સલાત, હય્યા અલસ્સલાત, (૬) હય્યા અલલફલાહ, હય્યા અલલફલાહ,

(૭) હય્યાઅલા ખૈરીલ અમલે, હય્યાઅલા ખૈરીલ અમલ, (૮) મોહંમદુવ વ અલીય્યુન ખૈરૂલ બશરે વ ઇતરતોહોમા ખૈરૂલ ઇતર, મોહંમદુવ વ અલીય્યુન ખૈરૂલ બશરે વ ઇતરતોહોમા ખૈરૂલ ઇતર, (૯) અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, (૧૦) લાઇલાહા ઇલ્લલ્લાહો, લાઇલાહા ઇલ્લલ્લાહ.

(૧) અલ્લાહાતઆલા તમામથી મોટા છે. [૪]
(૨) હું શાહેદી આપું છું કે અલ્લાહતઆલા સિવાય બીજો કોઇ માઅબુદ નથી. [૨]
(૩) હું શાહેદી આપું છું કે મોહંમદ (સ.અ.વ.વ.) અલ્લાહના રસૂલ છે. [૨]
(૪) હું શાહેદી આપું છું કે હમારા મૌલા અલી (અ.સ.) અલ્લાહના વલી છે. [૨]
(૫) નમાઝ વાસ્તે જલ્દી કરો. [૨]
(૬) (નમાઝથી મીલનાર) કામયાબી વાસ્તે જલ્દી કરો [૨]
(૭) ખેર અમલને અદા કરવા જલ્દી કરો. [૨]
(૮) મોહંમદ (સ.અ.વ.વ.) અને અલી (અ.સ.) બની આદમમાં આઅલા છે અને બંને સાહબોની નસલ બીજી તમામ નસલો કરતા અફઝલ છે. [૨]
(૯) અલ્લાહતઆલા તમામથી મોટા છે. [૨]
(૧૦) અલ્લાહતઆલા સિવાય બીજો કોઇ મઅબુદ નથી. [૨]

➜ પછી ઉડુકરા બેસીને કુનુતમાં મનમાં આ દુઆ પઢે,

اَللّٰهُمَّ عَلَيْهَا اَحْيَا وَعَلَيْهَا اَمُوْتُ وَعَلَيْهَا اُبْعَثُ اِنْشَاءَ اللّٰهُ تَعَالٰى اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ الْعَفْوَ وَالْعَافِيَةَ فِي الدِّيْنِ وَ الدُّنْيَا وَالْاٰخِرَةِ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ.

(૧) અલ્લાહુમ્મા અલયહા અહયા વ અલયહા અમુતો વ અલયહા ઉબઅસો ઇન્શાઅલ્લાહો તઆલા (૨) અલ્લાહુમ્મા ઇન્ની અસઅલોકલ અફ્વા વલ આફીયતા ફીદ્દીને વદદુન્યા વલ આખેરતે (૩) ઇન્નકા અલા કુલ્લે શયઇન કદીર.

(૧) અય અલ્લાહતઆલા, નમાઝથી જ મારી જીન્દગી છે અને નમાઝ પર જ મારી વફાત થાશે. અને કયામતના દિને જો અલ્લાહતઆલાએ ચાહ્યું તો નમાઝ પર જ હું કબરમાંથી ઊઠીશ. (૨) અય અલ્લાહતઆલા, હું તમારાથી દીનમાં, દુનિયામાં અને આખેરતમાં મારી ખતાઓની માફીનો અને તકલીફથી શિફાનો સવાલ કરૂં છું. (૩) બેશક તું હર ચીઝ પર કુદરત રાખનારો છે.

➔ હર ફરઝ પઢતા પહેલા ઈકામત કહે,

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ
اَشْهَدُ اَنْ لَّآ اِلٰـهَ اِلَّا اللّٰهُ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ
اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا
رَّسُوْلُ اللّٰهِ حَيَّ عَلَى الصَّلٰوةِ حَيَّ عَلَى الصَّلٰوةِ حَيَّ عَلَى
الْفَلَاحِ حَيَّ عَلَى الْفَلَاحِ حَيَّ عَلٰى خَيْرِ الْعَمَلِ حَيَّ عَلَى
خَيْرِ الْعَمَلِ قَدْ قَامَتِ الصَّلٰوةُ قَدْ قَامَتِ الصَّلٰوةُ اَللّٰهُ اَكْبَرُ
اَللّٰهُ اَكْبَرُ لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ.

(૧) અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, (૨) અશહદો અન લા ઇલાહા ઇલ્લલ્લાહ, અશહદો અન લા ઇલાહા ઇલ્લલ્લાહ, (૩) અશહદો અન્ના મોહંમદર રસુલુલ્લાહ, અશહદો અન્ના મોહંમદર રસુલુલ્લાહ, (૪) હય્યા અલસ્સલાત, હય્યા અલસ્સલાત, (૫) હય્યા અલલફ્લાહ, હય્યા અલલફ્લાહ, (૬) હય્યાઅલા ખૈરીલ અમલે, હય્યાઅલા ખૈરીલ અમલ, (૭) કદકામતિસ સલાત, કદકામતિસ સલાત, (૮) અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, (૯) લાઇલાહા ઇલ્લલ્લાહ.

(૧) અલ્લાહતઆલા તમામથી મોટા છે. [૪]
(૨) હું શાહેદી આપું છું કે અલ્લાહતઆલા સિવાય બીજો કોઇ માઅબુદ નથી. [૨]
(૩) હું શાહેદી આપું છું કે મોહંમદ (સ.અ.વ.વ.) અલ્લાહના રસૂલ છે. [૨]
(૪) નમાઝ વાસ્તે જલ્દી કરો. [૨]
(૫) (નમાઝથી મીલનાર) કામયાબી તરફ જલ્દી કરો. [૨]
(૬) જલ્દી કરો તમે ખૈર અમલને અદા કરવા વાસ્તે. [૨]
(૭) નમાઝ શરૂ થઇ ગઇ છે. [૨]
(૮) અલ્લાહતઆલા તમામથી મોટા છે. [૨]
(૯) અલ્લાહતઆલા સિવાય બીજો કોઇ મઅબુદ નથી.

➔ પછી ઉભા રહીને મનમાં આ દુઆ પઢે. તે બાદ ફરઝની નમાઝની નીચ્યત લે,

اَللّٰهُمَّ اَقِمْهَا وَاَدِمْهَا وَشَرِّفْهَا وَعَظِّمْهَا وَعَلَى الشَّيْطَانِ

حَرِّمْهَا وَاجْعَلْنِيْ مِنَ الْقَآئِمِيْنَ بِهَا وَالْمُحَافِظِيْنَ عَلَيْهَا
بِحَقِّ الْكَلِمَاتِ التَّامَّاتِ اٰتِ مُحَمَّدِ نِ الْوَسِيْلَةَ وَالْفَضْلَ
وَالْفَضِيْلَةَ وَالدَّرَجَةَ الرَّفِيْعَةَ وَابْعَثْهُ الْمَقَامَ الْمَحْمُوْدَ
الَّذِيْ وَعَدْتَهٗ وَصَلِّ عَلَيْهِ وَعَلٰى اَهْلِ بَيْتِهِ الطَّاهِرِيْنَ

(૧) અલ્લાહુમ્મા અકિમહા વ અદિમહા વ શરિફ્હા વ અઝ્ઝીમહા (૨) વ અલશ્શયતાને હરિમહા વજઅલની મિનલ કાએમીના બેહા વલ મોહાફેઝીના અલયહા (૩) બે હક્કીલ કલેમાતિત તામ્માતે આતે મોહમ્મદેનિલ વસીલતા, વલ ફઝ્લા વલ ફઝીલતા વદ્દરજતર રફીઅતા, (૪) વબઅસહુલ મકામલ મહમૂદલ્લઝી વઅદતહુ વ સલ્લે અલયહે વ અલા અહલે બયતેહીત તાહેરીન.

(૧) અય અલ્લાહતઆલા, તું નમાઝને મુમેનીનની જમાઅતમાં કાઇમ રાખજે, હંમેશા રાખજે, શરફ અને અઝમત બખ્શજે (૨) અને શયતાન મરદૂદ પર નમાઝને હરામ કરજે. અને મને નમાઝ પઢનારાઓમાંથી બનાવ અને તેનો હિફાઝત કરનાર કર (વકત પર પઢનાર કર). (૩) કલેમાતીત તામ્માત, આઅલા મરતબાના સાહબોના વસીલાથી, અય અલ્લાહતઆલા તું મોહંમદ (સ.અ.વ.વ.) ને મુબારક વસીલો, ફઝલ, ફઝીલત અને બલંદ મરતબો ઇનાયત કર. (૪) અને તેમને મકામે મહમૂદ (આઅલા મંઝેલત) તરફ ચઢાવ જેનો તુંએ મીઆદ આપો છે. અને મોહંમદ (સ.અ.વ.વ.) પર અને આપના એહલે બૈત (અ.સ.) પર સલવાત પઢજો.

➔ હર ફરઝની નિય્યત લીધા પછી મનમાં બગૈર "બિસ્મીલ્લાહ" આ દુઆ પઢે. તે બાદ પહેલી રકાતની સુરતો પઢે. ઇમામ સાથે ફરઝ પઢતા હોય તો ઇમામની કીરાત દરમ્યાન ખામોશી સાથે ઉભા રહે.

وَجَّهْتُ وَجْهِيَ لِلَّذِيْ فَطَرَ السَّمٰوٰتِ وَالْاَرْضَ حَنِيْفًا
مُّسْلِمًا وَّمَا اَنَا مِنَ الْمُشْرِكِيْنَ اِنَّ صَلٰوتِيْ وَنُسُكِيْ
وَمَحْيَايَ وَمَمَاتِيْ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ لَا شَرِيْكَ لَهٗ وَبِذٰلِكَ
اُمِرْتُ وَاَنَا مِنَ الْمُسْلِمِيْنَ عَلٰى مِلَّةِ اِبْرَاهِيْمَ وَدِيْنِ

مُحَمَّدٍ وَّوَلَايَةِ عَلِيٍّ وَّاَبْرَءُ اِلَيْهِ مِنْ اَعْدَائِهِ الظّٰلِمِيْنَ

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ.

(૧) વજ્જહતો વજહેયા લિલ્લઝી ફતરસ સમાવાતે વલ અરઝા હનીફમ મુસલેમંવ વમા અના મિનલ મુશરેકીન. (૨) ઇન્ના સલાતી વ નોસોકી વ મહયાયા વ મમાતી લિલ્લાહે રબ્બિલ આલમીન (૩) લા શરીકા લહુ વબેઝાલેકા ઓમિરતો વ અના મિનલ મુસલેમીન. (૪) અલા મિલ્લતે ઇબ્રાહીમા વ દીને મોહમ્મદીવ વ વલાયતે અલીય્યીવ વ અબરઓ ઇલયહે મીન અઅદાએહિઝ ઝાલેમીન. (૫) અઉઝો બીલ્લાહે મિનશશયતા નિર્રજીમ.

(૧) મેં મારા ચેહરાને અલ્લાહતઆલાની તરફ કીધો છે, જેએ આસ્માનો અને ઝમીન પૈદા કીધા છે. હું હકના દીન પર ચાલનારો છું અને મુસલમાન છું અને હું મુશરીકો (બુતપરસ્તો) માંથી નથી. (૨) હકકન હકકા! મારી નમાઝ, મારી પરહેઝગારી, મારી ઝીંદગી અને મારૂં મરવું ફકત અલ્લાહતઆલા વાસ્તે છે જે બેવે આલમનો પરવરદીગાર છે. (૩) તેની ઝાતે પાકમાં કોઇ શરીક નથી. અને આ વાસ્તે મને હુકમ કરવામાં આવો છે અને હું મુસલેમીનમાંથી છું. (૪) હું ઇબ્રાહીમ (અ.સ.) ની મિલ્લત (દીન) પર અને મોહંમદ (સ.અ.વ.વ.) ની શરીઅત પર અને અલી (અ.સ.) ની વલાયત પર છું અને તેમના ઝાલીમ દુશ્મનોથી બરાત કરૂં છું. (૫) અને શૈતાન મરદૂદથી અલ્લાહ તઆલાની પનાહ માગું છું.

➔ ફજરના ફરઝ સિવાય હર ફરઝની બે રકાત પછી બેસીને નાનો તશહહુદ પઢે.

بِسْمِ اللّٰهِ وَبِاللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَالْاَسْمَآءُ الْحُسْنٰى كُلُّهَا لِلّٰهِ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ نَّبِيِّكَ وَتَقَبَّلْ شَفَاعَتَهٗ فِيْ اُمَّتِهٖ وَصَلِّ عَلَيْهِ وَعَلٰى اَهْلِ بَيْتِهِ الطَّاهِرِيْنَ

(૧) બિસ્મીલ્લાહે વ બિલ્લાહે વલ હમદો લિલ્લાહે વલ અસ્માઉલ હુસ્ના કુલ્લોહા લીલ્લાહે (૨) અશહદો અન લાઇલાહા ઇલ્લલ્લાહો વહદહુ લાશરીકાલહુ

વઅશહદો અન્ના મોહમ્મદન અબ્દોહુ વ રસુલોહુ. (૩) અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન નબીય્યેકા વ તકબ્બલ શફાઅતહુ ફી ઉમ્મતેહી વ સલ્લે અલયહે વ અલા અહલે બયતેહીત તાહેરીન.

(૧) શરૂં કરૂં છું અલ્લાહતઆલાના બાબરકત અને મુબારક નામથી અને તમામ તારીફ અલ્લાહ વાસ્તે જ છે અને તમામ બેહતરીન અને ખુબસુરત નામો પણ અલ્લાહ વાસ્તે જ છે. (૨) હું શાહેદી આપું છું કે અલ્લાહ સિવાય બીજો કોઇ માઅબૂદ નથી, તે એક જ છે અને તેની ઝાતે પાકમાં કોઇ શરીક નથી. હું શાહેદી આપું છું કે મોહંમદ (સ.અ.વ.વ.) અલ્લાહતઆલાના બંદા છે અને તેના રસૂલ છે. (૩) અય અલ્લાહતઆલા તમારા નબી મોહંમદ (સ.અ.વ.વ.) પર સલવાત પઢજો અને યૌમે કયામત તેમની ઊમ્મતના ગુનેહગારોને બખ્શી દેવા વાસ્તે તેમની શફાઅત (સીફારીશ) કુબુલ ફરમાવજો અને તેમના પર અને તેમના પાક એહલે બૈત (અ.સ.) પર સલવાત પઢજો.

➔ હર સુન્નત અને નાફેલતની બે-બે રકાત બાદ અને હર ફરઝની આખરી રકાતમાં બેસીને મોટો તશહહુદ પઢે અને સલામ વાલે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلتَّحِيَّاتُ الطَّيِّبَاتُ وَالصَّلَوَاتُ الطَّاهِرَاتُ الزَّاكِيَاتُ النَّاعِمَاتُ السَّابِغَاتُ اَلْغَادِيَاتُ الرَّائِحَاتُ لِلّٰهِ مَا طَابَ وَخَلُصَ وَطَهُرَ وَنَمٰى وَصَفٰى وَزَكٰى لِلّٰهِ وَمَا خَبُثَ فَلِغَيْرِ اللّٰهِ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ اَرْسَلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ بَشِيْرًا وَّنَذِيْرًا بَيْنَ يَدَيِ السَّاعَةِ اَشْهَدُ اَنَّ اللّٰهَ نِعْمَ الرَّبُّ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا نِعْمَ الرَّسُوْلُ وَاَشْهَدُ اَنَّ عَلِيًّا نِعْمَ الْوَلِيُّ وَاَنَّ الْجَنَّةَ حَقٌّ وَالنَّارَ حَقٌّ وَالْمَوْتَ حَقٌّ وَالْبَعْثَ حَقٌّ وَالْمِيْزَانَ حَقٌّ وَالصِّرَاطَ

حَقٌّ وَّاَنَّ السَّاعَةَ اٰتِيَةٌ لَّا رَيْبَ فِيْهَا وَاَنَّ اللّٰهَ يَبْعَثُ
مَنْ فِي الْقُبُوْرِ اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ وَسَلَّمْتَ وَبَارَكْتَ وَرَحِمْتَ وَتَرَحَّمْتَ عَلٰى اِبْرَاهِيْمَ
وَعَلٰى اٰلِ اِبْرَاهِيْمَ فِي الْعٰلَمِيْنَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ
اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ
اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصّٰلِحِيْنَ اَللّٰهُمَّ اغْفِرْ لِيْ
وَلِوَالِدَيَّ وَارْحَمْهُمَا كَمَا رَبَّيَانِيْ صَغِيْرًا اَلسَّلَامُ
عَلَيْكُمْ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ اَلسَّلَامُ عَلَيْكُمْ وَ
رَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ

બીસ્મીલ્લા હીરરહમાં નીરરહીમ

(૧) અત્તહીય્યાતુત તય્યેબાતો વસ્સલવાતુત તાહેરાતુઝ ઝાકેઆતુન નાએમાતુસ સાબેગાતુલ ગાદેયાતુર રાએહાતો લીલ્લાહે (૨) મા તાબા વ ખલોસા વ તહોરા વ નમા વ સફા વ ઝકા લીલ્લાહે (૩) વમા ખબોસા ફલે ગૈરીલ્લાહે (૪) અશહદો અન લાઇલાહા ઇલ્લલ્લાહો વહદહુ લા શરીકાલહુ વ અશહદો અન્ના મોહમ્મદન અબદોહુ વ રસુલોહુ, (૫) અરસલહુ બિલ હુદા વ દીનીલ હક્કે, બશીરંવ વ નઝીરા, બયના યદયીસ સાઅતે (૬) અશહદો અન્નલ્લાહા નેઅમર રબ્બો, વ અશહદો અન્ના મોહમ્મદન નેઅમર રસુલો વ અશહદો અન્ના અલીય્યન નેઅમલ વલીય્યો, (૭) વ અન્નલ જન્નતા હક્કુન વન્નારા હક્કુન, વલ મવતા હક્કુન, વલ બઅસા હક્કુન, વલ મીઝાના હક્કુન, વસ સેરાતા હક્કુન, વ અન્નસ સાઅતા આતેયતુલ લા રયબા ફીહા વ અન્નલ્લાહા યબઅસો મન ફીલ કુબુર, (૮) અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદીવ વ અલા આલે મોહમ્મદીન કમા સલ્લયતા વ સલ્લમ્તા વ બારકતા વ રહીમતા વ તરહમતા અલા ઇબરાહીમા વ અલા આલે ઇબરાહીમા ફીલ આલમીના ઇન્નકા હમીદુમ મજીદ, (૯) અસ્સલામો અલયકા અય્યોહન નબીયો વ રહમતુલ્લાહે વ બરકાતોહુ, અસ્સલામો અલયના વઅલા ઇબાદિલ્લાહિસ્સાલેહીન,

(૧૦) અલ્લાહુમ્મગ ફીરલી વલે વાલેદય્યા વરહમહોમા કમા રબ્બયાની સગીરા.
અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહુ. (૨)

(૧) પાકીઝા તહય્યાત અને તૈયબો તાહેર, ખુશુઅ અને ખુઝુઅથી કામીલ સલવાત-સલામ, જે હું હર ઘડી સવાર-સાંજ પઢું છું તે અલ્લાહતઆલા વાસ્તે જ છે. (૨) આ જહાનમાં જે જે ચીઝો પાક, ખાલીસ, સાફ, પાકીઝા અને આખેરતમાં જેનો સવાબ છે, તે તમામ અલ્લાહ વાસ્તે છે. (૩) અને જે જે ચીઝો ખબીસ, નાપાક અને આખેરતમાં જેને વાસ્તે અઝાબ છે, તે તમામ અલ્લાહ સિવાય બીજાઓ વાસ્તે છે. (૪) હું ગવાહી આપું છું કે અલ્લાહતઆલા સિવાય બીજો કોઇ રબ નથી, તે એક જ છે અને તેની ઝાતેપાકમાં કોઇ શરીક નથી. અને હું ગવાહી આપું છું કે મોહંમદ (સ.અ.વ.વ.) તેના બંદા છે અને રસૂલ છે. (૫) જેને અલ્લાહતઆલાએ હિદાયત અને સાચું દીન આપુ અને યૌમે કયામત પહેલા અલ્લાહતઆલાના દીન પર ચાલનાર વાસ્તે જન્નતની ખુશખબરી આપનારા અને અલ્લાહતઆલાના હુકુમની નાફરમાની કરનાર વાસ્તે જહન્નમના અઝાબથી ડરાવનાર તરીકે મોકલા. (૬) હું ગવાહી આપું છું કે અલ્લાહતઆલા બેહતરીન રબ છે, હું ગવાહી આપું છું કે મોહંમદ (સ.અ.વ.વ.) બેહતરીન રસૂલ છે અને હું ગવાહી આપું છું કે અલી (અ.સ.) બેહતરીન વલી (મુમેનીનના મદદગાર) છે. (૭) અને આ વાતમાં કોઇ શક નથી કે જન્નત સાચી છે, જહન્નમ સાચી છે, મૌત આવવી સાચી છે, યૌમે કયામત કબરમાંથી ઉઠવું સાચું છે, મીઝાન (જેમાં મેદાને હશ્રના લોકોના નેક-બદ આઅમાલ તોલાશે) સાચું છે, સીરાત (જે પુલના રસ્તા પરથી જન્નત તરફ જાવા લોકોને ગુઝરવાનું છે) હક છે અને કયામતની ઘડી ઝરુર આવનારી છે, તેમાં કોઇ શક નથી અને અલ્લાહતઆલા જેઓ કબરોમાં દફન થયેલા છે તેમને તે દિન ઉઠાવશે. (૮) અય અલ્લાહતઆલા સલવાત પઢજો મોહંમદ (સ.અ.વ.વ.) પર અને એમની આલે અતહર પર જે મુજબ તમામ આલમમાં તુંએ ઇબ્રાહીમ (અ.સ.) અને એમની આલે પાક પર સલવાત પઢી, સલામ મોકલા, બરકત બોલી અને રેહમત અને મહેરબાની કીધી. હકીકતન તું હમ્દોસના અને તસ્બીહો તકદીસને કાબીલ છે. (૯) અય નબીએ અકરમ (સ.અ.વ.વ.) આપ પર હમારો સલામ છે અને અલ્લાહતઆલાની બરકત અને રેહમત છે. હમારે પર અને અલ્લાહતઆલાના નેક બંદાઓ પર સલામ છે. (૧૦) અય અલ્લાહતઆલા મારા વાલેદૈનના ગુનાહને માફ કર અને તેમના પર રહેમ કર જે મુજબ તેમને મારા બચપનમાં મારે પર રહેમ કરીને મારી પરવરીશ કીધી. તમારે પર સલામ અને અલ્લાહતઆલાની રેહમત અને બરકત છે.

➔ અસરના ફરઝ સિવાય હર ફરઝ પઢા પછી આ દુઆ પઢે,

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُ اَكْبَرُ مُحَمَّدُ النَّبِيُّ عَلِيُّ الْوَصِيُّ مَوْلَانَا فَاطِمَةُ
الزَّهْرَاءُ الْحَسَنُ وَالْحُسَيْنُ عَلِيُّ زَيْنُ الْعَابِدِيْنَ مُحَمَّدُ الْبَاقِرُ
جَعْفَرُ الصَّادِقُ اِسْمٰعِيْلُ مُحَمَّدُ عَبْدُ اللّٰهِ الْمَسْتُوْرُ وَاَحْمَدُ
الْمَسْتُوْرُ وَالْحُسَيْنُ الْمَسْتُوْرُ مَوْلَانَا الْمَهْدِيُّ الْقَائِمُ
الْمَنْصُوْرُ الْمُعِزُّ الْعَزِيْزُ الْحَاكِمُ الظَّاهِرُ الْمُسْتَنْصِرُ
الْمُسْتَعْلِيُّ الْاٰمِرُ الطَّيِّبُ اَبُو الْقَاسِمِ اَمِيْرُ الْمُؤْمِنِيْنَ
صَلَوَاتُ اللّٰهِ عَلَيْهِمْ اَجْمَعِيْنَ ۔


અલ્લાહો અકબરો મોહમ્મદુન નબીય્યો, અલીય્યુલ વસીય્યો, મોલાતોના ફાતેમતુઝઝેહરાઓ, અલ હસનો, વલ હુસૈન, અલીય્યો ઝયનુલ આબેદીન, મોહમ્મદુલ બાકેરો, જાઅફરૂસ્સાદેકો, ઇસ્માઇલો, મોહંમદો, અબ્દુલ્લાહિલ મસ્તુર, વ અહમદિલ મસ્તુર, વલ હુસૈનિલ મસ્તુર, મવલાનલ મેહદીય્યો, અલ કાએમો, અલ મનસુરો, અલ મોઇઝઝો, અલ અઝીઝો, અલ હાકેમો, અઝ ઝાહેરો, અલ મુસ્તનસેરો, અલ મુસ્તઅલીય્યો, અલ આમેરો, અત્તય્યેબો અબુલ કાસેમે અમીરૂલ મુઅમેનીન સલવાતુલ્લાહે અલયહિમ અજમઇન.

આ દુઆમાં ખમસતુલ અતહાર પંજતન પાક (અ.સ.) અને અઇમ્મતે તાહેરીન ઇમામ અલી ઝૈનુલઆબેદીન (અ.સ.) થી ઇમામ તૈયબ (અ.સ.) તક ના મુબારક નામો છે અને તેમના પર સલવાતો સલામ છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ مَا قَدَّمْتُ وَمَا اَخَّرْتُ وَمَا اَخْطَاْتُ وَمَا
جَهِلْتُ وَمَا اَسْرَرْتُ وَمَا اَعْلَنْتُ وَمَا اَنْتَ اَعْلَمُ بِهٖ مِنِّيْ

➔ મસલ્લો ચુમે તે વક્ત જમણા હાથની હથેલીને મસલ્લા પર મૂકે પછી ડાબા ગાલ તરફ લઇ જાય અને હથેલીને ચહેરા પર ફીરાવીને જમણા ગાલ તરફ લાવે અને તોબા આંગલીને પેશાની પર મૂકે અને હોંઠથી ચૂમે.





આ મુજબ ત્રણ વાર કરે અને દુઆ પઢે,

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

بِسْمِ اللّٰهِ الَّذِيْ لَا اِلٰهَ اِلَّا هُوَ عَالِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ
هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ۔ اَللّٰهُمَّ اَذْهِبْ عَنِّيْ الْهَمَّ وَالْحَزَنَ
وَالْفِتَنَ كُلَّهَا مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ

બીસ્મીલ્લા હીલ્લઝી લા ઇલાહા ઇલ્લા હોવા આલેમુલ ગૈબે વશશાહાદતે હોવર રહમાનુર રહીમ. અલ્લાહુમ્મા અઝહીબ અન્નીયલ હમ્મા વલ હઝના વલ ફેતના કુલ્લહા મા ઝહરા મીનહા વમા બતન.

શુરૂ કરૂં છું તે અલ્લાહતઆલાના નામથી જેના સિવાય બીજો કોઇ માઅબૂદ નથી, તે ખુલી અને છુપી ચીઝોનો આલીમ (જાણકાર) છે, તે મહેરબાન છે, રેહમત કરનારો છે. અય અલ્લાહતઆલા, તું તમામ ગમગીનીને, તકલીફોને અને ફીતનાને મારાથી દૂર કર પછી તે ઝાહીરમાં (ખુલ્લી રીતે) હોય કે બાતીનમાં (છુપી રીતે) હોય.

أَنْتَ الْمُقَدِّمُ وَأَنْتَ الْمُؤَخِّرُ لَآ إِلٰهَ إِلَّا أَنْتَ سُبْحَانَكَ عَلَيْكَ
تَوَكَّلْتُ وَإِلَيْكَ أُنِيبُ اَللّٰهُمَّ إِنِّيْ أَسْئَلُكَ مِنْ كُلِّ خَيْرٍ
أَحَاطَ بِهِ عِلْمُكَ وَأَعُوْذُبِكَ مِنْ كُلِّ شَرٍّ أَحَاطَ بِهِ عِلْمُكَ اَللّٰهُمَّ إِنِّيْ
أَسْئَلُكَ الْعَافِيَةَ فِيْ أُمُوْرِيْ كُلِّهَا وَأَسْتَعِيْذُبِكَ مِنْ خِزْيِ الدُّنْيَا
وَمِنْ عَذَابِ الْآخِرَةِ إِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ.

(૧) અલ્લાહુમ્મગફિરલી મા કદદમતો વમા અખ્ખરતો વમા અખ્તઅતો વમા જહિલતો વમા અસરરતો વમા આઅલન્તો (૨) વમા અન્તા આઅલમો બેહી મિન્ની અનતલ મુકદદેમો વ અન્તલ મોઅખ્ખેર (૩) લા ઇલાહા ઇલ્લા અન્તા સુબ્હાનકા અલયકા તવક્કલ્તો વ ઇલયકા ઓનીબ (૪) અલ્લાહુમ્મા ઇન્ની અસઅલોકા મિન કુલ્લે ખયરિન અહાતા બેહી ઇલ્મોકા વ અઉઝોબેકા મિન કુલ્લે શર્રિન અહાતા બેહી ઇલ્મોકા (૫) અલ્લાહુમ્મા ઇન્ની અસઅલોકલ આફેયતા ફી ઓમુરી કુલ્લેહા વસ્તઇઝો બેકા મિન ખિઝયિદ દુન્યા વ મિન અઝાબિલ આખેરતે (૬) ઇન્નકા અલા કુલ્લે શયઇન કદીર.

(૧) અય અલ્લાહતઆલા, મેં જે આઅમાલ કરવામાં જલ્દી કીધી હોય કે તાખીર કીધી હોય, મેં જે આઅમાલમાં ખતા કીધી હોય યા જેહાલતમાં કીધા હોય, મેં જે મખ્ફીમાં કીધું હોય કે ખુલી રીતે (ઝાહીરમાં) કીધું હોય (૨) અને જે ચીઝોને તું મારા કરતા ઝયાદા જાણે છે, તે તમામને વાસ્તે મને માફ કર. તું કોઇ પણ અમર (હાદસા) ને આગલ કરનાર તેમજ પાછલ કરનાર છે. (૩) તારે સિવાય બીજો કોઇ માઅબૂદ નથી. તારી તસ્બીહો-તકદીસ સાથે હું તારે પર તવક્કુલ (ભરોસો) રાખું છું અને (આ દુનિયાની લઝઝતો છોડી) તારે તરફ જ મારું વલવું છે. (૪) અય અલ્લાહતઆલા, હર નેકી કે જેનું તુંને ઇલ્મ છે, તેનો હું તારે નઝદીક સવાલ કરું છું અને હર ખરાબી કે જેનું તુંને ઇલ્મ છે, તેનાથી હું તારી પનાહ ચાહું છું. (૫) અય અલ્લાહતઆલા, હું મારા તમામ ઉમૂર (કામો) માં તારાથી બેહતરી અને ખૈરીય્યત ચાહું છું અને દુનિયાની બદનામી તેમજ આખેરતના અઝાબથી તારાથી પનાહ (સલામતી) ચાહું છું. (૬) બેશક! તું હર ચીઝ પર તાકતવર (કાદીર) અને કુદરત રાખનારો છે.

તે બાદ સજદો કરે અને આ દુઆ પઢે,

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
سَجَدَ وَجْهِيْ لِلَّذِيْ خَلَقَهٗ وَصَوَّرَهٗ وَشَقَّ
سَمْعَهٗ وَبَصَرَهٗ اَللّٰهُمَّ يَا مُعِزَّ كُلِّ ذَلِيْلٍ صَلِّ
عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ مُحَمَّدٍ كَمَا أَنْتَ أَهْلُهٗ وَ
هُمْ بِكَ أَهْلُهٗ صَلَوَاتُكَ عَلَيْهِمْ أَجْمَعِيْنَ

(૧) સજદા વજહી લીલ્લઝી ખલકહુ વ સવ્વરહુ વ શક્કા સમઅહુ વ બસરહુ. (૨) અલ્લાહુમ્મા યા મોઇઝ્ઝા કુલ્લે ઝલીલીન (૩) સલ્લેઅલા મોહમ્મદીંવ વ અલા આલે મોહમ્મદ. કમા અન્તા અહલોહુ વહુમ બેકા અહલોહુ સલવાતોકા અલયહીમ અજમઇન.

(૧) મારા ચેહરાએ તે ઝાતે પાક વાસ્તે સજદો બજા લાવો જેણે તેને પૈદા કીધો અને શીકલો સૂરત બખ્શી અને તેમાં કાન અને આંખ બનાવા (સાંભલવાની અને જોવાની તાકત મૂકી). (૨) અય અલ્લાહતઆલા, જે હર ઝલીલ ને ઇઝ્ઝત બખ્શે છે, (૩) સલવાત પઢજો મોહંમદ (સ.અ.વ.વ.) પર અને તેમની પાક આલ પર. જે મુજબ તારી માઅરેફત એહલે બૈત (અ.સ.) ની માઅરેફતથી છે તે મુજબ તેમની તારાથી છે. તારા સલવાતો સલામ એ તમામ એહલ પર.

➜ હર ફરઝની નમાઝ બાદ દુઆ તમામ થયા પછી "તસ્બીહે મૌલાતેના ફાતેમતુઝ્ઝહેરા (અ.સ.)" પઢે. તેમા ૩૩ વાર "અલ્લાહો અકબર", ૩૩ વાર "સુબ્હાનલ્લાહ", ૩૩ વાર "અલ્હમ્દોલિલ્લાહ" અને ૧ વાર "લા ઇલાહા ઇલ્લલ્લાહ" પઢે.

➜ નમાઝથી ફારીગ થાય તો મસલ્લા પરથી જમણી તરફ ઉતરે અને મસલ્લો વાલતા આ દુઆ પઢે,

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِمَنْ دَخَلَ بَيْتِيَ مُؤْمِنًا وَّ
لِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ وَلَا تَزِدِ الظّٰلِمِيْنَ إِلَّا تَبَارًا
فَإِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِيَ اللّٰهُ لَآ إِلٰهَ إِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ

وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ سُبْحَانَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ وَسَلَامٌ عَلَى الْمُرْسَلِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

(૧) અલ્લાહુમ્મગફિરલી વલેવાલેદય્યા વલેમન દખલા બયતેયા મુમેનંવ વલિલ મુમેનીના વલ મુમેનાતે (૨) વલા તઝેદિઝ ઝાલેમીના ઇલ્લા તબારા (૩) ફઇન તવલ્લવ ફકુલ હસ્બેયલ્લાહો લા ઇલાહા ઇલ્લા હુવા અલયહે તવક્કલતો વહોવા રબ્બુલ અરશિલ અઝીમ (૪) સુબ્હાના રબ્બેકા રબ્બિલ ઇઝઝતે અમ્મા યસેફુન વ સલામુન અલલ મુરસલીના વલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન.

(૧) અય અલ્લાહતઆલા, તું મને મારા ગુનાહો વાસ્તે માફ કર, મારા વાલેદૈનને માફ કર, જે શખ્સ મુમીન હોય અને મારા ઘરમાં દાખલ થાય તેને માફ કર અને મુમેનીન મરદો અને મુમેનાત બેરોને માફ કર. (૨) અને ઝુલ્મ કરનારાઓને ઝયાદાથી ઝયાદા કઇ ન કર, મગર તેમને હલાક કર. (૩) અય મારા નબી (સ.અ.વ.વ.), અગર એવા લોકો તમારાથી મૂંહ ફીરાવે તો ગમગીન ન થાવ અને કહો કે અલ્લાહતઆલા હર ચીઝમાં મારા વાસ્તે કાફી છે, નથી કોઇ માઅબૂદ મગર તે છે, હું તેના પર જ ભરોસો કરૂં છું, (બીજાનો મોહતાજ નથી) અને તે અરશે અઝીમનો રબ છે. (૪) અય મોહંમદ (સ.અ.વ.વ.) તમારા પરવરદીગાર વાસ્તે તસ્બીહો તકદીસ છે, કે જે ઇઝઝતવાલો છે અને લોકોની સીફતો સનાનો મોહતાજ નથી અને મુરસલીન (અલ્લાહના પાક રસૂલો) પર સલામ છે અને તમામ હમ્દ અલ્લાહતઆલા વાસ્તે છે જે જહાનોનો પાલનહાર છે.

➔ જે શખ્સ નમાઝનો ઇરાદો કરે તો પહેલા વુઝુ કરી, ફરઝના ગુસ્લ ઉતારી પાકોસાફ થાય અને સફેદ કપડા પહેરીને, સફેદ મસલ્લો લઇને મસ્જીદમાં આવે. મસ્જીદમાં દાખીલ થાવાની દુઆ પઢે, જે ભાઇઓ હાઝર હોય તેના પર સલામ બોલે અને સફમાં મસલ્લો બીછાવી "તહીય્યતુલ મસ્જીદ" ની બે રકાત નમાઝ પઢે. પછી તે જે વકતની નમાઝ વાસ્તે મસ્જીદમાં આવો હોય તે નમાઝને અઝાન બાદ ઇબ્તેદા કરે. નમાઝનો વકત ન થયો હોય તો કીબ્લા રૂખ બેસીને કુરઆને કરીમની તીલાવત કરે. જો કોઇ સબબથી મસ્જીદમાં નમાઝ વાસ્તે ન જઇ શકે તો ઘરમાં નમાઝ પઢે, તે વકત "તહીય્યતુલ મસ્જીદ" ની નમાઝ ન પઢે.

ઝોહર અને અસરની નમાઝનું બયાન

➔ "અઝાન" કહી રહ્યા પછી "અલ્લાહુમ્મા અલયહા" પઢે, તે બાદ ઝોહરના સુન્નતની ૬ રકાતની નીય્યત લે. "કુલ યાઅય્યોહલ કાફેરૂન" તક ચઢતી સુરત પઢે. સુન્નત પઢી રહ્યા પછી બેસીને આ દુઆ પઢે,

اَللّٰهُمَّ اِنِّيْ اَتَقَرَّبُ اِلَيْكَ بِجُوْدِكَ وَكَرَمِكَ وَاَتَقَرَّبُ اِلَيْكَ بِمُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ وَاَتَقَرَّبُ اِلَيْكَ بِمَلَائِكَتِكَ وَاَنْبِيَآئِكَ وَبِكَ اَللّٰهُمَّ الْغِنٰى عَنِّيْ وَبِيَ الْفَاقَةُ اِلَيْكَ اَنْتَ الْغَنِيُّ وَاَنَا الْفَقِيْرُ اِلَيْكَ اَقَلْتَنِيْ عَثْرَتِيْ وَسَتَرْتَ عَلَيَّ ذُنُوْبِيْ فَاقْضِ لِيَ الْيَوْمَ بِقَضَآءِ حَاجَتِيْ وَلَا تُعَذِّبْنِيْ بِقَبِيْحِ مَا تَعْلَمُ بِهٖ مِنِّيْ فَاِنَّ عَفْوَكَ وُجُوْدَكَ يَسَعُنِيْ.

(૧) અલ્લાહુમ્મા ઇન્ની અતકરરબો ઇલયકા બેજુદેકા વકરમેકા (૨) વઅતકર્રબો ઇલયકા બે મોહમ્મદીન અબદેકા વ રસુલેકા (૩) વ અતકર્રબો ઇલયકા બે મલાએકતેકા વ અમ્બેયાએકા વબેકા (૪) અલ્લાહુમ્મલ ગેના અન્ની વબેયલ ફાકતો ઇલયકા અન્તલ ગનીય્યો વઅનલ ફકીરો ઇલેયકા અકલતની અસરતી વસતરતા અલય્યા ઝોનુબી (૫) ફકઝે લેયલ યવમા બેકઝાએ હાજતી વલા તોઅઝઝીબની બે કબીહે મા તાઅલમો બેહી મિન્ની (૬) ફઇન્ના અફ્વકા વ જુદકા યસેઓની.

(૧) અય અલ્લાહતઆલા, હું તારા જુદ (ઇનાયત) અને તારા કરમથી તારી નઝદીકી (તકર્રુબ) ચાહું છું. (૨) અને હું તારા નેક બંદા અને રસૂલ મોહંમદ (સ.અ.વ.વ.) થી નઝદીકી (પડોશપન) ચાહું છું (૩) અને હું તારા ફરીશ્તાઓ અને નબીઓનો તકર્રુબ ચાહું છું. (૪) અને અય અલ્લાહતઆલા તું મારાથી બેનિયાઝ (બેફીક) છે અને હું મારી હાજતોને પૂરી કરવા વાસ્તે તારો મોહતાજ છું. તુંએ મારી ખતાઓને દરગુઝર કીધી અને મારા ગુનાહોને (જહાનવાલાઓથી) છુપાવા. (૫) તો હવે આજે મારી હાજત પૂરી થાય તેનો હુકુમ ફરમાવ અને જે શર (કબીહ) અમલ મારાથી થયા છે, જેનાથી તું વાકીફ છે, તે વાસ્તે મને અઝાબ ન કર. (૬) હકકન હકકા તારી મઆફી અને તારો કરમ મારી (ખતાઓ) કરતા કુશાદા (ઝીયાદહ) છે.

તે બાદ સજદામાં આ દુઆ પઢે,

يَا اَهْلَ التَّقْوٰى وَيَا اَهْلَ الْمَغْفِرَةِ يَا بَرُّ يَا رَحِيْمُ اَنْتَ
اَبَرُّ بِيْ مِنْ اَبِيْ وَاُمِّيْ وَالنَّاسِ اَجْمَعِيْنَ فَاقْلِبْنِي الْيَوْمَ
بِقَضَاءِ حَاجَتِيْ مُسْتَجَابًا دُعَائِيْ مَرْحُوْمًا صَوْتِيْ وَقَدْ
كَفَفْتَ اَنْوَاعَ الْبَلَاءِ عَنِّيْ

(૧) યા અહલત તકવા વ યા અહલલ મગફેરતે યા બરરો યા રહીમો અન્તા અબરરો બી મિન અબી વ ઉમ્મી વન્નાસે અજમઇન, (૨) ફકલિબનીયલ યવમા બે કઝાએ હાજતી મુસ્તજાબન દોઆઇ મરહુમન સવતી (૩) વકદ કફફતા અનવાઅલ બલાએ અન્ની.

(૧) અય તે ઝાત કે જેનો ડર દીલમાં હોવો ઝરુરી છે અને અય તે ઝાત કે જે બંદાના ગુનાહોને માફ કરે છે. અય ભલાઇ કરનાર, અય રહેમ કરનાર, તું મારા વાલેદૈન અને બીજા બધા લોકો કરતા મારા પર વધારે મહેરબાન છે. (૨) તો હવે મારા વાસ્તે મારી હાજત પૂરી થાય એવા હાલાત હમવાર કર. મારી દુઆને કુબુલ કર, મારા આવાઝને તારે તક બુઝુર્ગી બખશ. (૩) અને તું જ મારાથી હર તરહની આફતો ને દૂર કરે છે.

➔ તે બાદ "ઇકામત" કહે અને "અલ્લાહુમ્મા અકીમહા" પઢે. અને ઝોહરના ફરઝની ૪ રકાતની નીચ્યત લે. જો મસ્જીદમાં ગયા હોય તો રઝાના સાહબ સાથે ઇમામતની નમાઝમાં શરીક થાય. ફરઝ તમામ થાય તો બેસીને "અલ્લાહો અકબરો" અને "અલ્લાહુમ્મગફીરલી" ની દુઆ પઢે. તે બાદ સજદામાં "સજદા વજહી લીલ્લઝી" ની દુઆ પઢે, તે પછી બેસીને તસ્બીહે મૌલાતેના ફાતેમા (અ.સ.) કરે. પછી ઉભા થઇને ઝોહરના નાફેલતની ૪ રકાતની નીચ્યત લે અને "તબ્બત્યદા" તક ચઢતી સુરત પઢે. સલામ વાલા બાદ સજદો કરે અને ઉભા થઇને "અઝાન" કહે.

જે એ દીનના ઓલુમને લોકોમાં આશ્કાર કીધા તે મોહંમદ બીન અલી (અ.સ.) નો વસીલો લઇએ છીએ. (૩) અને હમારા મૌલા જે ઇઝ્ઝતમઆબ, નેકબખ્ત ઇમામોના ફરઝંદ છે તે ઇસ્માઇલ બીન જાઅફર (અ.સ.) નો વસીલો લઇએ છીએ. અને હમારા મૌલા સતરના ઇમામોના સાતમા મોહંમદ બીન ઇસ્માઇલ (અ.સ.) અને ત્રણ પાક ઇમામો જેઓ તારા ઝાલીમ દુશ્મનોના ખૌફથી મસ્તુર (લોકોની નઝરથી ગાઇબ) થયા હતા તે અબ્દીલ્લાહ બીન મોહંમદ (અ.સ.), અહમદ બીન અબ્દીલ્લાહ (અ.સ.) અને હુસૈન બીન અહમદ (અ.સ.) નો વસીલો લઇએ છીએ. (૪) અને આ તમામ ઇમામો પછી નસ-બ-નસ આવનાર, તેમની નસલમાંથી કાઇમ થાનાર અને શરીઅતને મઝબૂત કરવાનો અઝમ રાખનાર હમારા મૌલા ઇમામ અબ્દીલ્લાહીલ મેંહદી (અ.સ.) જેએ તારી હીદાયત લોકોને આપી, અને મોહંમદ અલ-કાઇમ (અ.સ.) જે તારા હુકુમથી કાઇમ થયા, અને ઇસ્માઇલ અલ-મનસૂર (અ.સ.) જે તારી મદદથી કામયાબ થયા, (૫) અને મઅદદ અલ મોઇઝ (અ.સ.) જે એ તારા દીનને ઇઝ્ઝત આપી, અને નઝાર અલ-અઝીઝ (અ.સ.) જે તારાથી ઇઝ્ઝતદાર થયા, અને મનસૂર અલ-હાકીમ (અ.સ.) જે એ તારા ફરમાનથી હુકુમત કીધી, અને અલી અઝ-ઝાહીર (અ.સ.) જે એ તારા દીનની ખુબીઓને ઝાહીર કીધી, (૬) અને મઅદદ અલ-મુસ્તનસીર (અ.સ.) જે એ તારી મદદ તલબ કીધી, અને અહમદ અલ-મુસ્તઅલી (અ.સ.) જે એ તારા કલેમાતથી હુજ્જત કાઇમ કીધી, અને મન્સૂર અબી અલી અલ-આમીર (અ.સ.) જે તારા નકલશુદા એહકામ નો હુકમ કીધો. અય અલ્લાહતઆલા આ ઇમામો જેઓ તારા કરામતના ઘર (જન્નત) તરફ રવાના થયા અને તારી મહેરબાનીની જગામાં નાઝીલ થયા, તે પાક ઇમામો, હકની રાહ તરફ લોકોને હીદાયત આપનારાઓનો, (૭) હમે વસીલો લઇએ છીએ, અને તારાથી કુરબત હાસીલ કરવા હમે તે ઇમામોનો અને તેમના પછીના કાઇમ મકામ, તેમની નસલમાંથી આવનાર ફરઝંદ, નુબુવ્વતના સમર (ફલ), ફઝ્ર-ફઝ્લ-ઇમામત-ફઝીલતની ખાણ, હમારા મૌલા, હમારા સરદાર, હમારા માલીક, અને હમારી તમામ બાબતોના માલીક, મુમેનીનના સરદાર અબુલ કાસીમ ઇમામ તૈયબ (અ.સ.) નો વસીલો લઇએ છીએ. સલવાત પઢજો અલ્લાહતઆલા તે ઇમામ પર અને તેમના પાક બાવાજીઓ પર અને તમની નેક ઔલાદ પર જેઓનો કયામતના દિન તક ઇન્તેઝાર થનાર છે. (૮) અય અલ્લાહતઆલા બીલ-હક હું તેઓના વસીલાથી તારી કુરબત ચાહું છું અને હું તેમને મોહબ્બત કરૂં છું અને હું તેમના દુશ્મનોથી બરાઅત કરૂં છું (કોઈ તઅલ્લુક રાખતો

નથી). અય અલ્લાહતઆલા, રોઝે કયામત તું મને તેમના ઝુમ્રા સાથે મેહશુર કરજે અને મને તેમની ઇતાઅત (ફરમાંબરદારી) પર કાઇમ રાખજે અને તેમના સબબ તારે નઝદીક દુનિયા અને આખેરતમાં મને કામયાબ અને નેકબખ્ત કરજે. અને મને તારા નઝદીકવાલાઓ (ફરીશ્તાઓ, અંબિયા, આવલેયા) પર ઇમાન લાવનારમાંથી કરજે. (૯) અય અલ્લાહતઆલા હું સાચા દીન (ઇખલાસ) ની હકીકતો અને ખરા યકીનથી શહાદત આપું છું કે તે ઇમામો તારી ઝમીન પર તારા ખલીફાઓ છે અને તારી મખ્લુક (ઇન્સાન) પર તારા હુક્મતો છે તેઓ તારી તરફ પહોંચવાના વસીલાઓ (ઝરીઆ) છે અને તારી રેહમતના દરવાઝાઓ છે. અલ્લાહતઆલાના સલવાતો-સલામ તે તમામ ઇમામો પર.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِحَقِّ مُحَمَّدٍ وَّ
اٰلِ مُحَمَّدٍ بَرَاءَةً مِّنَ النَّارِ فَاكْتُبْ
لَنَا بَرَاءَتَنَا وَفِيْ جَهَنَّمَ فَلَا تَجْعَلْنَا
وَفِيْ عَذَابِكَ وَهَوَانِكَ فَلَا تَبْتَلِنَا وَمِنَ
الضَّرِيْعِ فَلَا تُطْعِمْنَا وَمَعَ الشَّيَاطِيْنِ فَلَا
تَحْشُرْنَا وَعَلٰى وُجُوْهِنَا فِي النَّارِ فَلَا
تَدْحَرْنَا وَمِنْ ثِيَابِ النِّيْرَانِ وَسَرَابِيْلَ
الْقَطِرَانِ فَلَا تُلْبِسْنَا وَمِنْ كُلِّ سُوْءٍ لَا
اِلٰهَ اِلَّا اَنْتَ وَمِنْ شَرِّ يَوْمِ الْقِيٰمَةِ
فَنَجِّنَا بِرَحْمَتِكَ فِيْ عِبَادِكَ الصَّالِحِيْنَ
فَاَدْخِلْنَا وَفِيْ عِلِّيِّيْنَ فَارْفَعْنَا وَمِنْ
كَاْسٍ مِّنْ مَّعِيْنٍ وَسَلْسَبِيْلٍ فَاسْقِنَا

وَمِنَ الْحُوْرِ الْعِيْنِ بِرَحْمَتِكَ فَزَوِّجْنَا
وَمِنْ وِلْدَانٍ اِذْهُمْ مُخَلَّدُوْنَ كَاَنَّهُمْ
لُؤْلُؤٌ مَّكْنُوْنٌ فَاَخْدِمْنَا وَمِنْ ثِمَارِ
الْجَنَّةِ وَلُحُوْمِ الطَّيْرِ فَاَطْعِمْنَا وَمِنْ
ثِيَابِ الْحَرِيْرِ وَالْاِسْتَبْرَقِ وَالسُّنْدُسِ
فَاَكْسُنَا وَلَيْلَةَ الْقَدْرِ وَحَجِّ بَيْتِكَ
الْحَرَامِ وَقَتْلًا فِيْ سَبِيْلِكَ فَارْزُقْنَا
وَسَدِّدْنَا وَقَرِّبْنَا اِلَيْكَ زُلْفٰى وَصَالِحَ
الْمَسْئَلَةِ لَكَ فَاسْتَجِبْ لَنَا يَا خَالِقَنَا
وَيَا رَازِقَنَا فَاسْتَمِعْ مِنَّا فَاِذَا جَمَعْتَ
الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ يَوْمَ الْقِيٰمَةِ
فَارْحَمْنَا يَا رَبَّاهُ عَزَّ جَارُكَ وَجَلَّ
ثَنَآؤُكَ وَلَآ اِلٰهَ غَيْرُكَ بِرَحْمَتِكَ يَا
اَرْحَمَ الرَّاحِمِيْنَ

(૧) અલ્લાહુમ્મા ઇન્ની અસઅલોકા બે હક્કે મોહંમદીવ વઆલા આલે મોહંમદ, બરાઅતમ મિનન્નાર ફકતુબલના બરાઅતના વફી જહન્નમા ફલા તજઅલના વફી અઝાબેકા વહવાનેકા ફલા તત્તિલના (૨) વ મિનઝઝરીએ ફલા તુતઇમના વમઅશશ્યાતીને ફલા તહશુરના વઅલા વોજુહેના ફીન્નારે ફલા તદહરના વ મિન સેયાબિન નીરાને વ સરાબીલીલ કિતરાને ફલા તુલબીસના, (૩) વમિન કુલ્લે સૂઇન લાઇલાહા ઇલ્લા અન્તા વ મિન શરેં ચૌમીલ કેયામતે ફનજજેના, વ બે રહમતેકા ફી ઇબાદેકસ સાલેહીન. ફઅદખિલના વ ફી ઇલ્લીયીન, ફરફઅના વ મિન કાઅસિમ મિમ મઇનિન વ સલસબીલિન ફસકેના (૪) વ

મિનલ હુરીલઇન, બેરહમતેકા ફઝ્વીજના, વ મિલ વિલદાનીન ઇઝહુમ મોખલ્લદુન. ફઅન્નહુમ લુઅલોઉમ મકનુન ફઅખદિમના, વ મિન સેમારિલ જન્નતે વલોહુમીત્તેરે ફઅતઇમના વ મિન સેયાબીલ હરીરે વલ ઇસ્તબરોકે વસસુનદોસે ફકસોના, (૫) વ લયલતલ કદરે વ હજ્જા બયતેકલ હરામ, વ કતલન ફી સબીલેકા, ફરઝુકના વ સદ્દીદના વ કરીબના ઇલયકા ઝુલફા વ સાલેહીલ મસઅલતે લકા ફસતજીબલના, યા ખાલેકના વ યા રાઝેકના, (૬) ફસતમેઅ મીન્ના ફએઝા જમાઅતિલ અવ્વલીના વલ આખેરીના યવમલ કેયામતે ફરહમના, યા રબ્બાહો અઝ્ઝારોકા વજલ્લા સનાઓકા વ લાઇલાહા ગયરોકા બે રહમતેકા યા અરહમર રાહેમીન.

(૧) અય અલ્લાહતઆલા, હું તારા નબી મોહંમદ (સ.અ.વ.વ.) અને તેમની આલે અત્હરના વસીલાથી તારે નઝદીક સવાલ કરૂં છું કે હમે રોઝે કયામત જહન્નમની આગથી છુટકારો ચાહીએ છીએ, તો તું હમારી તકદીરમાં જહન્નમથી નજાત બખશજે. હમને જહન્નમી લોકોમાંથી ન બનાવજે. તારા અઝાબ અને તારી ઝીલ્લતમાં હમને મુબ્તેલા ન કરજે (૨) અને જહન્નમનો બદસ્વાદ ખોરાક હમને ન જમાડજે અને મલઊન શયતાનોમાં રોઝે કયામત હમને ભેગા ન કરજે અને હમારા ચેહરાઓને જહન્નમની આગમાં બેઆબ ન કરજે (ન જલાવજે) અને હમને જહન્નમના કાલા ફાટેલા લીબાસ ન પેહરાવજે (૩) અને હર બદી અને ખરાબીથી અને કયામતના દિનના શર થી હમને તું નજાત બખશજે. તારે સિવાય બીજો કોઇ માઅબૂદ નથી અને તારી રેહમતથી હમને તારા નેક બંદાઓના ઝુમ્રામાં દાખીલ કરજે અને હમારા દરજાને ઇલ્લીય્યીન મુજબ ઊંચા કરજે અને હમને તારી જન્નતના મઇન અને સલસબીલના પાનીના કાંસાથી સયરાબ કરજે (૪) અને તારી રેહમતથી હમને જન્નતની હુરૂલઇનની સોહબત બખશજે અને જન્નતના ગીલમાન (નોંનેહાલ ખાદીમો) જેઓ દરિયામાં છુપાએલા મોતી મુજબ છે અને હંમેશા રેહનાર છે તેવા ખાદીમોને હમારી ખીદમતમાં મૂકજે અને જન્નતના ફલો તેમજ પરીંદાઓનો ગોશ્ત હમને જમાડજે અને રેશમી તેમજ મખમલી લીબાસ હમને પેહરાવજે. (૫) હમને લેલતુલ કદ્ર ની ઇબાદત, હજ્જે બૈતુલ્લાહ અને તારી રાહમાં કુરબાન થવું નસીબ કરજે, આ રીઝકને હમારામાં બાકી રાખજે અને હર વકત હમને તારે કરીબ કરજે. અય હમારા ખાલીક, હમારા રાઝીક, તારી બારગાહમાં આ હમારો નેક સવાલ છે, તું તેને કબુલ ફરમાવ જે. (૬) તું હમારી નિદાને સાંભલ જે, જે વકત તું હમારા પહેલાના લોકોને અને હમારે પછીના લોકોને કયામતના દિન મૈદાને હશ્રમાં જમા

કરીશ તે વક્ત તું હમારે પર રહેમ કરજે. અય પરવરદીગાર, તારો પડોશી ઇઝ્ઝતદાર થાય છે અને તારી સના (તારીફ) કરનાર બલંદી પામે છે અને તારે સિવાય કોઇ માઅબૂદ નથી, અય રહેમકરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર તારી રહેમતથી હમેં આ કહીએ છીએ.

તે બાદ "અલ્લાહુમ્મગફીરલી" પઢી સજદો કરે, અને તસ્બીહ કરે.

➔ ઝોહરના નાફેલત બાદ આ દુઆઓ પઢે. પહેલા "વઆલા નીય્યતે સાહેબીદ દાઅવતે" પઢે, પછી આ દુઆ પઢે,

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَعَلٰى نِيَّةِ اِيَّاكُمْ وَجَمِيْعِ الْمُؤْمِنِيْنَ
وَالْمُؤْمِنَاتِ وَالْمُسْلِمِيْنَ وَالْمُسْلِمَاتِ
بِاَنَّ اللّٰهَ تَعَالٰى يُوَفِّقُنَا بِمَا يُرْضِيْهِ وَ
يُجَنِّبُنَا جَمِيْعَ مَعَاصِيْهِ وَيَغْفِرُ
ذُنُوْبَنَا وَيَسْتُرُ عُيُوْبَنَا وَيُصْلِحُ فِيْ
اُمُوْرِ دِيْنِنَا وَدُنْيَانَا وَيَكْفِيْنَا شَرَّ
الْاَشْرَارِ وَشَرَّ الْاَعْرَاضِ وَالْاَمْرَاضِ
وَيُسَهِّلُ اَرْزَاقَنَا وَيَقْضِيْ دُيُوْنَنَا وَ
وَيُخْتِمُ بِالصَّالِحَاتِ اَعْمَالَنَا بِحَقِّ سَيِّدِنَا
مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ
صَلَوَاتُ اللّٰهِ عَلَيْهِمْ اَجْمَعِيْنَ۔ اٰمِيْن
اٰمِيْن اٰمِيْن يَا رَبَّ الْعَالَمِيْنَ

(૧) વ અલા નિય્યતે ઇય્યાકુમ વ જમીઇલ મુમેનીના વલ મુમેનાત, વલ મુસલેમીના વલ મુસલેમાત, બે અન્નલલાહ તઆલા યોવફ્ફેકોના બેમા યુરઝીહે

વ યોજન્નેબોના જમીઆ મઆસીહે (૨) વ યગફેરો ઝોનુબના વ યસતોરો ઓયુબના વ યુસલેહો ફી ઉમુરે દીનેના વ દુન્યાના વ યકફીના શર્રલ અશરારે વ શર્રલ આરાઝે વલ અમરાઝ, (૩) વ યોસહ્હેલો અરઝાકના, વ યુકઝી દોયુનના, વ યુખ્તેમો બીસ્સાલેહાતે આઅમાલના, બે હક્કે સૈયદેના મોહમ્મદીવ વઆલેહિત તય્યેબીનત્તાહેરીન સલવાતુલ્લાહે અલયહીમ અજમઇન.

આમીન, આમીન, આમીન, યા રબ્બલ આલમીન.

(૧) એ નિય્યતથી આ દુઆ શુરૂ થાય છે કે તમે અને તમામ મુમેનીન અને મુમેનાત ખબરદાર થાવ કે તેહકીક અલ્લાહતઆલા હમને તેની ખુશી મુજબ અમલ કરવાની તૌફીક બખશે છે અને તેની નાખુશી મુજબ તમામ હરામ કામોથી દૂર રાખે છે. (૨) હમારા ગુનાહોને માફ કરે છે, હમારા ઐબ અને દાગને છુપાવે છે, હમારા દીની તેમજ દુન્યાવી ઉમૂરને બેહતર કરે છે, અને ફીતનાપસંદ લોકોના શરથી તેમજ બીમારીઓ અને જીસ્માની તકલીફની ખરાબીથી હમને કીફાયત કરે છે. (૩) હમારા રીઝકના ઝરીઆને આસાન કરે છે, હમારા કરઝને અદા કરાવે છે અને હમેં હમારા નબી મોહંમદ અને આપની આલે અત્હરના વસીલાથી દુઆ કરીએ છીએ કે અલ્લાહતઆલા હમારો ખાતેમો હમારા ખેર આઅમાલ પર કરે. અલ્લાહના સલવાતો-સલામ તમામ અવલેયા (અ.સ.) પર. આમીન, આમીન, આમીન - અય જહાનોના પરવરદીગાર.

તે બાદ "વઆલા નીય્યતે જમીઇદ દોઆતીલ મુત્લકીન" પઢે, પછી આ દુઆ પઢે,

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَعَلٰى نِيَّةِ جَمِيْعِ اٰبَائِنَا وَاَجْدَادِنَا وَ
اُمَّهَاتِنَا، وَاِخْوَانِنَا وَاَخَوَاتِنَا وَخَالِنَا وَ
خَالَاتِنَا، وَعَمِّنَا وَعَمَّاتِنَا وَاَهْلِنَا وَ
جِيْرَانِنَا، وَاُسْتَاذِنَا وَمُعَلِّمِيْنَا وَمُؤَدِّبِيْنَا
وَمُرَبِّيْنَا، وَلِمَنْ عَلَيْنَا حَقُّهُ مِنْ اَهْلِ
الدَّعْوَةِ وَاَوْلَادِنَا الصِّغَارِ وَالْكِبَارِ

وَيُهْلِكُ حَرْثَهُمْ وَنَسْلَهُمْ وَيَأْخُذُهُمْ
اَخْذَ الْقُرٰى، وَهِيَ ظَالِمَةٌ اِنَّ اَخْذَهٗ
اَلِيْمٌ شَدِيْدٌ، بِحَقِّ سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهِ
الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ صَلَوَاتُ اللّٰهِ
عَلَيْهِمْ اَجْمَعِيْنَ ۔

(૧) અલા કુલ્લે મુઝ્ઝિન વ ઝાલેમિન વ તાગિન વ બાગિન વ મુફ્સેદિન વ હાસેદિન વ મોતકબ્બેરીન ફીદ્દાઅવતે વનાકેસીનલ ઓહુદે વલ કાસેતીના વલ મારેકીન (૨) બેઅનલ્લાહાતઆલા યોહલેકોહુમ વ યોહલેકો હરસહુમ વ નસલહુમ વ યાઅખોઝોહુમ અખઝલ કોરા વહેયા ઝાલેમતુન ઇન્ના અખઝહુ અલીમુન શદીદ. બેહક્કે સૈયદેના મોહંમદીવ વઆલેહિત તૈયબીનત્તાહેરીન સલવાતુલ્લાહે અલયહિમ અજમઇન.

(૧) અય અલ્લાહતઆલા, તું લાઅનત બોલજે હર ઈઝા (તકલીફ) દેનાર પર, ઝુલ્મ કરનાર પર, ફીતનો કરનાર પર, બગાવત કરનાર પર, ફીસાદ કરનાર પર, અદેખાઇ (હસદ) કરનાર પર, એહલે દાઅવતમાંથી તકબ્બુરી કરનાર પર, મીઆદથી (વાઅદા) પલટી જાનાર પર, મીસાક તોડનાર પર, હકની રાહથી ભટકી જાનાર પર. (૨) અલ્લાહતઆલા તું તેઓને હલાક કરજે, તેઓના માલ-અસબાબને, એહલ-ઔલાદને બરબાદ કરજે અને તેઓની હસ્તીને મીટાવી દેજે, સબબ તેઓની હસ્તી ગુમરાહીભરી છે અને તેની હલાકી અલ્લાહતઆલા તરફથી સખત અઝાબ છે. આ દુઆ હમેં હમારા માલીક મોહંમદ (સ.અ.વ.વ.) અને આપની આલે અત્હરના વસીલાથી કરીએ છીએ. અલ્લાહતઆલાના સલવાત-સલામ આપ તમામ અવલેયા (અ.સ.) પર.

બાદ સજદો કરીને અસરનું સુન્નત પઢે.

➜ જુમ્આના દિન ઝોહરનું સુન્નત પઢતા પહેલા યા હર રોઝ ઇશાઇલ આખેરતના નાફેલત બાદ યા પહેલી રાતે "અકલે અવ્વલ" (બાવીસા) ની દુઆ બાદ "તસ્બીહુલ આઅઝમ" ની ૪ રકાત નમાઝ પઢવી ઘણી પસંદીદા છે. રસુલેકરીમ (સ.અ.વ.વ.) એ ફરમાયું કે મુમીન પર વાજીબ છે કે પોતાની ઝીંદગીમાં ફક્ત એક વાર પણ આ નમાઝ પઢે. જો કોઇ શખ્સ પૂરા ખુલુસથી આ નમાઝ અદા કરશે તો અગર તેના ગુનાહ વરસાદના ટીપા મુજબ, દરીયાના ફીણ મુજબ યા

بِاَنَّ اللّٰهَ تَعَالٰى يَرْحَمُ اَحْيَاهُمْ وَيُقَدِّسُ
اَرْوَاحَ مَوْتَاهُمْ وَيُحْسِنُ اِلَيْهِمْ وَيُرْفِقُ
بِهِمْ بِحَقِّ سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ
الطَّاهِرِيْنَ صَلَوَاتُ اللّٰهِ عَلَيْهِمْ اَجْمَعِيْنَ

(૧) વ અલા નીય્યતે જમીએ આબાએના વઅજદાદેના વ ઉમ્મહાતેના વ ઇખવાનેના વ અખવાતેના વ ખાલેના વ ખાલાતેના વ અમ્મેના વ અમ્માતેના (૨) વ અહલેના વ જીરાનેના વ ઉસ્તાઝેના વ મોઅલ્લેમીના વ મોઅદદેબીના વ મોરબ્બીના વ લેમન અલયના હક્કહુ મિન અહલિદ દાઅવતે વ ઔલાદેનસ સેગારે વલ કેબાર. બે અન્નલ્લાહાતઆલા યરહમો અહયાહુમ (૩) વ યોકદદેસો અરવાહે મવતાહુમ વ યોહસેનો એલયહીમ યુરફેકો બેહિમ બે હક્કે સૈયદેના મોહંમદીવ વ આલેહિત તૈયબીનત્તાહેરીન સલવાતુલ્લાહે અલયહિમ અજમઇન.

(૧) હમેં નિય્યત કરીએ છીએ કે હમારા તમામ બાવાજીઓ, હમારા બુઝુર્ગો, હમારી માઁઓ, હમારા ભાઇઓ, હમારી બહેનો, હમારા કાકાઓ, હમારી કાકીઓ, હમારા મામાઓ, હમારી મામીઓ, (૨) હમારા ખાનદાનના અફરાદ, હમારા પડોશીઓ, હમારા ઉસતાઝ, હમારા મોઅલ્લીમો, હમારે તમીઝો-અદબ શીખાવનાર, હમારી પરવરીશ કરનાર, અને દાઅવતના ઝુમ્રામાંથી જેઓનો હમારા પર હક્ક હોય, હમારા નાના-મોટા ફરઝંદો વાસ્તે હમે દુઆ ગુઝારીએ છીએ કે અલ્લાહતઆલા તેઓની હયાતી (ઝીંદગી) પર રહેમ કરે, (૩) તેઓમાંથી ગુઝરી ગયેલાઓની રૂહોની તકદીસ કરે, તેઓ વાસ્તે ખૈર કરે, તેઓ સાથે કુરબત રાખે. આ દુઆ હમેં હમારા માલીક મોહંમદ (સ.અ.વ.વ.) અને આપની આલે અતહરના વસીલાથી કરીએ છીએ. તે અલ્લાહતઆલાના સલવાત-સલામ આપ તમામ અવલેયા (અ.સ.) પર.

عَلٰى كُلِّ مُؤْذٍ وَّظَالِمٍ، وَطَاغٍ وَّبَاغٍ،
وَمُفْسِدٍ وَّحَاسِدٍ، وَّمُتَكَبِّرٍ فِي الدَّعْوَةِ
وَنَاكِثِي الْعُهُوْدِ، وَالْقَاسِطِيْنَ وَ
الْمَارِقِيْنَ ، بِاَنَّ اللّٰهَ تَعَالٰى يُهْلِكُهُمْ

ઝાડના પત્તા મુજબ લાતાઅદાદ હશે તો પણ અલ્લાહતઆલા તેને આ નમાઝ પઢવાથી માફ કરશે.

أُصَلِّيْ صَلٰوةَ التَّسْبِيْحِ الْاَعْظَمِ اَرْبَعَ رَكَعَاتٍ لِلّٰهِ عَزَّوَجَلَّ اَدَاءً مُسْتَقْبِلَ الْكَعْبَةِ الْحَرَامِ اَللّٰهُ اَكْبَرُ

નીચ્યત : ઉસલ્લી સલાતત તસ્બીહીલ આઅઝ્મે અરબઅ રકાતીન લિલ્લાહે અઝ્ઝા વ જલ્લા અદાઅન મુસ્તકબેલલ કાઅબતિલ હરામે અલ્લાહો અકબર. આ ચાર રકાતમાં "તબ્બતયદા" તક ચઢતી સુરત પઢે અને કીરાત પઢા પછી આ તસ્બીહ ૧૫ વકત પઢે.

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

તસ્બીહ : સુબ્હાનલ્લાહ વલહમ્દો લીલ્લાહ વલા ઇલાહા ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર.

તે પછી, રૂકુઅ દે અને રૂકુઅની તસ્બીહ પઢા પછી આ જ તસ્બીહ ૧૦ વાર પઢે. તે બાદ રૂકુઅમાંથી ઉભા થાય અને તસ્બીહ ૧૦ વાર પઢે, તે બાદ પહેલો સજદો કરે અને તેની તસ્બીહ પછી આ તસ્બીહ ૧૦ વાર પઢે, પછી બેસી ને "અલ્લાહુમ્મગફીરતી" પઢે, તે બાદ આ તસ્બીહ ૧૦ વાર પઢે અને બીજા સજદાની તસ્બીહ બાદ આ તસ્બીહ ૧૦ વાર પઢે અને પછી દોબારહ બેસીને ૧૦ વાર આ જ તસ્બીહ પઢે. આ મુજબ ચાર રકાત તમામ કરે.

તે બાદ નમાઝ પઢા પછી સજદામાં આ દુઆ પઢે,

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
سُبْحَانَ الْمَعْبُوْدِ فِيْ رُءُوْسِ الْجِبَالِ سُبْحَانَ الْمَعْبُوْدِ فِي الْاَوْدِيَةِ وَالْاَوْكَارِ سُبْحَانَ الْمَعْبُوْدِ بِكُلِّ شَفَةٍ وَلِسَانٍ سُبْحَانَ الْمَعْبُوْدِ فِيْ كُلِّ مَكَانٍ وَّزَمَانٍ سُبْحَانَ مَنْ لَا

يَشْغُلُهٗ شَانٌ عَنْ شَانٍ سُبْحَانَ مَنْ هُوَ هٰكَذَا وَلَا يَكُوْنُ هٰكَذَا غَيْرُهٗ سُبُّوْحٌ قُدُّوْسٌ رَبُّنَا وَرَبُّ الْمَلٰٓئِكَةِ وَالرُّوْحِ وَرَبُّنَا الْحَيُّ الَّذِيْ لَا يَمُوْتُ اَبَدًا اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ مُحَمَّدٍ وَّبَارِكْ وَسَلِّمْ

(૧) સુબ્હાનલ માઅબુદે ફી રોઉસીલ જેબાલે સુબ્હાનલ માઅબુદે ફીલ અવદેયતે વલ અવકાર (૨) સુબ્હાનલ માઅબુદે બે કુલ્લી શફતીન વ લસાને સુબ્હાનલ માઅબુદે ફી કુલ્લે મકાનીવ વ ઝમાન (૩) સુબ્હાના મન લા યશગોલોહુ શાનુન અન શાનીન સુબ્હાના મન હોવા હાકઝા વલા યકુનો હાકઝા ગૈરોહુ સુબ્બુહુન કુદ્દુસુન રબ્બોના વરબ્બુલ મલાએકતે વર્રુહે વ રબ્બોનલ હય્યુલ્લઝી લા યમુતો અબદન અબદા વ સલ્લલ્લાહો અલા ખૈરે ખલકેહી સૈયદેના મોહંમદીવ વઆલેહિત તૈયેબીનત તાહેરીન સલવાતુલ્લાહે અલયહીમ અજમઇન.

(૧) તસબીહો તેહલીલ માઅબૂદે પાક અલ્લાહતઆલા વાસ્તે જે હર સીફત અને હર ચીઝથી મોનઝ્ઝહ (આઝાદ) છે, જેનો જલાલ પહાડોની ચોંટીઓ પર છે, તસબીહો તેહલીલ માઅબૂદે પાક વાસ્તે જેની કુદરત પહાડીઓની વાદીઓમાં અને પરીન્દાના ઘોંસલાઓમાં છે. (૨) તસબીહો તેહલીલ માઅબૂદે પાકની જેની ઝીક હર મુમીનના હોંઠ અને ઝબાન પર છે, તસબીહો તેહલીલ તે ઝાકે પાકની જે હર મકાન અને હર ઝમાનમાં મોજુદ છે. (૩) તસબીહો તેહલીલ તે ઝાતે અત્હરની જેને કોઇ અમર કે કોઇ ચીઝ મશગુલ કરી શકે નહિ, તસબીહો તેહલીલ તે ઝાતે પાકની જેની મીસીલ અને જેને બરાબર કોઇ બીજુ હોઇ શકે નહિ અને હમારો પરવરદીગાર ઝીન્દાહ-જાવેદ છે જેને કોઇ વક્ત મૌત આવતી નથી. હમારો તેમજ મલાઇકતે મોકર્રબીનનો રબ જ તસબીહો તકદીસને કાબીલ છે. અય અલ્લાહતઆલા સલવાત પઢજો મોહંમદ (સ.અ.વ.વ.) અને તેમની આલે અત્હર પર અને બરકત તેમજ સલામ બોલજો.

➜ આ દુઆ હરરોઝ મગરીબના ફરઝ પઢા પછી પઢવું ઘણું પસંદીદા છે. ખાસ તોર પર આ દુઆ મહિનાની પહેલી રાતે મગરીબના ફરઝ બાદ પઢાય છે,

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ مُحَمَّدٍ وَّ
شَرِّفْ بُنْيَانَنَا وَثَقِّلْ مِيْزَانَنَا وَاَفْلِحْ بِحُجَّتِنَا
وَاسْتُرْ عَوْرَاتِنَا وَطَهِّرْ قُلُوْبَنَا وَاَحْسِنْ اَخْلَاقَنَا
وَاَدْرِرْ اَرْزَاقَنَا وَاحْفَظْ اَمَانَتَنَا وَتَقَبَّلْ
مِنْ مُحْسِنِنَا وَتَجَاوَزْ عَنْ مُسِيْئِنَا وَاَصْلِحْ
ذَاتَ بَيْنِنَا وَلَا تَجْعَلْ فِيْهِ مُصِيْبَتَنَا اَللّٰهُمَّ
اِنَّا نَسْئَلُكَ جِنَانًا وَاَنْهَارًا وَنَعِيْمًا دَآئِمًا
مُبَارَكًا وَصُحْبَةَ الْاَبْرَارِ وَمُرَافَقَتَهُمْ فَلَا
تَحْرِمْنَا وَبِاللَّيْلِ وَالنَّهَارِ عَفْوَكَ وَرَحْمَتَكَ وَمَغْفِرَتَكَ
فَلَا تَفْتَشْ عَنَّا وَاَخْرِجْنَا مِنَ الدُّنْيَا سَالِمِيْنَ
فِيْ دِيْنِنَا وَدُنْيَانَا وَاَدْخِلْنَا الْجَنَّةَ اٰمِنِيْنَ
بِرَأْفَتِكَ وَاَصْلِحْ لَنَا اَبْدَانَنَا بِرَحْمَتِكَ يَا اَرْحَمَ
الرَّاحِمِيْنَ.

(૧) અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદીંવ વઅલા આલે મોહંમદીંવ વ શરીફ બુન્યાનના વ સક્કીલ મીઝાનના વફ્લેહ બેહુજ્જતેના (૨) વસ્તુર અવરાતના વ તહહીર કુલુબના વ અહસીન અખ્લાકના વ અદરીર અરઝાકના (૩) વહફ્ઝ અમાનતના વ તકબ્બલ મીમ મોહસેનેના વ તજાવઝ અન મુસીએના વસ્લેહ ઝાતા બયનેના વલા તજઅલ ફીહે મુસીબતના. (૪) અલ્લાહુમ્મા ઇન્ના નસઅલોકા જેનાનન વ અનહારન નઇમન દાએમન મુબારકવ વ સોહબતલ અબ્રાર વ મોરાફકતહુમ ફલા તહરીમના (૫) વ બીલ્લયલે વન્નહારે અફ્વક વ રહમતક વ મગફેરતક ફલા તકશઅ અન્ના વ અખરીજના મીનદ દુન્યા સાલેમીન ફી દીનેના વ દુન્યાના (૬) વ અદખીલ્નલ જન્નતા આમેનીન

બેરાફ્તેકા વ અસલેહ લના અબ્દાનના બેરહમતેકા યા અરહમર રાહેમીન. (૧) અય અલ્લાહતઆલા, તું સલવાત બોલજે મોહંમદ (સ.અ.વ.વ.) પર અને તેમની આલે અત્હર પર અને તું હમારી દીન-ઇમાનની બુનયાદ (ઇમારત) ને શરફ અને ઇઝ્ઝત બખશ, અને હમારા મીઝાનને નેક આઅમાલથી વઝનદાર (ભારી) કર, અને હમારા હુજ્જત (દાઇ) ના ઝરીઆથી હમને કામયાબી અતા કર. (૨) અને હમારા ઐબ (ઔરત) ને પરદો કર, અને હમારા દીલોને કુફ્રની નાપાકીથી પાકીઝા કર, અને હમારા અખલાકને બેહતરીન (અલ્લાહતઆલાના પસંદીદા) કર, અને હમારા રીઝકને ઝીયાદહ કર. (૩) અને હમારી અમાનતની હીફાઝત કર, અને હમારામાંથી મુમીન મુખલીસની દુઆને કુબુલ ફરમાવ અને ગુનેહગારને તારી રેહમતથી મેહરુમ કર, અને હમારે દરમ્યાન ઇસલાહ (મોહબ્બત) પૈદા કર અને તેમાં હમારા વાસ્તે મુસીબત કે તકલીફ ન કર. (૪) અય અલ્લાહતઆલા હમેં તારી બારગાહ માં સવાલ કરીએ છીએ કે તું હમને આખેરતમાં જન્નત, જન્નતી નેહરો, મુબારક અને હંમેશા બાકી રેહનાર જન્નતી નેઅમતો, ભલા અને નેક લોકો ની સોહબત અને તેઓની કુરબત (નઝદીકી) અતા ફરમાવજે અને આ તમામ નેઅમતોથી હમને મેહરુમ ન કરજે. (૫) હમેં દિવસ-રાત તારી મઆફી, તારી રેહમત અને તારી મગફેરતના તલબગાર છીએ, જેથી તું હમને નાઉમ્મીદ ન કરજે અને તું હમને દુનિયામાંથી હમારું દીન અને હમારી દુનિયાની કમાલીય્યત (બેલા-નુકસ) સાથે ગુઝારજે (મૌત આપજે). (૬) અને તું હમને જન્નતમાં તારી રેહમતથી સહી-સાલીમ દાખીલ કરજે. અય રહેમ કરનારાઓમાં સૌથી વધારે રહેમ કરનાર તારી રેહમતથી તું હમારા જીસ્મોને સેહત અને તંદુરસ્તી અતા કરજે.

મુસાફીરની નમાઝનું બયાન

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "અય રસુલુલ્લાહ કહો તમેં લોકોને કે, તમેં ઝમીનમાં ચાલો, સફર કરો અને પછી તમેં નઝર કરો કે અલ્લાહતઆલાએ આ ખલ્કને કઇ તરહ ઇબ્તેદા કીધી, પૈદા કીધી... બેશક અલ્લાહ હર ચીઝ પર કુદરત રાખે છે." આ સિવાય ઘણી જગા પર અલ્લાહતઆલા મુમેનીનને ઝમીનમાં સફર કરવાનું ફરમાન કરે છે, જેથી તે અલ્લાહની ખલ્કતથી ઇબરત હાસીલ કરે.

રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) એ ફરમાયું કે, "અલ્લાહ જલ્લા શાનોહુ એ મારી ઉમ્મતને એક એવો હદીય્યો આપો છે જે કોઇ બીજી ઉમ્મતને નથી આપો." પૂછનારે અરઝ કીધી કે, તે કઇ કરામત અને હદીય્યો છે. આપે જવાબ આપો કે, "સફરમાં રોઝુ મુકી દેવું અને નમાઝ કસર પઢવી, હવે જે શખ્સ આ મુજબ અમલ ન કરે તો બેશક તે શખ્સે અલ્લાહના આ હદીય્યાને રદ કીધો."

જે વકત મુમીન મુસાફીર એવી સફર કરે કે સફરમાં નમાઝ કસર પઢાય, પછી તે ઝમીનની સફર હોય કે દરીયાની, તો એના પર વાજીબ છે કે ત્રણ નમાઝોમાં કસર કરે. કસરનો મતલબ એ કે ઝોહર, અસર અને ઇશાઇલ આખેરતના ફરઝોની ચાર રકાત ને બદલે બે રકાત પઢે, મગરીબ અને ફજરના ફરઝ વાસ્તે કસર નથી. ઇમામ જાઅફરૂસ્સાદીક (અ.સ.) એ ફરમાયું કે, "જે શખ્સ સફરમાં ફરઝની પૂરી નમાઝ પઢે, કસર ન પઢે તેનાથી હું બરી છું, તે શખ્સ મારા શીઆમાં નથી." જે શખ્સ જાણી જોઇને સફરમાં કસરના બદલે પૂરી નમાઝ પઢે તો તે નમાઝને વાલે અને કસર પઢે.

સફર કરનાર શખ્સ, સફર વાસ્તે પોતાના ઘરથી નીકલે તે પહેલા, સફરમાં પોતાની સલામતી વાસ્તે અને સેહત-આફીય્યતથી ઘરમાં પાછો આવે તે વાસ્તે "કઝાઇલ હવાઇજ" ની બે રકાત નમાઝ પઢે અને સદકો કરે.

પહેલી રકાતમાં "અલ્હમ્દો" અને "કુલ હોવલ્લાહો અહદ"

અને બીજી રકાતમાં "અલ્હમ્દો" અને "કુલ યા અય્યોહલ કાફેરૂન"

નીય્યત : ઉસલ્લી સલાતા કઝાઇલ હવાઇજે રકઅતેને લિલ્લાહે અઝ્ઝા વ જલ્લા અદાઅન મુસ્તકબેલલ કાઅબતિલ હરામે અલ્લાહો અકબર.

નમાઝ પઢા પછી સજદો કરે અને આ દુઆ પઢે, "(૧) **અલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન. અલ્હમ્દો લિલ્લાહીલ્લઝી હદાના લીલ ઇસ્લામ. વ સલ્લલ્લાહો અલા મોહંમદીવ વઅલા અહલે બૈતેહી વ સલ્લમા. સુબ્હાનલ્લઝી સખ્ખરા લના હાઝા વમા કુન્ના લહુ મુકરેનીન. વ ઇન્ના એલા રબ્બેના લમુન્કલેબુન. (૨) અલ્લાહુમ્મા ઇન્ની અસ્તૌદેઓકા નફ્સી વ અહલી વ માલી વ દીની વ દુન્યાયા વ આખેરતી વ અમાનતી વ ખાતેમતા અમલી. (૩) અલ્લાહુમ્માહ ફઝની વહફઝ મા મએયા, વ બલ્લીગની વ બલ્લીગ મા મએયા બલાગકલ હસન. અલ્લાહુમ્મા વસ્સેઅ અલય્યા ફઝલકા, વ અત્મીમ અલય્યા નેઅમતેકા, (૪) વસ્તાઅમીલ્ની ફી તાઅતેકા, વજઅલ રગબતી ફીમા ઇન્દકા વ તવફ્ફની અલા મીલ્લતેકા વ મીલ્લતે રસુલેકા, સલ્લલ્લાહો અલયહે વઅલા આલેહી."**

માઅના : (૧) તમામ તાઅરીફ અલ્લાહ વાસ્તે છે જે જહાનોનો પાલનહાર છે. હમ્દો સના અલ્લાહ વાસ્તે છે જેએ હમારી હીદાયત વાસ્તે દીને ઇસ્લામ ઇનાયત કીધું. સલવાત અને સલામ બોલજો અલ્લાહતઆલા રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) પર અને આપના એહલેબૈત (અ.સ.) પર. પાક ઝાત છે તે અલ્લાહ કે જેએ હમારે વાસ્તે આ સવારી (વાહન) ને હમારા કાબુમાં અને બસમાં કીધી અને હમેં કઇ તેને હમારા બસમાં કરી શકીએ નહીં અને હમેં હમારા રબ તરફ પલટનાર (લૌટનાર) છે. (૨) અય અલ્લાહતઆલા, હું મારી ઔલાદને, મારા ઘર-બારને, મારા માલ-અસ્બાબને, મારા દીન-દુનિયાના તમામ મોઆમેલાતને, મારી અમાનત-દૈનને તારા ભરોસે સોંપીને સફર પર જાઉં છું. (૩) અય અલ્લાહતઆલા તું મારી અને મારે સાથે જે કોઇ હોય તેની હીફાઝત કરજે, મને અને મારે સાથે જે કોઇ હોય તેને ખુશગવાર જગા પર પહોંચાવજે. અય અલ્લાહતઆલા, તારા ફઝલો કરમને મારા વાસ્તે કુશાદા કરજે, તારી નેઅમતને મારા પર તમામ કરજે, (૪) મને તારી તાઅત પર ચાલનાર કરજે, તારે તરફથી જે ચીઝ ખૈર હોય તેમાં મને રગબત અપાવજે અને તારા દીન પર અને તારા રસુલ (સ.અ.વ.વ.) ની પાક મીલ્લત પર મને મૌત આપજે. સલવાત પઢજો અલ્લાહતઆલા રસુલે મકબૂલ (સ.અ.વ.વ.) પર અને આપની આલે અત્હર પર.

ઘરથી બાહર નીકલતા ત્રણ-ત્રણ વાર કહે :

અલ્લાહો અકબર, બીલ્લાહે અખરોજો, બીલ્લાહે અદખોલો.

જે વક્ત વાહન યા સવારી પર સવાર થાય તો પહેલા જમણો પગ મૂકે અને આ મુજબ સાત-સાત વાર કહે :

બીસ્મીલ્લાહે વલ્લાહો અકબર, સુબ્હાનલ્લાહ, અલ્હમ્દો લીલ્લાહ, અલ્લાહો અકબર, લાઇલાહા ઇલ્લલ્લાહ.

→ જે શખ્સ પોતાના મકાનથી સફરનો ઇરાદો કરે અને એ હદ તક જાય કે તેને જાતા અને ઘર તરફ પાછા આવતા ૩૮.૬ કી.મી. (બે બરીદ, ૨૪ મીલ) થાય તો તે શખ્સ નમાઝને કસર પઢે. જે જગા સફર કીધી હોય તે જગામાં દસ યા તેથી ઝીયાદહ દિન રહેવાની નીચ્યત કીધી હોય તો નમાઝ પૂરી પઢે.

→ હવે જે શખ્સ સફર કરે અને એના મેહરમદાર ના મકાનમાં તે રહેવાનો હોય અને એના રહેવા તક પાંચે ફરઝની નમાઝનો વક્ત આવી જાતો હોય અને તે શખ્સે એના મેહરમદારને જોયા હોય તો એ નમાઝ પૂરી પઢે.

→ જે શખ્સ વેપારી હોય યા ઘણી મીલ્કતોનો માલીક હોય અને તેને રોઝ કામના સીલસીલામાં સફર કરવી પડતી હોય તો તે નમાઝ પૂરી પઢે.


→ કોઇ શખ્સ સફર કરે અને એવી જગા પર જાય જે જગામાં કોઇ એના મેહરમદાર ન હોય યા દસ દિનથી ઝયાદહ રહેવાની નીચ્યત ન કીધી હોય અને તે જગા એની પોતાની માલીકીની હોય તો જહાં તક તે શખ્સ રહે વહાં તક પૂરી નમાઝ પઢે.

→ મક્કએ મોઅઝ્ઝમમાં બયતુલ્લાહ વાકેઅ છે અને તે પૂરી ઝમીનનું મરકઝ છે તેથી તેમાં મુસાફીર પૂરી નમાઝ પઢે.

<u>કસર નમાઝની નીચ્યત</u> :

ઉસલ્લી ફરઝા સલાતીઝ ઝોહરે/અસરે/ઇશાઇલ આખેરતે રકઅતૈને કસરન લીલ્લાહે અઝ્ઝા વ જલ્લા અદાઅન મુસ્તકબેલલ કઅબતીલ હરામે અલ્લાહો અકબર.

→ મુસાફીર સફર દૌરાન કયા મેહરમદાર યા ગૈર મેહરમદારને જોઇ જેથી તે નમાઝ કસર યા પૂરી પઢે તેનો તમામ ખાકો આ મુજબ છે :



કબીસાનું બયાન

➔ હીજરી સાલના આખરી મહીના ઝીલહજ્જના ૨૯ અય્યામ ને બદલે ૩૦ અય્યામ થાય તો તે સાલને કબીસાનું સાલ કહેવાય. રસુલેખુદા (સ.અ.વ.વ.) એ મક્કાથી મદીના હીજરત કીધી, તે વાકેઆને આજે ૧૪૨૫ સાલ થયા છે. અપના અઇમ્મતે તાહેરીને (અ.સ.) કબીસાના કાનુનને એ મુજબ તરતીબ આપો છે જેથી આજ તક અય્યામની ગીન્તીમાં કોઇ ખામી કે વધ-ઘટ વાકેઅ થઇ નથી. કાનુન મુજબ ૩૦ સાલના અરસામાં ૧૧ કબીસા આવે છે. ૧૪૨૫ વરસોને ૩૦ સાથે ભાગાકાર કરવામાં આવે તો ૪૭ વાર ૩૦-૩૦ સાલ ગુઝરી ચુકા છે અને આ સાલ ૪૮ માં ૩૦ સાલનું ૧૫ મું વરસ છે. ૧૪૦૧ થી ૧૫૦૦ તક કયું સાલ કબીસાનું સાલ છે તે નીચે ફેહરીસ્તમાં આપેલું છે.

૧૪૦૧	૧૪૨૬	૧૪૫૦	૧૪૭૫
૧૪૦૪	૧૪૨૯	૧૪૫૩	૧૪૭૮
૧૪૦૭	૧૪૩૧	૧૪૫૬	૧૪૮૦
૧૪૦૯	૧૪૩૪	૧૪૫૯	૧૪૮૩
૧૪૧૨	૧૪૩૭	૧૪૬૧	૧૪૮૬
૧૪૧૫	૧૪૩૯	૧૪૬૪	૧૪૮૯
૧૪૧૮	૧૪૪૨	૧૪૬૭	૧૪૯૧
૧૪૨૦	૧૪૪૫	૧૪૬૯	૧૪૯૪
૧૪૨૩	૧૪૪૮	૧૪૭૨	૧૪૯૭
		૧૪૯૯	

હવે પછીના કોઠા (ટેબલ) નો સમઝ એ છે કે મોહર્રમની ૬ તારીખ અને શેહરૂલ્લાહની પહેલી તારીખ એક જ વારે આવશે અને મોહર્રમની ૫ તારીખ અને અરફાનો દિન એક જ વારે આવશે. તે મુજબ સફર મહીનાની ૪ તારીખ અને શહેરૂલ્લાહની પહેલી તારીખ એક જ વારે આવશે, અને સફરની ૩ તારીખ અને અરફાનો દિન એક જ વારે આવશે. આ મુજબ બીજા તમામ મહીનાની તારીખનો ઇત્તેફાક છે.

શેહરૂલ્લાહની પહેલી તારીખ	મહીનાના નામ	યૌમે અરફા
૬	મોહર્રમ	૫
૪	સફર	૩
૩	રબીઉલ અવ્વલ	૨
૮	રબીઉલ આખર	૭
૭	જમાદીલ અવ્વલ	૬
૫	જમાદીલ આખર	૪
૪	રજબ	૩
૨	શાબાન	૧
૮	રમઝાન	૭
૬	શવ્વાલ	૫
૫	ઝીલકાદ	૪
૧૦	ઝીલહજ્જ	૯

રસુલેકરીમ (સ.અ.વ.વ.) ની હદીસે પાક છે કે રજબ મહીનાની ૪ તારીખ, શેહરૂલ્લાહની પહેલી તારીખ અને ઇદુલ અઝહા નો દિન એક જ વારે આવશે. અને રજબ મહીનાની ૫ તારીખ, રોઝે કદર અને રોઝે ગદીર એક જ વારે આવશે. અને રજબ મહીનાની ૬ તારીખ, ઇદુલ ફીત્ર અને મોહર્રમની પહેલી તારીખ એક જ વારે આવશે.

રજબ મહીનાની તારીખ		
૪	શેહરૂલ્લાહની પહેલી તારીખ	ઇદુલ અઝહા ૧૦ ઝીલહજ્જ
૫	રોઝે કદર ૨૩ રમઝાન	રોઝે ગદીર ૧૮ ઝીલહજ્જ
૬	ઇદુલ ફીત્ર ૧ શવ્વાલ	મોહર્રમની પહેલી તારીખ

ગ્રહણના પૂરા સાલ પર જે તઅસ્સૂરાત થાય છે તેનું બયાન

રસુલે અકરમ (સ.અ.વ.વ.) એ હ.અલી (અ.સ.) ને સૂરજ અને ચાંદના ગ્રહણની માઅલુમાત અને તેના ઝમીન પર કઇ તરહના તઅસ્સુરાત પૈદા થાય છે તેનું ઇલ્મ બખ્શું. સૂરજ અને ચાંદનું ગ્રહણ જે મહિનામાં થાય તેના સાલની શું કૈફીય્યત હશે તેનું મુખ્તસર બયાન નીચે મુજબ છે.

મહિનો	સાલની કૈફીય્યત
મોહર્રમ	- અલ્લાહતઆલા તેમાં અઝીમ બલા નાઝીલ કરશે, લોકોમાં ફીતનો-ફસાદ પૈદા થાશે, ઘણા લોકો હલાક થાશે.
સફર	- કહેતસાલી થાશે યાની વરસાદ ઓછો પડશે.
રબીઉલ અવ્વલ	- ખુશહાલી હશે યાની વરસાદ ઘણો પડશે અને લોકોની રોઝી કુશાદા થાશે.
રબીઉલ આખર	- હવા ઘણી તેઝ ચાલશે, ગરમી વધારે પડશે અને મૌસમ નાદૂરુસ્ત હશે.
જોમાદીલ અવ્વલ	- ઠંડી ઘણી પડશે અને ચેપી બીમારીથી ઘણા લોકો હલાક થાશે.
જોમાદીલ આખર	- ખેતી ઘણી બેહતર થાશે, વરસાદ મોઅતદલ પડશે અને લોકોને હર ચીઝની આસાની રહેશે.
રજબ	- ખુશહાલી હશે અને લોકોને હર કામમાં ખેર અને બરકત હાસીલ થાશે.
શાબાન	- લોકોમાં ઇખલાસ અને મોહબ્બત કાઇમ થાશે જેથી તેઓ સુકુન અને ભાઇચારાથી રહેશે.
રમઝાન	- જુમ્આના દિન ઘણા લોકો વફાત થાશે.
શવ્વાલ	- લોકો દરમ્યાન નાઇત્તેફાકી, ઝઘડો, ફીતનો અને ફસાદ થાશે તેમાં ઘણાં લોકો હલાક થાશે.
ઝીલકાદ	- વરસાદ ઘણો પડશે અને લોકો ખુશહાલ હશે.
ઝીલહજ્જ	- અરબના મુલ્કો વાસ્તે બદહાલી હશે, જંગ અને કત્લોગારત થાશે. વરસાદ ઘણો પડશે અને હાજીઓને તેમના જાનોનો ખોફ થાશે.

અગર એક જ મહિનામાં સૂરજ અને ચાંદ બેવેનું ગ્રહણ થાય તો તે સાલમાં ઘણાં બચ્ચા વફાત થાશે.

સુન્નતે નિકાહ – આદાબે ઝેફાફ

નિકાહ કરવામાં મુમીન રગબત રાખે અને તવજ્જોહ કરે તે વાસ્તે અલ્લાહતઆલા કુરઆને પાકમાં ફરમાવે છે કે, "અલ્લાહે તમારા વાસ્તે તમારા જ જીન્સ (જાનો) માંથી જોડકાઓને પૈદા કીધા છે, જેથી તમે લોકો એનાથી સુકુન હાસીલ કરો અને તેએ તમારા દરમ્યાન મોહબ્બત અને હમદર્દીનો માહૌલ પૈદા કીધો છે." અને હજી ફરમાવે છે કે, "તે અલ્લાહ એ છે કે જેએ પાણીથી બશર (ઇન્સાન) ને પૈદા કીધો, પછી તેને ખાનદાનવાલો અને સસુરાલવાલો બનાવો અને તમારો પરવરદીગાર કુદરતવાલો છે." અને બીજી આયતમાં હુકમ કરે છે કે, "મુમીન મરદ પર લાઝીમ છે કે એક પાક-સીરત મુમેના બૈરો સાથે નિકાહ કરે અને ઝીંદગીને આરાસ્તા કરે."

ઇમામ જાઅફરૂસ્સાદીક (અ.સ.) આપના આબાઓ-અજદાદથી રીવાયત કરે છે કે, "રસુલે અકરમ (સ.અ.વ.વ.) એ ફરમાયું છે કે "જે શખ્સ ઇમ ચાહે કે અલ્લાહને પાક-સાફ, તૈયબ-તાહેર બનીને જઇ મીલે, તો એને કહો કે શાદી કરે અને કોઇ એકને પણ પોતાના ઝોજા (બૈરો) બનાવે અને પરહેઝગાર થાય." અને આપ (સ.અ.વ.વ.) એ ફરમાયું કે, "જે શખ્સ ઇમ ચાહે કે તે મારી ખસલત અને ફીતરત ઉપર હોય તો એને કહો કે મારી સુન્નત ઉપર ચાલે, બેશક નિકાહ કરવું મારી સુન્નતમાંથી છે." અને આપ (સ.અ.વ.વ.) એ ફરમાયું કે, "કોઇ શખ્સ જવાનીમાં શાદી કરે તો શયતાન ચીખી-ચીખીને વાવયલા આહો-બુકા કરીને પુકારે છે કે આ જવાને પોતાના દીનના બે-તીસરા હિસ્સાને મારા વસવસાથી બચાવી લીધો, હવે એ બંદાને કહો કે બાકીના એક-તીસરા હિસ્સામાં અલ્લાહથી ડરતો રહે અને અમલે સાલેહમાં તે હિસ્સો ગુઝારે." આપ (અ.સ.) એ ફરમાયું કે, "રસુલેસકલેન (સ.અ.વ.વ.) ના અસહાબોમાંથી જે વકત કોઇ શાદી કરતું તો આપ હરવકત કહેતા કે "કમોલા દીનોહુ" તેનું દીન કામીલ (પૂરેપૂરું) થયું." આપ (અ.સ.) ફરમાવે છે કે, "એક વકત ઉસમાન બીન મઝઉન રસુલેઅકરમ (સ.અ.વ.વ.) પાસે આવા અને અરઝ કીધી કે મને એવો વિચાર થાય છે કે મેં મારી બૈરો ખૌલાને મારા વાસ્તે હરામ કરી દઉં. આપે ફરમાયુ કે અય ઉસમાન, એ અમલ ન કરજો. સબબ કે જે વકત અબ્દે મુમીન પોતાનાં બૈરોનો હાથ પકડે છે તો અલ્લાહ એને વાસ્તે દસ નેકીઓ લખે છે અને એનાથી દસ બદીઓને મીટાવે છે, પછી જો એના બૈરોને બોસો દે (ચૂમે) તો અલ્લાહ એના વાસ્તે એક સો નેકીઓ

લને છે અને એક સો બદીઓ ને મીટાવે છે, અને જો એ બંદો એના બેરોથી કરીબ થાય (જેમાસ કરે) તો અલ્લાહ એના વાસ્તે એક હઝાર નેકીઓને લખે છે અને એક હઝાર બદીઓને મીટાવે છે અને એ બેવેને પાસે ફરીશ્તાઓ હાઝર થાય છે અને જે વક્ત તેઓ જનાબતનો ગુસ્લ કરે છે તો બેવેના બાલ પર થી પાણીના જે કતરા પડે છે, તે કતરાના બદલામાં અલ્લાહ એક-એક હસનત (નેકી) લખે છે અને એક-એક સૈયેઅત (બદી) ને મીટાવે છે. જો આ ફરઝનો ગુસ્લ કોઇ ઠંડી રાતમાં ઉતારે તો અલ્લાહ ફરીશ્તાઓને કહે છે કે તમેં જાણો છો કે આ મારા બેવે બંદા આ મુજબની ઠંડી રાતમાં ગુસ્લ કરી રહ્યા છે, એ જાણીને કે હું એ બેવેનો પાલનહાર છું, તો મેં તમને શાહીદ રાખીને કહું છું કે તે બેવેના ગુનાહોને મેં મઆફ કીધા અને જો તે રાતમાં તેઓના ફરઝંદનો હમલ રહેશે તો તે ફરઝંદ તેઓના વાસ્તે આંખની ઠંડક બનશે અને જન્નતમાં ખાદીમ થાશે. તે પછી રસુલેઅકરમ (સ.અ.વ.વ.) એ ઉસ્માનના સીના પર પોતાના હાથને ફીરાવીને ફરમાયુ કે, અય ઉસ્માન, મારી સુન્નતથી મૂંહ ન ફીરાવો, સબબ કે જે શખ્સ મારી સુન્નતથી મૂંહ ફીરાવશે તો કયામતના દિન એના સામે ફરીશ્તાઓ આવશે અને એના મૂંહને મારા હૌઝથી (હૌઝે કૌસર અને આબે સલસબીલ) ફીરાવી લેશે.

આપ (અ.સ.) એ ફરમાયુ કે જે વક્ત મરદે મુમીન પોતાના બેરોને કરીબ થાય છે (જેમાઅ કરે છે) તો બે ફરીશ્તા તે મરદને પોતાના દામનમાં લે છે અને તે મરદની મીસાલ તે શખ્સની છે, જે રાહે ખુદામાં તલવારને ખુલ્લી કરે છે. રસુલેમકબુલ (સ.અ.વ.વ.) એ ફરમાયુ કે જેમ જેમ બંદાનું ઈમાન વધે છે, તેમ તેમ તેના બેરો તરફ તેની મોહબ્બત વધે છે. અને આપે ફરમાયુ કે નબીયોને ત્રણ ચીઝો આપવામાં આવી છે, જે સુન્નતે મોઅક્કેદા છે અને તે પર અમલ કરવો મુસ્તહબ છે, (૧) અતર (ખુશ્બુ) લગાવવું (૨) દાતન કરવું અને (૩) શાદી કરવી.

રેસાલત-મઆબ (સ.અ.વ.વ.) એ ફરમાયું કે તમારી દુલ્હનને પોતાના શૌહરના ઘરમાં ઝેફાફ કરવા (યાની મરદ અને તેના બેરોની શાદી પછીની પહેલી રાત) રાતમાં જ મોકલો અને દિનમાં લોકોને શાદીનું જમણ જમાડો અને આપે ફરમાયુ કે ત્રણ ચીઝોમાં રાતે ઉજાગરો કરવો જોઇએ (૧) રાતમાં ઉઠીને નમાઝ-કુરઆન પઢવામાં, (૨) ઇલ્મને શીખવામાં યા તલબ કરવામાં અને (૩) દુલ્હનના ઝેફાફમાં. અને આપે ફરમાયુ કે તમારામાંથી હરએકને પોતાના બેરો વાસ્તે તૈયારી કરવી જોઇએ યાની ચોખ્ખા થાવું જોઇએ, જે મુજબ એ ખુદ ચાહે છે કે એના બેરો

પણ એના વાસ્તે તૈયાર થઇને એના સામે આવે. રસુલેકરીમ (સ.અ.વ.વ.) એ ફરમાયુ કે જે વક્ત મરદના ઘરમાં તેની દુલ્હન આવે અને પહેલી વક્ત તેને સાથે રાત ગુઝારે (ઝેફાફ કરે) તે વક્ત તેઓને કહો કે બે રકાત નમાઝ પઢે અને તેની દુલ્હનની પેશાની પર હાથ ફીરાવે અને આ મીસીલ દુઆ પઢે, "**અલ્લાહુમ્મા બારીક લી ફી અહલી વબારીક લહા ફીય્યા વમા જમાઅતા બયનના ફી ખૈરીન.**" યાની "અય પરવરદીગાર તું મારા વાસ્તે મારા અહલમાં (નસલમાં) બરકત બોલજે અને એના વાસ્તે મારામાં બરકત બોલજે અને તું મારા અને મારા બેરોમાં ઇત્તેફાક પૈદા કરે તો ભલાઇ અને ખુશ-બખતી અને બરકતના સાથ પૈદા કરજે અને જે વક્ત હમારામાં તું જુદાઇનો ફેસલો કરે તો પણ ખૈર અને ભલાઇ સાથે કરજે." પછી આ મીસીલ કહે, "**અલહમ્દો લીલ્લાહીલ્લઝી હદા ઝલાલતી વ અગના ફકરી વ અનઅશા ખોમુલી વ અઝ્ઝા ઝીલ્લતી વ આવા અયલતી વ ઝ્વ્વજ ઉઝ્બતી વ અખદમા મેહનતી વ આનસા વહશતી વ રફઆ ખસીસતી હમ્દન કસીરન તેયબન મોબારકન અલા મા આઅતયતા યા રબ્બે વઅલા મા કસ્સમતા વઅલા મા અકરમતા.**" યાની "તમામ હમ્દોસના તે અલ્લાહ વાસ્તે છે કે જે અલ્લાહએ મારી ગુમરાહીમાં હીદાયત, મારી મોહતાજગીમાં દૌલત, મારી ગુમનામીમાં નામવરી, મારી ઝીલ્લતની હાલતમાં ઇઝ્ઝત, મારી આવારગીમાં પનાહ, મારા કુંવારાપનમાં શાદી, મારા કામકાજમાં ખીદ્મતગુઝારી, મારી વેહશતમાં કરારીય્યત (સુકુન) અને મારી નીચાઇમાં ઉચાઇ અતા કીધી (નવ તરહની તકલીફો દૂર કરીને તેના બદલામાં નવ તરહની રાહતો બખ્શી). તે વાસ્તે તારો ઘણો ઘણો હમ્દ કરું છું અને પાકીઝા તેમજ મુબારક હમ્દ કરું છું. તુંએ જે ચીઝ મને આપી, અય મારા રબ અને મારી કીસમતમાં લખી અને મને કરામત બખ્શી તે ઉપર હું તારા વખાણ કરું છું."

આપ (અ.સ.) એ ફરમાયુ કે જે વક્ત કોઇ મરદ પોતાના બેરો સાથે હમબીસ્તરી કરવાનો ઇરાદો કરે તો પેહલે અલ્લાહનું નામ લે અને એનાથી બને એટલી દુઆ કરે અને કહે કે, "**અલ્લાહુમ્મા ઇન કઝયતા મીન્નીલ યૌમ ખલકન ફજઅલહો લકા ખાલેસન વલા તજઅલ ફીહે લીશ-શયતાને શીરકન વલા હઝ્ઝન વલા નસીબન વજઅલહો ઝકીય્યન વલા તજઅલ ફી ખલકેહી નકસન વલા ઝીયાદતન વજઅલહો એલા ખૈરે આકેબતીન.**" યાની "અય પરવરદીગાર અગર તુંએ મારાથી આજે કોઇ મખલૂકને પૈદા કરવાનો ફેસલો કીધો હોય તો તું એ મખલૂકને (ફરઝંદને) તારો ખાલીસ બંદો કરજે અને તેમાં તું શયતાન વાસ્તે કોઇ

કીસ્મની ભાગીદારી બરાબર યા ઝીયાદહ યા કમ, કોઇ પણ તરહનો એનો હિસ્સો ન કરજે અને એ ફરઝંદને સાફ-ચોખ્ખો પૈદા કરજે અને એની પૈદાઇશમાં કોઇ કમી યા ઝીયાદતી ન કરજે અને એ મૌલૂદને (બચ્ચાને) નેક અંજામ અતા કરજે."

પોતાના બૈરોથી કરીબ થાવાના (હમ બિસ્તરી કરવાના) આદાબ :-

(૧) મુકારેબત કરવામાં જલ્દબાઝી ન કરે અને પેહલે બેહતરીથી પોતાની મરદાનગીનો મુઝાહેરો કરે. પેહલે ખુબ મુલાએબત (રમતબાઝી, બોસાબાઝી) કરે, પછી પોતાની ઝકરને બૈરોના ફરજમાં દાખીલ કરે.

(૨) કીબ્લા રૂખ થઇને મુકારેબત ન કરે.

(૩) મુકારેબત વકત મરદને પોતાનું પાણી (મની) નીકલવાનો એહસાસ થાય તે વકત બૈરોના ફરજમાંથી પોતાના ઝકરને નીકાલે નહીં. રસુલે અકરમ (સ.અ.વ.વ.)ના કોલ મુજબ આમ કરવું મખફી કત્લ કીધા બરાબર છે.

(૪) બચ્ચું ઝોલીમાં જાગતું હોય તે વકત મુકારેબત કરવાની મનાઇ છે.

(૫) કોઇને મુકારેબત કરતા જોવું અંધાપાને વારીસ કરે છે.

(૬) મુકારેબત કરતી વક્ત બોલવાની મનાઇ છે. આમ કરવાથી ગુંગાપન ને વારીસ બનાવે છે.

(૭) ફજર થાવાથી સુરજના ઉગવા તક અને મગરીબના વકતથી આસ્માન પરથી સૂરખી (લાલી) જાવા તક મુકારેબત કરવું નાપસંદ કીધું છે.

(૮) તે રાત જેમાં ચાંદને ગ્રહણ લાગું હોય, તે દિન જેમાં સૂરજને ગ્રહણ લાગું હોય, તે દિન અને રાત જેમાં ઝલઝલો આવો હોય, આંધી અને તૂફાન આવું હોય, સૈલાબ યા કુદરતી આફત આવી હોય, આ તમામ વકતોમાં મુકારેબત કરવાથી દૂર રહેવું જોઇએ.

(૯) બૈરોના પાછલના હિસ્સા (નજાસત નીકલવાના રસ્તામાં) ને અંદર મુકારેબત કરવાની મનાઇ છે.

(૧૦) હર મહિનાની પહેલી, પંદરમી અને સત્તાવીસમી રાતે બૈરોથી મુકારેબત ન કરે, અગર આ રાતોમાં હમલ રેહશે તો તે ફરઝંદ અકલનું કાચુ અને કમઝોર હશે.

(૧૧) મુકારેબતથી ફારીગ થાય તો મરદ-બૈરો અલગ-અલગ તુવાલથી પોતાના જીસ્મને ગુસ્લ બાદ લૂછે, અગર એક જ તુવાલ ઇસ્તેમાલ કરશે તો બેવેના દરમ્યાન ઝઘડો અને તનાવ પૈદા થાશે.

(૧૨) ઇદુલ અઝહા (ઇદે કુરબાની) ની રાતે મુકારેબત ન કરે, અગર આ રાતે હમલ રેહશે તો તે ફરઝંદ છો (૬) આંગલીવાલો થાશે.

(૧૩) બુધવારની રાતે મુકારેબત કરવાથી પરહેઝ કરે, અગર અવલાદ થાસે તો ઝાલીમ અને ઝાલીમની મદદગાર થાશે.

(૧૪) રવિવારની રાતે મુકારેબત કરવાથી દૂર રહે, અગર અવલાદ થાસે તો અહમક અને કમઅકલ થાશે.

(૧૫) અઝાનના વકત મુકારેબત ન કરે, અગર ફરઝંદ થાસે તો મુમેનીન દરમ્યાન ફીતનો અને ફસાદ પૈદા કરશે.

(૧૬) બૈરોના હૈઝના અય્યામ દૌરાન મુકારેબત ન કરે, અગર આ અય્યામમાં હમલ રેહશે તો તે ફરઝંદ મોહમ્મદ (સ.અ.વ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ.વ.)નો અદાવતવાલો, શૈતાની આદત અને ખસલતનો થાશે. અલ્લાહના દીન અને તેના ઔલેયાનો મુન્કીર અને દુશ્મન થાશે.

(૧૭) બૈરો સાથે સોમવારની રાતે મુકારેબત કરવાથી જે હમલ રેહશે તેનો ફરઝંદ પૈદા થાસે તે વાલેદૈનની ખીદમત કરનાર અને અલ્લાહની નેઅમતનો શુક કરનાર થાસે.

(૧૮) મંગલવારની રાતે બૈરોથી મુકારેબત કરવાથી જે હમલ રેહશે તેનો ફરઝંદપાકીઝા, રહેમદીલ અને મુખલીસ થાશે.

(૧૯) જુમેરાતની રાતે પોતાના બૈરોથી કરીબ થાવું અફઝલ છે, આ રાતના હમલથી પૈદા થાનાર ફરઝંદ આલીમ અને હકીમ થાશે.

(૨૦) જુમઆની રાતે બૈરો હામેલા થાસે તો તે ફરઝંદ પરહેઝગાર અને દીનદાર થાશે.

ઝેફાફની રાતે યા મુકારેબત કરતા પહેલા બે રકાતની નમાઝ પઢે તેની નીય્યત :

" ઉસલ્લી સલાતા તલબીલ વલદીલ કરીમે રકઅતેને શુકરન લીલ્લાહે અઝ્ઝા વ જલ્લા અદાઅન મુસ્તકબેલલ કાઅબતીલ હરામે અલ્લાહો અકબર. "

પહેલી રકાતમાં " અલ-હમ્દો " અને " ઇન્ના અનઝલનાહો " અને બીજી રકાતમાં " અલ-હમ્દો " અને " વત્તીને વઝ-ઝયતૂન " પઢે. આ સુરતો યાદ ન હોય તો સુરતુન્નાસ અને સુરતુલ- ફલક પઢી શકાય છે. નમાઝનો સલામ વાલીને ઉપર બયાન થયેલી દુઆઓ પઢે અને અલ્લાહતઆલાથી પોતાની ઔલાદમાં ખૈર

ઈદ્દતની મીક

મરદની વફાત બાદ તેના બૈરો પર ઈદ્દત બેસવા બાબત અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "તમારામાંથી જે મરદો વફાત થઇ જાય અને તેઓ પોતાના બૈરાઓને મૂકી જાય તો તે બૈરાઓ ચાર મહિના અને દસ રાતો તક તરબ્બુસ કરે, ઈદ્દત બેસે અને ખુદને નિકાહથી રોકે."

રસુલે અકરમ (સ.અ.વ.વ.) ના એક બૈરોએ આપને સવાલ કીધો કે, અય રસુલલ્લાહ, ફલાના બૈરોનો મરદ એને મૂકીને વફાત થયો છે, તો શું એ બૈરો કોઇ ઝરૂરી કામ-કાજ વાસ્તે પોતાના ઘરથી બાહર નીકલી શકે છે ? રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાયું કે, અય બૈરો તમારા પર મને ઘણો અફસોસ અને રંજ થયો, આ તમને શું થઇ ગયું છે ? મેં નબી બનીને આવો તે પહેલા તમારામાંથી કોઇ બૈરોનો મરદ મરી જાતો તો એ બૈરો લીંડીઓ લેતી અને તેને એની પીઠ પાછલ ફેંકતી અને કહેતી કે મેં પૂરા એક સાલ તક આંખમાં સૂરમો નહિં આંજુ, બાલમાં કાંસકો નહિં ઘસુ અને મહેંદી નહિં લગાવું. મગર અય બૈરો હું તો તમને ફકત ચાર મહિનાને દસ રાતની જ ઈદ્દતનો અમર કરૂં છું, તે સાથ તમે સબર નથી કરતા ! તે બૈરો જેનો મરદ મરી ગયો છે, તેને કહો કે બાલને કંગી ન કરે, સૂરમો ન આંજે અને મહેંદી ન લગાવે અને જે મકાનમાં તે બૈરો ઇદ્દત બેસી હોય તે ઘરથી દિનમાં બાહર ન નીકલે અને એના ઘરને મૂકીને કોઇ બીજી જગા રાત ન ગુઝારે. તે ઝોજએ રસુલલ્લાહને અરઝ કીધી કે, યા રસુલલ્લાહ (સ.અ.વ.વ.) અગર એ બૈરોને કોઇ અહમ અને ઝરૂરી કામ વાસ્તે ઘરથો બાહર નીકલવાની ઝરૂરત પેશ આવે તો શ કરે ? આપે ફરમાયું કે, રાતના ઝવાલ બાદ યાની અડધી રાત બાદ પાછલી રાતના વકત પડદો કરીને નીકલે અને તે દિન મગરીબ બાદ અંધારામાં પડદો કરી ઇદ્દતના મકાનમાં પાછી આવી જાય. આ ઈદ્દતની મુદ્દત પૂરી થયા બાદ એ બૈરો બીજા નિકાહ કરી શકે છે. મરદના મૌત પછી એની બૈરોને ચાર મહિના અને દસ રાતની ઇદ્દત પાલવી જ જોઇએ, ચાહે તે બૈરો બાલીગ હોય, નાબાલીગ હોય, હૈઝવાલી હોય યા હૈઝ ન આવતો હોય, હામેલા હોય યા ન હોય. અગર હામેલા હોય અને ઇદ્દતની મુદ્દત પૂરી થયા પહેલા સુવાવડ થાય તો ઇદ્દતના બાકીના અય્યામ પૂરા કરે અને અગર તેને સુવાવડ ઇદ્દતની મુદ્દત પૂરી થયા બાદ થાવાની હોય તો જહાઁ તક સુવાવડ ન થાય વહાઁ તક ઇદ્દત બેસે.

ઇદ્દતમાં બેસનાર બૈરો મગરીબ પહેલા વુઝુ કરે અને તેમાં નીય્યત આ મુજબ લે :

અને બરકતનો તલબગાર થાય.

અલ્લાહતઆલાની બારગાહમાં દોઆ છે કે જમાઅતનાં તમામ ફરઝન્દોને તૈયેબહ, તાહેરહ, અફીફા અને બાઇસમત દુખ્તરો સાથે નિકાહખ્વાની નસીબ કરે કે જેથી પૈદા થનાર ઔલાદ જમાઅતે અલવીય્યાહની શાનો-શૌકત વધારે અને દાઇઝ્ઝમાન સૈયદના વ મૌલાના તૈયબ ઝીયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની મોહબ્બત, ઇતાઅત, તબાઅત અને ખિદમતને લઇ ઉઠી પોતાની આખેરત-આકેબતને સઁવારે.. આમીન.

રસુલે અકરમ (સ.અ.વ.વ.) એ ફરમાયું કે ત્રણ અમલો જાહેલીય્યતના ઝમાનથી ચાની રસુલે કરીમ રસુલ બના તે પહેલાના ઝમાનથી છે અને કયામતના દિન તક તે જારી રહેશે. (૧) સીતારાઓથી પાણી તલબ કરવું, (૨) ખાનદાનોમાં તાઅના દેવું અને એક-બીજાને નીચા પાડવા, ઇલઝામ લગાવવો અને (૩) મરદોના વફાત થાવા પર નૌહા કરવા. અને આપે ફરમાયું કે બે આવાઝ મલઉન છે, અલ્લાહ તેને હરગીઝ પસંદ કરતો નથી (૧) મુસીબતના વકત પર વાવયલા કરવા અને શીકાયત કરવી અને (૨) નેઅમત પર ગુન્ના (નગમા) ગાવા અને મૈયત પર ઝોર-ઝોરથી નૌહા કરવા. જે બૈરોનો મરદ ગુઝરી જાય તો તેના પર ચાર મહિના દસ રાત સોગ રાખવો દુરૂસ્ત છે પણ બીજા મરદો વાસ્તે જે કરીબના હોય યા રીશતેદાર હોય તો ફકત ત્રણ દિન સોગ પાલે. મૈયત પર ઝોર-ઝોરથી આહોઝારી, વાવયલા યા શીકાયત ન કરે, આમ કરવાથી ગુઝરનારની રૂહને અઝીય્યત અને તકલીફ પહોંચે છે.

તેથી હર મુમેના મુખ્લેસા પર લાઝીમ અને વાજીબ છે કે એહકામે ઇલાહી પર અમલ કરી, શરઇ-અખલાકી-સમાજી અને કુરઆની કાનૂનના એતેબારથી પોતાના વફાત થયેલા શોહર વાસ્તે બિલા કોઇ કુસુર અને બા-કાયદા ૪ મહિના અને ૧૦ રાત ઇદ્દત બેસે. આ ઇલાહી કાનૂન પાલવામાં કોઇ ચીઝનો બહાનો કે દલીલ જાઇઝ નથી. જે બૈરો આ હુકમ મુજબ અમલ નહિં કરે અને ઇદ્દતના મુકર્રરા અય્યામમાં કોતાહી અને કમી કરશે તો બેશક તે અલ્લાહતઆલાના ગઝબ અને અઝાબના શીકાર થાશે અને અલ્લાહ તેના ઘર અને ઔલાદમાંથી બરકતને ઉઠાવી લેશે.

ઇદ્દતની મુદ્દત પૂરી થયા બાદ ચાની ચાર મહિના દસ રાતો તમામ થયા બાદ તે દિનની મગરીબની નમાઝ ઇદ્દતના કપડામાં જ પઢે તે બાદ ગુસુલ કરે અને આ મુજબ નીચ્યત લે, "અલ્લાહુમ્મા ઇન્ની અગતસેલો લેતરકીલ અહદાદે બીસ્મીલ્લાહે અલ્લાહો અકબર." ગુસુલ કીધા બાદ ઇદ્દતમાંથી ઉઠે, સદકો કરે અને ઇસ્તીગફાર કરે.

"અલ્લાહુમ્મા ઇન્ની નવયતો હાઝા તોહુરી લેગુસ્લીલ અહદાદે વલે સલાતીલ મગરીબે વલ ઇશાઇલ આખેરતે વલે કુલ્લે સલાતીન ઉસલ્લીહા."

તે બાદ ગુસુલ કરે અને આ મુજબ નીચ્યત લે :

"અલ્લાહુમ્મા ઇન્ની અગતસેલો લીલ અહદાદે બીસ્મીલ્લાહે અલ્લાહો અકબર."

તે બાદ સફેદ કપડા પહેરીને, મગરીબની નમાઝ અદા કરે અને ઇદ્દત ઇબ્તેદા કરે.

- બેહતર તો એ છે કે બૈરો પોતાના ગુઝરી ગયેલા મરદના મકાનમાં જ ઇદ્દત બેસે. જો આ ન થઇ શકે તો જહાં મુનાસીબ લાગે વહાં બેસે. પણ જે મકાનમાં ઇદ્દત ઇબ્તેદા કરે તો તેના પૂરી થાવા તક તે ઘરને લાઝીમ રહે ચાની ઘરને બદલે નહિં.
- ઇદ્દતના દૌરાન બૈરો ચાહે તો હજ્જ પઢી શકે છે.
- ઇદ્દતના અય્યામમાં બૈરો સાદગીથી રહે. ઘરને અંદર બીજા બૈરો, ગૈરબાલીગ ટીકરા કે મેહરમદાર મરદો સિવાય બીજાને દાખીલ ન થાવા દે.
- ઘરના દરવાજા અને બારીઓ પર પડદા કરે જેથી કોઇની નઝર ન પડે.
- બૈરો ખાલીસ સફેદ કપડામાં રહે. પોતાના જીસ્મને ઝીનતની ચીઝોથી દૂર રાખે. મહેંદી ન લગાવે, માથામાં કંગી ન કરે, સુરમો ન આંજે, ઇતર ન લગાવે, લઝ્ઝતદાર જમનની ખ્વાહીશ ન કરે, ઝેવરાત ન પહેરે, બીજી રાહતની ચીઝોનો ઇસ્તેમાલ ઘણો કમ કરે.
- વફાત થયેલા મરદની મગફેરત વાસ્તે દુઆ કરે. ખેર અમલમાં, નમાઝમાં, કુરઆનખ્વાનીમાં અને ઝીકે એહલેબૈત (અ.સ.) માં પોતાનો વકત ગુઝારે.
- જે બૈરો તાઝીય્યત અને દીલાસો બંધાવવા ઘરમાં બેસવા આવે તો તેને સાથે બીજી દુનિયાની વાતો ન કરે, ગીબત ન કરે મગર સબરની ઇલ્તેજા કરે, અને મગફેરત વાસ્તે દુઆ કરે.
- અગર ઇદ્દત દૌરાન બૈરો બીમાર પડે, જાન ગુમાવવાનો ખતરો લાગે અને ઇલાજ કરવો બેહદ ઝરૂરી હોય યા બીમારી વધવાનો ખતરો હોય તો તબીબને ઘરમાં બોલાવે યા પડદો કરીને હોસ્પીટલમાં લઇ જાય.
- જે મકાનમાં ઇદ્દત બેસા હોય અને તે જગા જાનનો ખતરો હોય તો અડધી રાત બાદ તે જગા પરથી નીકલી બીજા મકાનમાં જઇ શકાય છે.
- મેહરમદાર ચાની જે ખુનના રીશતામાં હોય અને જેથી નિકાહ કરવા હરામ હોય. તેમાં દીકરો, પોતો, નવાસો, બાવાજી, ભાઇ, કાકા, મામા, માસા, કુઆ, બહેનના દીકરા, ભાઇના દીકરા, જમાઇ, સસરા, વગેરા.

અલ-મિસ્બાહ

ફક્ત જમાઅતે અલવીય્યાહના મુમેનીન વાસ્તે મખ્સૂસ.